
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું સાહિત્યકલા અને કલાસાહિત્યનું

વર્ષ ૩૯ અંક ૩
માર્ચ ૧૯૬૨



લખનૌના માટીકામનો નમૂનો
જુઓ આ અંકની 'કલાવાર્તા'માં

જ્ઞાન સંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું આજનાં ઘરોનું એકમાત્ર માસિક

તંત્રી · બચુભાઈ રાવત ૪૫૯

કુમાર

માર્ચ ૧૯૬૨ · અંક ૪૫૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે..

[આ વિભાગમાં પ્રકટ થતા જે પત્ર કે ચિત્ર, ફોટોગ્રાફમાં કોઈ મૌલિક વિચાર, સૂચના આદિની સત્વશીલતા તંત્રીને જણાશે તે તારાંકિત થશે અને તેને એક રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ફેબ્રુઆરી અંકમાં શ્રી હરિવલ્લભ ભાયાણી-એ 'આગ'ની આપેલી શબ્દકથાની અનુપૂર્તિમાં નીચેની હકીકત રસ આપશે:

સંસ્કૃત 'અગ્નિ'–પ્રાકૃત 'અગ્ગિ'–માંથી ઊતરી આવેલા 'આગ' જેવા શબ્દોનો વિસ્તાર યુરોપીઅન ભાષાઓમાં પણ પહોંચ્યો છે એમ લાગે છે. દાખલા તરીકે '
(અગૉન) રશિયન ભાષામાં, 'Ugnis' (ઉગ્નિસ) લિથુયાનિયન ભાષામાં,
(ઇગ્નિસ) લૅટિન ભાષામાં અને તે ઉપરથી અંગ્રેજી ભાષામાં Igneous આગ્નેય, Ignition–આગ, અને To ignite–આગ લગાડવી વગેરે અગ્નિસૂચક શબ્દો સંસ્કૃત 'અગ્નિ' શબ્દના આંતરરાષ્ટ્રીય પ્રવાસપથના માર્ગસૂચક સ્તંભો છે.

એ શબ્દકથામાં 'સંસ્કૃતમાં 'અગ્ગિ' અને પ્રાકૃતમાં 'અગ્નિ' એમ છપાયું છે તે છાપભૂલ (મુદ્રારાક્ષસ) છે એથી ઊલટું જોઇએ.

(લાડોલ) —લક્ષ્મીશંકર અ. જોષી

★જાન્યુઆરીના 'કુમાર'માં 'સો વર્ષ પૂર્વે ઈંગ્લંડમાં હિન્દી ભાષા બોલાતી હતી'એ શીર્ષક હેઠળ 'જિપ્સી' જાતિની ભાષામાં આવતા શબ્દો જોડે હિન્દી ને સંસ્કૃત-શબ્દોનું સામ્ય દર્શાવતા થોડાક શબ્દો આપ્યા છે. ઇંગ્લંડમાં જનહિ પરંતુ યુરોપના અનેક દેશોમાં 'જિપ્સી' બોલીના એવા સંખ્યાબંધ શબ્દો મળે છે, જે હિન્દી આદિ અનેક આર્ય ભાષાઓના શબ્દોને મળતા આવે છે. તે માંહેલા બીજા પણ વિશેષ શબ્દો વાચકોની જાણ સારુ અત્રે રજૂ કર્યા છે:

આપનાર: એપનાવવું; બાલ: વાળ; બલવાલો: બળવંત; બડો: વડો; બચ્ત: બખ્ત; બસ્ત: હસ્ત; બેસ્ટીદે: બેઠેલો; બિસ: વીસ; બુક: ભૂખ; બ્રશન્ડો: વરસાદ(વૃષ્ટિ); કામેલ: કામ (passion); કુત્તો: કૂતરો; ચલાર: ચાલવું; ચાર: ચારો; ચિભ: જીભ; છાવો: છૈયો; દૂદ: દૂધ; ડેર: ડર; દંત: દાંત; દેવલ: દેવ (god); દેલેલ: દીધેલું; દક: દસ; દ્રૂકે: દ્રાક્ષ; અમે: અમે (we); ગંદી: ગંધ; ગાંવા: ગાંવ (village); જર: જર (gold); લાચ: લાજ; લાલો: લાલ; લંગો: લંગડો; માચ: માખ; માની: (સિંધી) રોટલી; મુત્રર: મૂત્ર; નાઓ: નામ; ઓપરે: ઉપર; પંચ: પાંચ; કર: ઘર; રાતી: (લાલ) રાતી; સે: છે; સુ: શો (કેવો); રકલો: છોકરો; સાત: સાથ (સાથે); તાતો: તાત્તા (રોટલી); ત્રિન: ત્રણ; ચુમ: ચૂમવું; જાવન: જવું; પુચે: પૂછવું; મા: મા (નકારના અર્થમાં); માગ: માંગવું; માર: મારવું; હોયે: હા; પી: પીવું; સુણ: સુણવું; વવર: બીજું (અવર); લુણ: લૂણ; બાર: ભાર; સૂતે: સૂવું; તાઇરો: તારો; લે: લે(લેવું); સચ્ચી: સાચું; સોના: સોનું; જીવ: જીવવું; આવેસ: આવે છે; રમ: રમવું.

પાશ્ચાત્ય જિપ્સીઓની આ ભાષા 'રોમાની' કહેવાય છે. તે વિષે સંશોધકો ભિન્નભિન્ન કારણો આપે છે. એમાંનું એક કારણ: રમ એટલે રમવું–ભટકવું, એ પરથી ભટકતી જિપ્સી જાતિની ભાષાને 'રોમાની' નામ પડયું. એ રોમાની બોલીનાં આખાં ને આખાં વાક્યો પણ આપણી દેશી ભાષાને મળતાં આવે છે. તેના થોડાક નમૂના આ રહ્યા:

હંઇ તીરો કર: ક્યાં છે તારું ઘર?

ખાવા પીવા દુઈ શલ ત્રિશલ પ્રેહી નાવા: ખાવા-પીવા માટે બસેં ત્રણસેં મૂકીશ.

સ્તુન તન દેવલા દેમી બચ્ત: પવિત્ર દેવી, દે મને બખ્ત (ભાગ્ય).

મેરો બડો દેવલ દેલો બ્રશન્ડો: મારા મોટા પ્રભુએ મને વરસાદ દીધો...

'રોમાની' અને 'અંગ્રેજી' ભાષાની ભેળમભેળનો રમૂજી નમૂનો પણ નીચે આપું છું:

'As I was જાવીંગ to the ગાંવ, એક દિવસ I met on the road માઇ રો રોમાની છાઈ. I પૂછડ ચેઈ whether she come સરમંદે and she penne'd, તુ સે વાફો રોમાની.' (અર્થ: એક દિવસ જ્યારે હું ગાંમમાં જતો હતો ત્યારે માર્ગમાં મારી રોમાની છાઈ (છોડી) મળી. મેં એને પૂછ્યું કે એ સરમંદે (મારી સાથે આવશે?) અને તે બોલી: 'તને તો રોમાની વાફો (wife: પત્ની) છે ના?

ભાષાઓનું આ સામ્ય નિ:શંક પૂરવાર કરે છે કે જિપ્સીઓ ન તો ઈજિપ્તના, ન તો તુર્કિસ્તાનના; એમનું મૂળ વતન તો હિન્દ જ.

(કરાચી) —ફિરોઝશાહ રૂ. મહેતા

જ્યોત્સ્ના કાપડિયાને આંજણીનો ઉપાય: આ ઉપચાર મેં મારી જાતની, મારા પતિની તથા મારાં બાળકોની આંખો ઉપર અજમાવ્યો છે અને તે સફળ નીવડયો છે. જે ભાગ ઉપર આંજણી થઇ હોય તે સાધારણ ભીનો કરી સિંદૂર લગાડી દેવું. ફક્ત બે ત્રણ દિવસ લગાડવાથી બિલકુલ બેસી મટી જાય છે. તે લગાડયા પછીથી પાકતી નથી તથા મોટી થઈ ફાટતી નથી.

(આણંદ) —સવિતાબેન પટેલ

મારે બે પુસ્તકો ટપાલથી મોકલવાં હતાં. અંકો ગુમ કરતા પોસ્ટખાતાના ઉંદરો વિષે મેં 'કુમાર'ની ફરિયાદ વાંચેલી. તરત જ નિર્ણય બદલ્યો અને બીજી યુક્તિ અજમાવી. પોસ્ટમાં જઈ, પુસ્તકોના પૅકેટનું વજન કરાવી, જોઇતી ટિકિટની નોંધ કરાવી અને પછી પ્રત્યેક પૅકેટ ઉપર પાંચ નયા પૈસાની ટિકિટ ઓછી લગાવીને ત્યાંજ નૉટ પેઈડની પોસ્ટેજ ડયુ વાળી અર્ધગોળ છાપ છપાવીને પ્રત્યેક પૅકેટ લેનાર પાસેથી દસ નયા પૈસા વસૂલ થાય તેવો પ્રબંધ કરાવ્યો, જેથી તે પૈસા વસૂલ લેવા પોસ્ટખાતું પૅકેટ હાથોહાથ પહોંચાડશે. રજિસ્ટર્ડનો ચાર્જ ભારે પડે છે; પૂરી ટિકિટ ચોડું તો ઉંદરનો ભય છે. તેથી મેં રસ્તો લીધો.

આમાં નિયમનો ભંગ ન થતો હોય અને નીતિભંગનો ભય ન હોય તો પાંચ પૈસા અને ધારીએ તો તો એક જ નવો પૈસો ઓછો ચોડીને પૅકેટને હાથોહાથ પહોંચાડી શકાય છે. સિવાય કે સ્વીકારનાર પૈસો આપવાની પોસ્ટખાતાને ના પાડે. તો પૅકેટ પાછું હાથમાં આવી પડે.

(રાજકોટ) —કાસિમશાહ દર્દ

ભારત સરકાર દર વર્ષે જુદાંજુદાં ક્ષેત્રે સેવાઓ આપનાર વ્યક્તિઓને 'ભારતરત્ન', 'ભારતભૂષણ', 'પદ્મવિભૂષણ', 'પદ્મશ્રી' ઈત્યાદિ ખિતાબો આપી બિરદાવે છે. પૂ. રવિભાઇ તો કલાગુરુ ગણાય છે, તો એમણે ચિત્રકામના ક્ષેત્રે જે અનન્ય સેવા આપી છે તે ઓછી છે? તેમને પણ એવો ખિતાબ ન મળે?

—નવીનચંદ્ર જરાદી

જાન્યુઆરી અંકમાં શ્રી વોરાએ શ્રી ડાયરના મુક્તકના છંદ વિષેની ડિસેમ્બર અંકમાં પ્રગટ થએલી મારી ટીકા ઉપર ચર્ચા કરી છે. એમને કદાચ એ ખબર નથી કે હરિગીત છંદનું બંધારણ ગઝલના 'બહેરે રમલ'થી સહેજ ભિન્ન પ્રકારનું છે. બહેરે રમલ ૨૬ માત્રાનો છંદ છે અને તેનું બંધારણ નીચે પ્રમાણે છે:
ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા, ગાલગા

(મારી ટીકામાં ક્યાંક છાપવામાં ભૂલ થઈ છે.) વળી આ છંદપ્રકારમાં કાફિયા–રદીફનું બંધન શ્રી ડાયરે સ્વીકાર્યું છે તે સ્પષ્ટ કરે છે કે આ હરિગીત નથી, પણ રમલ છંદ છે; કારણ કે આ હરિગીતમાં બંધન હોતું નથી.

(નડિયાદ) —શ્રવણકુમાર જયસ્વાલ

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૯મે)

ક્ષિતિજ

· દ્રુતવિલંબિત ·

ક્ષિતિજની ભણી મેં ગતિ આદરી
અહિંની સીમથી દૂર સરી જવા,
અપરિમેય તણી શ્વસવા હવા,
ક્ષિતિજની ભણી મેં ગતિ આદરી.

ચરમ જે નયને લહી રેખ તે
ઊઘડતી—તરુકુંજ બને વન,
લઘુક તોયદખંડ બને ઘન,
સહુથી આવૃત હું... પણ સર્વને

નીરખું પાછળ દૂર વહંત ને
દિગ વિશાળ વિલીન લકીરમાં,
અગણ રૂપ શમે ત્યહીં એકમાં,
નીરખ્યું તે અણદીઠ બની રહે.

અવનવી ક્ષિતિજો ઊઘડયે જતી,
બહિર હું, હું જ ભીતર, એ સ્થિતિ!

રાજેન્દ્ર શાહ

મૌનમાં વાચા

· વંશસ્થ ·

પ્રગાઢ રાત્રિ! પથ સૂનકારમાં
થયો હતો લીન. કશો અવાજ ના.
સમાધિમાં વૃક્ષ. ન પર્ણ યે શ્વસે.
પ્રકાશ ઊભો પથ પાસ, ઝૂંપડી
થકી સરે ધૂમ્ર; અનેક કૈં રચી
જતો તહીં આકૃતિ, જે વિલીન થૈ
ચઢે ય ઊંચે હળવે અરે! કશું?
કદીય ના જે ઊઘડયાં ઉરો તણું
અદીઠ એ મૌન થતું જ વાચ્ય આ!
અજાણ વ્યાપ્યે જતી ઘટ્ટ રાત્રિ...!

યોસેફ મૅકવાન

એ જ હાથોમાં છે મારી જિંદગી
સાચવી જે ના શકયા મેંદીનો રંગ.

'આદિલ' મન્સૂરી

સો મળે મોતી ડૂબીને
એક વેળા કોઇને,
ડૂબકી સો ખાઇ ના
લાધે છિપોલી કોઇને;
શકય છે એ ભાગ્યના
સાફલ્યથી જીવનરકાસ,
મારે મન નિષ્ફળ નવાણું
યત્ન છે જીવનવિકાસ.

'મોમિન'

હું તું

હું ગગન અને તું ધરતી.
શીતલ ઊજળી ચાંદની મારે તવ ઉર સાગરભરતી!
પ્રિય, હું ગગન અને તું ધરતી!
તું નીકળે નિત અભિસારે, હું તલસું મારે દ્વારે;
અનુરૂપ થાવા ઉભય હૃદયની આરત શી મર્મરતી!
તું ઋતુએ ઋતુએ નૂતન,
હું પલકું તોય પુરાતન;
ભાવસભર હું મૌન, સદા તું ગીત મધુર નિર્ઝરતી!
શી પ્રીત અને શાં બંધન!
નવા પામું તવ પરિરંભન.
તું જમુના હું કદંબ, મારી છાયા તુજમાં તરતી!
હું ગગન અને તું ધરતી!

હેમન્ત દેસાઈ

વારવાર

· મનહર ·

સંધ્યાકાશે પલકે એ કોની ઋજુ પાંપણોનો પલકાર
વારવાર?
વહી રહ્યા વાયુ મહીં કોનો મૃદુ સ્પર્શ લહું પારાવાર
વારવાર?
નયનમાં તરી રહ્યાં કમલનાં ફૂલ મહીં કોના મધુ
મુખનો તે આવી રહ્યો અણસાર
વારવાર?
કોના તે આ પદધ્વનિ મહીં ધીરે સુણી રહું
લયાન્વિત કવિતાનો ભણકાર
વારવાર?

નલિન રાવળ

તું

· શિખરિણી ·

તને જોતાં મારું મન થનગને; દષ્ટિ 'નુભવે
રસોત્કર્ષે તૃપ્તિ; તુજ, અયિ, કશી રૂપરમણા!
સ્મિતોલ્લાસે તારે નિખિલ વિલસે વિશ્વ વિભુત્વં,
તું સૌન્દર્યાબ્ધિનો અરક; અહ શી મુગ્ધ ભ્રમણા!

પુરા લાધ્યા'તાં જે ગરલ વસમાં વારિનિધિનાં,
ગિરીશે પીધાં તે જગતહિતને કાજ; ઉપન્યું
અરે અંગાંગે શું જ્વલન! વિધુની રેખ નમણી
ગ્રહી સ્થાપી શીર્ષે; વિષઅગન થૈ શાન્ત ક્ષણમાં.

અહીં મારે યે આ ભવનિધિ તણાં નૈક કપરાં
પડે પીવાં ઇર્ષ્યા, મદ, કુટિલતા, દ્વેષ સમ કૈં
વિષો; હૈયે કિંચિત્ તદપિ લગીરે દાહ ન અને!
ઘટે એનો પૂરો સુયશ, પ્રિય રે, માત્ર તુજને.

તને રેખા જ્યોતિર્મય શશીતણી શુદ્ધ હું લહું;
જટાધારી—જેતા મનસિજ તણો—છો ન શિવ હું!

શંભુપ્રસાદ જોશી

પ્રભાતને પહોર

· વસંત-મૃદંગ ·

આ શાંત, સ્વસ્થ, કશી સૌમ્ય પ્રભાતવેળ!
નીચે કરું નજર તો હજુ ધુમ્મસે રસ્યાં
વૃક્ષો અને ઝરણ, નાનકી ટેકરીઓ.
ને, દૂર દૂર લગ વ્યાપૃત અંધકાર
ધીમે હવે સરકતો; અહિં મંદ આવે
નીચે તળેટી થકી સૂર પ્રવૃત્તિ કેરો;
હું આંહિ એકલ ચડી રહું પર્વતે આ.
હ્યાં પથ્થરોમહીંથી અંકુર ઘાસ કેરા
ડોકી રહ્યા, હજુ ય ઝાકળ-સ્વપ્ન-મગ્ન.
ને પાય હેઠળ દબાય શી સિક્ત માટી!
કૈં કેટલા સમય બાદ સુરમ્ય સ્પર્શ!
એવો જ સૌમ્ય બસ વાયુ વહી જતો હ્યાં.
(ઠંડી તણી ચમક છે હજુ આસપાસ.)
ત્યારે થતું: પ્રિયતમે! કદી હોત જો તું
સંગાથમાં... હળુથી સ્કંધ પરે ધરીને
બે હાથ ઊભત જરા. વળી અંગુલિઓ
ધારી કરેકર વહી પથ-પે રહેત.
ને મૌન મગ્ન પણ ગોષ્ઠિ અનેક મિષ્ટે
રાચી રહેત બસ આપણ ચાર આંખ.
આ કયાંકથી પુલકતો મીઠું મોગરો જે
તેવા સુહંત તવ ગાલ પરે રમંતી
એ કેશની લટતણે ઋજુ સ્પર્શ-અંગુલિ
મારી કશી અનુભવી મૃદુ ઘેન રહેત!
પેલાં... ત્યહીં ધવલ-વાદળપારથી જે
સોને રસેલ તડકો અહિં મંદ આવે,
તેવા પ્રકાશમહીં સાથ ઊભાં રહીને
કૈં મૌન-અર્ધ્ય રવિને ધરી રહેત આપણે.
જો હોત હ્યાં પ્રિયતમે! મુજ સંગમાં તું
વાર્ધકયમાંહી પણ ગુંજી વસંત રહેત
આ શાશ્વતી પ્રણયનું કશું મંજુ ગાન!
ચાલો, હવે હળુહળુ તડકો તપી રહ્યો;
ચાલો હવે.
નીરખવાં અહિં પર્ણપેથી
ઊડી અદરશ્ય બનતાં ઋજુ ઓસબિંદ.

'તુષાર'

કરવું નથી

લઇ શકે ના હૂંફ હૈયું એ નમન ગરવું નથી.
જિંદગી જા કોઇનું શરણું હવે કરવું નથી.
ઝરતાં જોયાં બજારે નેહ, અશ્રુ ને નજર?
રે સ્મરણ એવા જગતનું કોઇ સંઘરવું નથી.
આગ પી ને હેમ સમ કંઠાભરણ થાવું હતું,
રાખ થઇ જાવા હૃદયને આગમાં ધરવું નથી.
પંથ ખુદ ભરખી રહ્યા ને ભૂલવે સંગાથ જ્યાં,
તો ચરણ પાછાં વળો, ડગલું ત્યહીં ભરવું નથી.
ઝંખનાના જામનો જાણે નશો સંસાર આ!
સૌ મરે એવી રીતે આ જીવને મરવું નથી.

નરેન્દ્રકુમાર શુક્લ 'ગોરખ'

કારકુની કરતા પિતાની સાથે કરજદારોની જેલમાં શિક્ષણવિહોણો ઉછેર પામીને કિશોર

નવલકથાકાર ડિકન્સનો પરિચય કરાવવો એ સૂર્યના દર્શન કરાવવાનો પ્રયત્ન કરવા જેવું કે ગાંધીજીની 'આત્મકથા'નો સરળ ગુજરાતીમાં અનુવાદ કરવા જેવું જ હાસ્યાસ્પદ ગણાવું જોઇએ. એની નવલકથાઓથી કોઇપણ સાહિત્યરસિક અપરિચિત ન જ હોય. શેક્સ્પીઅરને જગતનો શ્રેષ્ઠ કવિ ને નાટકકાર ગણવો જ રહ્યો, તેમ ડિકન્સને ઇંગ્લંડનો સૌથી વધુ જાણીતો સાહિત્યકાર લેખવો જ જોઇએ.

નવલકથાની કળા અને એના તંત્ર વિષે વિચાર કરતાં ડિકન્સથી ચડિયાતા બીજા અંગ્રેજી નવલકારોનાં નામ કદાચ મળી શકશે; એનું મનુષ્યસ્વભાવનું જ્ઞાન કેટલા યે નવલકથાકારો કરતાં ઊતરતી કોટિનું જણાશે; એનો વાસ્તવવાદ બીજાઓની સરખામણીમાં ઊભો નહિ રહી શકે; વસ્તુસંકલનમાં સેંકડો નવલકથાકારો એને હરાવી શકે; એમ છતાં ઇંગ્લંડનો પ્રતિનિધિ લેખક કોણ એવો સવાલ કોઇ પૂછે તો એના જવાબ વિષે બે મત સંભવે જ નહિ. ડિકન્સ વિષે અનુકૂળ-પ્રતિકૂળ વિવેચનો ઘણાં લખાયાં છે, એની નવલકથાઓમાં શું શું નથી એ વિષે વિવેચકોને નવાનવા મુદ્દા મળ્યા જ કરે છે; તોપણ કેવળ ઇંગ્લંડમાં જ નહિ પણ જ્યાંજ્યાં અંગ્રેજી સાહિત્ય અનુવાદો દ્વારા વંચાય છે ત્યાંત્યાં પણ ડિકન્સની લોકપ્રિયતામાં કદી ઓટ આવી નથી. રશિયામાં પણ એની નવલકથાઓની લાખ્ખો નકલો આજે ય છપાય છે.

ગયા મહિનાની ફેબ્રુઆરીની સાતમી તારીખે એના જન્મની દોઢસોમી તિથિ જગતે ઊજવી એ જ એની અખંડ લોકપ્રિયતાની સાબિતી છે. અને ડિકન્સનો પરિચય આપવાની ધૃષ્ટતા કરવાનું કારણ પણ એ પ્રસંગ જ છે. માણસ મરી જાય ત્યાર પછી એનાં નિકટનાં સગાં ત્રણ પેઢી સુધી એનું શ્રાદ્ધ કરે એવો રિવાજ આપણામાં છે, પણ કોઇના મૃત્યુ પછી લાંબા ગાળે પણ એની જન્મતિથિ ઊજવાતી જોઇએ ત્યારે માની લેવું કે લોકોએ એને લોકોત્તર વિભૂતિ તરીકે સ્વીકારી લીધો છે. એની નવલકથા 'પિકવિક પેપર્સ'ના પ્રકાશનવર્ષની શતાબ્દી ઇંગ્લંડમાં ભારે ધામધૂમથી ઊજવાઈ હતી એ પણ યાદ રાખવા જેવું છે.

ડિકન્સનું જીવન એની નવલકથાઓનાં પાનાંમાં બધે પ્રતીત થાય જ છે, છતાં એનાથી એના પ્રશંસકોને સંતોષ થઇ શકે નહિ. એના જીવનનાં પ્રતિબિંબ નવલકથાઓમાં ક્યાં અને કેવી રીતે પડે છે એ જાણવાથી વાચનમાં મળતી અનુભૂતિમાં વધારો થાય. એટલે એનું ચરિત્ર ટૂંકમાં જોઇ જઇએ.

ઈ. ૧૮૧૨ની ૭મી ફેબ્રુઆરીએ એક બહુ જ ગરીબ કુટુંબમાં એનો જન્મ થયો હતો. પિતાને દુનિયાદારીનો ખયાલ નહિ, તેથી ઘરમાં પૈસાના હમેશાં સાંસા રહેતા. પોતે જબરા આશાવાદી હતા, તેથી ભવિષ્યમાં સૌ સારાં વાનાં થશે એમ માનતા. કુટુંબની આર્થિક સ્થિતિમાં સુધારો તો દૂર રહ્યો, પણ બાળકોની વધતી સંખ્યાને લઇને એ સ્થિતિ વધારે કફોડી બનતી જતી, અને દેવાં કરીને કુટુંબ નભાવવું પડતું. દેવાં પતાવી શકાય નહિ એટલે લેણદારો અવારનવાર એમને કરજદારોની જેલ ભેગા કરી દેતા; અને જેલમાં સકુટુંબ રહેવાની સગવડ હતી, એટલે ડિકન્સની બાળવયનો ઘણો ભાગ ત્યાં વીત્યો. પરિણામ એ આવ્યું કે ડિકન્સ શિક્ષણ માટે શાળામાં જઈ શક્યો નહિ ને કિશોરવયમાં જ ક્યાંક નોકરી કરી પિતાને મદદ કરવાની ફરજ એને માથે આવી પડી. એક કારખાનામાં શીશીઓ ધોવાનું કામ એને મળ્યું. આખો દિવસ મજૂરી કરી થાકીને ઘેર આવે ને જે કૈં અક્ષરજ્ઞાન મળ્યું હતું એને સહારે



ડિકન્સ : ૧૭ વર્ષની યુવાન વયે · વિખ્યાત કલાકાર મૅકલાઇસે કરેલા સ્કેચ પરથી


અવસ્થાથી જ મજૂરી કરતાંકરતાં આપબળે ઉપર આવેલો ઇંગ્લંડનો નામી નવલકથાકાર

ચાર્લ્સ ડિકન્સ

જેની દોઢસોમી જયંતી ગયે મહિને આવી ગઈ

★

લેખક **પ્રો. વસંત જોષી** એમ. એ.



પરિશ્રમ અને પ્રતિભા

દુ:ખ ભૂલી જવા ઘરમાં પડચાં હતાં તેમાંનાં પુસ્તકો વાંચ્યા કરે.

કારખાનાનું જીવન એને ગમ્યું નહિ એટલે એણે લઘુલિપિ (શૉર્ટ-હૅંડ) શીખી લીધી ને પ્રયત્ન કરી એક વર્તમાનપત્રના ખબરપત્રી તરીકે નોકરી મેળવી. એ વખતે એની ઉંમર અઢારેક વર્ષની હશે. મુખ્ય કામ તો પાર્લમેન્ટની બેઠકોનાં પ્રતિવૃત્ત (રીપોર્ટ) આપવાનું રહેતું, છતાં સમાચારોની શોધમાં પણ લંડનમાં બધે ફરવું પડતું. એની નવલકથાઓમાં આવતું લંડનની ગલીઓનું જ્ઞાન ડિકન્સે આ વખતે (અને એ પેલા કારખાનામાં કામ કરતો હતો ત્યારે) મેળવ્યું હશે. એવામાં એક બીના બની અને એનું જીવન તદ્દન બદલાઈ ગયું.

એક ચિત્રકારે રમતોને લગતાં કેટલાક રમૂજી ચિત્રો દોર્યાં અને ડિકન્સ જેમાં કામ કરતો હતો એ છાપાના તંત્રીને પ્રકાશન માટે આપ્યાં. એકલાં ચિત્રો છાપવા કરતાં તેમની સાથેસાથે તેમને આવરી લેતી કે વર્ણવતી વાર્તા લખાવાય તો સારું એમ ધારી તંત્રીએ યોગ્ય લેખકની શોધ આદરી. ડિકન્સનાં કેટલાંક લખાણો એણે જોયાં હતાં એટલે એની પાસે એણે વાર્તાની માગણી કરી. ડિકન્સે તે સ્વીકારી. ચિત્રો આવતાં જાય અને ડિકન્સ તે વિષે વાર્તા લખે, એવી અસાધારણ સાહિત્ય-નિર્મિતિ શરૂ થઇ. થોડા જ વખતમાં ડિકન્સની પ્રતિભાને આમ પારકાં ચિત્રો પર વિહાર કરવો ગમ્યો નહિ, અને એણે સ્વતંત્રરીતે એ વાર્તા આગળ ચલાવી. અને પછી તો ચિત્રકારે એને યોગ્ય એવાં ચિત્રો દોર્યાં. એ વાર્તા એટલે 'પિકવિક પેપર્સ'. એના જેવી નવલકથા કોઈ ભાષામાં લખાઈ જાણી નથી. ખુદ ડિકન્સ સારી નવલકથાઓ લખવાની કળામાં ખૂબ પ્રગતિ અને વિકાસ સાધી શકચો, છતાં પિકવિક જેવી બીજી કથા એ લખી શકચો નહિ. એક વિવેચક માને છે કે પિકવિક 'લખાઈ' નથી 'સર્જાઇ' છે; અને સર્જન ફરીફરી થઈ શકતું નથી માટે એ અનન્ય રહી છે. ઈતિહાસ-સંશોધન અને તેને ખાતર દેશ-દર્શન કરવા ચાર મિત્રો પ્રવાસે નીકળે છે. રસ્તામાં એમને થએલા અનુભવો, મળેલા માણસો ને સૌથી મુખ્ય તો એમની પોતાની મૂર્ખાઈ,—એનાં એમાં આવતાં વર્ણનો વાંચી કોઈપણ રસિક વાચક ખડખડાટ હસ્યા વિના રહી શકચો નથી. એ વાર્તા તથા ત્યાર પછીની ડિકન્સની બધી જ વાર્તાઓ માસિક હપતા રૂપે ક્રમશ: બહાર પડેલી. શરૂશરૂમાં તો જોકે લોકોમાં ખાસ રસ જાગ્યો નહિ; પણ પછી સૅમ વેલરનું પાત્ર પ્રવેશ્યું અને ત્યારથી આજ સુધી 'પિકવિક' જગતના સાહિત્યનું એક ભૂષણ ગણાઈ છે.

'પિકવિક'ના પ્રકાશન પછી ડિકન્સના જીવનમાં ખાસ જાણવા જેવી ઘટનાઓ નથી. એની સાળી માટે એને ખૂબ લાગણી હતી અને એના અકાળ અવસાનથી એને એટલો આઘાત લાગ્યો કે ત્રણ-ચાર મહિના સુધી એ હાથમાં ફરી કલમ પકડી શકચો નહિ. અમેરિકામાં એના ઘણા પ્રશંસકો હતા, એટલે એમના નિમંત્રણને માન આપી એ ત્યાંના પ્રવાસે ગએલો. આજે સિનેમાના નટોને જોવા જેમ લોકોના ટોળાં ભેગાં થાય છે તેમ ડિકન્સને જોવા લોકો ત્યાં ઊમટેલાં. પણ ત્યાં જતાં જણાયું કે કલ્પનાશક્તિમાં દેખાતું અમેરિકા અને વાસ્તવ અમેરિકા વચ્ચે તો પાર વિનાનો તફાવત છે. ઇંગ્લંડ પાછા ફરીને અમેરિકાનું વર્ણન એણે કેટલાક લેખોમાં જે કર્યું, અને પોતાની એક જાણીતી નવલકથામાં ત્યાંનાં દશ્યો નિરૂપ્યાં એમાંની મશ્કરી અમેરિકાના લોકોને ગમી નહિ અને તેઓ ઘણા વખત સુધી નારાજ રહ્યા.

ડિકન્સની પત્ની પોતાના પતિને બરોબર સમજી શકતી ન હતી, એટલે દંપતીજીવનમાં કોઈને સુખ ન હતું. જુદાં રહેવાથી બંનેને શાંતિ મળશે એમ ડિકન્સે એને સમજાવવા પ્રયત્ન કર્યો પણ પત્ની માનવા તૈયાર ન હતી. જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં ડિકન્સને એનાથી ઉંમરમાં બહુ જ નાની એક અભિનેત્રી જોડે પ્રણય થયો. એની પુત્રીઓ એ વિષે જાણતી હતી. પત્નીને ઘણો વખત સુધી તો કંઈ ખબર પડી નહિ; અને આખરે જ્યારે પડી ત્યારે એણે વિરોધ કર્યો નહિ એમ કહેવાય છે. ડિકન્સની નવલકથાઓનાં સ્ત્રીપાત્રો બહુ આકર્ષક નથી એનાં અનેક કારણોમાંનું એક લેખકનો આ દુ:ખદ અનુભવ સંભવી શકે.


'પિકવિક પેપર્સ'ની સફળતા પછી ડિકન્સે કેટલીક બીજી હાસ્ય-પ્રધાન કથાઓ લખી. ત્યાર બાદ સામાજિક દૂષણો પર પ્રહાર કરતી વાર્તાઓ લખી. તદુપરાંત બે ઐતિહાસિક નવલકથા પણ એણે લખી છે.


ડિકન્સની આરંભની કથાઓ હાસ્યરસપ્રધાન હોવા છતાં તે સમાજ-સુધારાનું એક પ્રબળ શસ્ત્ર બની શકી. ડિકન્સે નાનપણમાં ઘણી હેરાન-ગતિ અનુભવી હતી, ઘણાં દુ:ખો વેઠચાં હતાં અને એને માથે વીતાડનાર લોકોને એણે બરોબર જોઈ લીધા હતા. એલોકો પર એનો અપાર ગુસ્સો હતો. પણ એની હસવાની શક્તિ એવી અજબ હતી કે તે પોતાનો ગુસ્સો છુપાવી શકતો; અથવા છુપાવી શકતો નહિ ત્યારે હાસ્ય સાથે ભેળવી દેતો. પ્રાથમિક નિશાળોના માસ્તરો અને એમનું અજ્ઞાન, લોકોને રૉફ બતાવી હેરાન કરતા સરકારી નોકરો, કાયદાને નામે ચરીખાતી વ્યક્તિઓ અને સંસ્થાઓ, નિર્દોષ અને દુર્દૈવી કે માતપિતા વગરના



તરુણ ત્રિપુટી–જમણી બાજુથી : ડિકન્સ, તેની પત્ની કથરાઇન ને તેની સાળી મૅરી. કલાકાર ડૅનિયલ મૅકલાઇસે ઈ. ૧૮૪૨માં કરેલો સ્કેચ. નીચે : ડાબી બાજુ–મૅરીઆ બીડનેલ, ડિકન્સની પ્રથમ પ્રિયતમા, ‘ડેવિડ કૉપરફીલ્ડ’ નવલકથામાંની ડૉરાનું પાત્ર જેના ઉપરથી સર્જાયું તે. જમણી બાજુ–મૅરી હૉગાર્થ : સત્તર વર્ષની વયે ગુજરી ગએલી ડિકન્સને ખૂબ વહાલી તેની સાળી (જુઓ ઉપરનો સ્કેચ) જેના ઉપરથી તેનું અત્યંત લોકપ્રિય બનેલું ‘લિટલ નેલ’નું પાત્ર સર્જાયું.

છોકરાઓને પકડી એમને ખિસ્સાં કાતરતાં કે ચોરી કરતાં શીખવતા ખલપુરુષો, સ્ત્રીઓ પર જુલમ ગુજારવા પ્રેમનો દુરુપયોગ કરતા બદમાશો અને એવાં ઘણાં પાત્રોનાં આલેખન દ્વારા ડિકન્સે લોકોને પહેલાં તો હસાવ્યા અને પછી વિચાર કરતા કર્યા. એના હાથમાં નવલકથા લોકશિક્ષણનું મોટું સાધન બની ગઈ. હાસ્ય અને ઉપહાસ એ એના મુખ્ય ગુણો હતા. હાસ્યરસનો ગુણ તો જાણે એને જન્મથી જ મળ્યો હતો. કોક વાર એનો અતિરેક થઈ જતો, અને જિંદગીમાં ડિકન્સને એ એક જ વસ્તુ શીખવાની હતી કે હાસ્યરસને કાબૂમાં કેવી રીતે રાખવો. પ્રયત્નો કરી એ એમાં સફળ થયો એની સાક્ષી એની આખરની નવલકથાઓ પૂરશે. શરૂઆતની કથાઓ જેટલી તે લોકપ્રિય થઈ શકી નહિ એનું કારણ પણ તેમાં હાસ્યની જગ્યા ગાંભીર્યે લીધી હતી એ હતું.





ડિકન્સનું હાસ્ય અનેકરીતે અનુકરણીય છે. લોકોના દોષ તે જોઈ શકતો, પણ એ દોષોમાં રહેલી—અને બીજાઓને ઘણીવાર ન દેખાતી માનવતા એ તરત જ શોધી શકતો. એ દોષોનું વર્ણન, પુનરાવર્તન તથા અતિશયોક્તિ જેવી યુક્તિઓ દ્વારા એ એટલું બધું કરતો કે ચતુર વાચકને એ જરા વધારેપડતું લાગે. પણ ઉત્સાહ અને આવેશ ડિકન્સના સ્વભાવધર્મ હતા. જે કરવું તે હૃદયના પૂરા ઉમળકાથી કરવું એમ એ માનતો. એ તાદાત્મ્યસાધનામાં એને ઘણીવાર પ્રમાણનું ભાન રહેતું નહિ. છતાં એના આ દોષને લીધે કોઇ પાત્ર વાચકોને વધારે વહાલું બની જતું! ડિકન્સને શરૂઆતમાં તો મર્યાદાનું કે સંયમનું ભાન રહેતું નહિ અને એને જે વસ્તુ પર ગુસ્સો આવતો તે વસ્તુનું વર્ણન તે એવા આવેશથી કરતો કે વાચકને પણ એ ગુસ્સાનો ચેપ લાગી જાય અને એ વસ્તુ સુધારવા તૈયાર થઈ જાય.

આમ ડિકન્સની પહેલી નવલકથાઓ અતિશયોક્તિ ભરેલી હોવા છતાં યે વાસ્તવદર્શી હતી! આજુબાજુ વસતાં પાત્રો અને ઉદ્‌ભવતા પ્રસંગોનું વર્ણન એ કરતો ત્યારે રોજિંદુ જીવન જાણે કોઈ જાદુથી જુદું જ રૂપ પકડતું. વસ્તુને પૂરી રીતે વફાદાર રહી એનું યથાર્થ વર્ણન કરવું, પણ એમ કરતાં એમાં ભાવનાનું એવું સફળ મિશ્રણ કરવું કે વાચક વિચાર કરતો જ રહે કે આ બન્યું શી રીતે?—રોજના જીવનમાં દેખાતી અને નીરસ જણાતી વસ્તુ એકાએક જાણે પરીઓના સુંદર પ્રદેશમાંથી આવી હોય એવું રૂપ તે કેવી રીતે ધારણ કરી શકે છે? વાસ્તવ જેવું દેખાતું પણ વાસ્તવ જેવું પ્રતીત ન થતું જીવન લેખક શી રીતે વર્ણવી શકે છે? એનું અતિશયોક્ત વર્ણન વાચીએ છીએ ત્યારે જરા ય એમ નથી લાગતું કે સંભાવ્યની હદ ઓળંગી જવાઈ છે. વાંચતાં અવિશ્વાસ કે અશ્રદ્ધા જરા ય જાગતાં નથી. એનો અર્થ એવો નથી થતો કે ડિકન્સનાં પાત્રો વાસ્તવ દુનિયાનાં વાસ્તવ માનવીઓ નહોતાં. પોતાના પરિચિત લોકોને નવલકથાઓમાં કોઈ વાર તો એ એવી રીતે નિરૂપતો કે તેઓ તેના પર ચીડાતા અને ઘણો વખત એનાથી દૂર રહેતા; પણ આખરે તેઓ જ સમજી શકતા કે એ અતિશયોક્ત—અને તેથી વિકૃત–વર્ણનોથી જ તેઓમાં નીતરતી માણસાઇનાં દર્શન લેખક કરાવી શક્યો છે; અને ત્યારે તેઓ લેખકને ક્ષમા કરવા તત્પર થતા.

શરૂઆતની નવલકથાઓમાં આમ ડિકન્સને મુખ્ય રસ માણસોમાં હતો. પ્રાપ્ત પરિસ્થિતિમાં માણસ શી રીતે જીવે છે એ બતાવવા એણે નવલકથાઓ લખી અને આડકતરી રીતે સમાજમાં સુધારાનો પવન ફૂંક્યો. એ જેમ જાણીતો થયો તેમ સમાજના જુદાજુદા થરોમાં ફરવાની તક એને મળી. વ્યક્તિ જીવે છે ત્યારે એનું જીવન સામાજિક બળોથી અલિપ્ત રહી શકતું નથી, એટલું જ નહિ પણ એ બળોની જીવન પર અનિષ્ટ પ્રતિક્રિયા થઈ શકે છે એવું એણે જોયું અને એનું હાસ્ય ગાંભીર્યથી છવાયું. એ હાસ્ય કોઈ પણ હિસાબે બંધ થવાનું ન હતું, પણ એમાં હવે દ્રષ્ટાનું ગાંભીર્ય આવી ગયું. એની છેલ્લી નવલકથાઓનો વાચક હસી શકે છે પણ એના હાસ્યમાંથી પહેલાંની નિર્દોષતા ચાલી ગઇ હોય છે.

ડિકન્સની નવલકથાઓ એક સંક્રમણકાળમાં લખાઇ હતી. ઔદ્યોગિક ક્રાંતિની ત્યારે શરૂઆત થઈ ચૂકી હતી. જેમની પાસે ધન હતું એમણે કારખાનાં ઊભાં કર્યાં હતાં. ખેતીમાં બહુ લાભ ન જોઈ શકતો ખેડૂતવર્ગ મોટી સંખ્યામાં મજૂરી કરવા શહેરો તરફ આવતો હતો, અને કારખાનાંમાં મળતી નિશ્ચિત રોજી માટે સોળસત્તર કલાક જેટલું કામ યંત્રવત્ કરવા તૈયાર થયો હતો. ચૂસનાર વર્ગ હતો અને ચૂસાનારા સ્વેચ્છાથી આવતા હતા,–માનવ મટી યંત્ર બનવાની (અનુ૦ પૃ. ૯૬મે)

ફોટો : શ્રીરામ ભટ્ટ



૧૩૫ ચોરસ માઇલના વિસ્તારનો અફાટ જલરાશિ ધરાવતું અને શિયાળે છેક યુરોપ-અમેરિકાનાં સંખ્યાતીત યાયાવર પંખીઓનું ધામ બનતું ગુજરાતનું એક અદ્વિતીય પણ અજાણ્યું સૌન્દર્યધામ

નળ સરોવર

લેખક
વિજયશંકર કામદાર


નામ સાંભળતાં લાગે કે વનવાસ વેઠતાં નળ-દમયંતી આ તરફ આવ્યાં હશે અને નળરાયના મનમાં રાણી પ્રત્યે શંકા પ્રેરનાર પેલાં માછલાં આ સરોવરમાંથી પકડયાં હશે, કે આવી જ કોઈ નળરાયની કથા સાથે આ સરોવર સંકળાયું હોઈ એનું નામ નળ સરોવર પડયું હશે! પણ હકીકતે નળને ને આ સરોવરને કંઈ જ સંબંધ નથી.

અનેક રીતે વિશિષ્ટ એવા આ સરોવરના પટમાં સાત-આઠ ફૂટ લાંબી, પોચી, મુલાયમ ને અંદરથી પોલી સળીઓવાળું બરુ જેવું ઘાસ મબલખ પ્રમાણમાં ઊગે છે. સંસ્કૃતમાં બરુને નડ કહે છે. 'નડ'નું 'નળ' થયું હોય એમ બને. અને જે ઘાસની આટલી વિપુલતા અહીં હોય એના નામ પરથી આ સ્થળ ઓળખાયું હોય એમ પણ બની શકે.

ભાલની ધરતી પોતે શ્યામળી છે પણ એમાં આ નળકાંઠો પાંડુરંગો છે. આપણા સાહિત્યમાં તો નથી, પણ પરદેશીઓએ આ સ્થાનની ઘણી નોંધો કરી છે. કૅપ્ટન એચ. ડબ્લ્યુ. કૅમ્પબેલના કહેવા પ્રમાણે 'દૂરદૂરના ભૂતકાળમાં કાઠિયાવાડ એક ટાપુ હતો. ઉત્તરથી દક્ષિણ તરફ ફેલાએલો આ પ્રદેશ કચ્છના રણ ને ખંભાતના અખાતને સાંધતી સાંકળરૂપ પાણીનો એક પટ્ટો હતો. આજે આ પ્રદેશ નળના નામે ઓળખાય છે. કોઈ મોટી નદીનું તળ હોય એવાં અનેક ચિહ્નો અહીં વિદ્યમાન છે.' આજે પણ ખીજડા ગામમાં લોઢાનું એક લંગર જોવા મળે છે. વર્ષો પહેલાં ભાવનગરની ખાડીનું પાણી ધોલેરા સુધી આવતું. ત્યાંથી આગળ નળ સુધી પણ એ પાણી પહોંચતું હોવાનું કહેવાય છે. એને આધારે ધોલેરાની બંદર તરીકેની ખીલવણી માટે હિલચાલો પણ થએલી. પછી ભાવનગર રાજ્યે પાંચેક માઇલનો બંધ બાંધતાં એ પાણી આવતું અટકયું. સાબરમતીની નહેર દ્વારા અહીં મીઠું પાણી લાવવાની યોજના પણ વચ્ચે વિચારાઈ હતી.

નળકાંઠાનો આ પ્રદેશ સૌરાષ્ટ્રના એક વિભાગ ઝાલાવાડની પૂર્વમાં આવેલો છે. ઉત્તરે વીરમગામ તાલુકો, દક્ષિણે ધંધુકા, પૂર્વે ધોળકા ને અમદાવાદ તાલુકા અને પશ્ચિમે ઝાલાવાડ. આ રીતે ઉત્તર અક્ષાંશ ૨૨થી ૨૩ અંશ અને પૂર્વ રેખાંશ ૭૨થી ૭૩ અંશની વચ્ચે આવેલા આ આખા પ્રદેશનો ઢાળ ઝાલાવાડથી શરૂ થઈ પૂર્વ તરફ ઊતરે છે. આથી ચોમાસામાં ઊભરાતાં પાણી બધાં આ બાજુ ઢળી આ સમગ્ર વિસ્તારમાં જળબંબાકાર કરી મૂકે છે. પાણીનો એ પટ એ વખતે ૧૩૫ જેટલા ચોરસ માઇલના વિસ્તારમાં પથરાઈ જાય છે. અને એ વિસ્તૃત જળરાશિનું દશ્ય દરિયા જેવું બની રહે છે. પણ પાણીની ઊંડાઇ તો માંડ માથોડું કે વાંસવા. છથી દસેક ફૂટ ઊંડાં આ પાણી ઉનાળાના તાપમાં સુકાતાં જઈ એનો વિસ્તાર સંકોરાવા લાગે છે. સાથોસાથ એની ખારાશ પણ વધતી જાય છે. આ પાણી બારે માસ જેટલા વિસ્તારમાં ટકી રહે છે એ નળસરોવર. તે 'ચોખ નળ' કે 'લીલા નળ'ને નામે પણ ઓળખાય છે. એમાં બરુ જેવું ઘાસ એટલું તો ગીચ ઊગ્યું હોય છે કે રસ્તો કરવો આકરો પડે. આસપાસનો સુકાતો આવતો ભાગ 'સૂકો નળ' કહેવાય છે. નર્યો ખારો પાટ. બસ્સો ફૂટ ઊંડે ખોદો તો યે કાદવની માટી જ નીકળે, પથ્થરનું નામ નહિ. એમાં કયાંક કયાંક કમોદ અને થોડા ઘઉંનું વાવેતર થાય; પણ મુખ્ય પેદાશ તો બીડ. જાંબુડા જેવી રાતી ને હળદર જેવી એની ગાંઠો પર તાર જેવાં મૂળ હોય. આડેથી ભાંગીને એને ધોકાવે એટલે અંદરથી સફેદ લોટ નીકળે. એની કોઠીઓ ભરી રાખે ને ખાવાના ઉપયોગમાં લે. અહીંની મુખ્ય વસતિ પઢારની. એવી કિંવદંતી છે કે પઢાર અને પોર્શીંગ (યાયાવર પક્ષી) બંને સાથે નળમાં આવેલાં. બીડ એ જાણે પઢારનો 'રાષ્ટ્રીય ખોરાક.' જુવારબાજરાના લોટમાં પણ બીડનો લોટ ભેળવ્યા વિના એ ન ખાય. એ ઉપરાંત થેકની સારી પેદાશ. ચારેક માસ તો એના પર રોજી ચાલે.

કહે છે કે હિંગળાદ માતા પઢારોને કોઈ કાળ દુકાળમાં અહીં લઇ આવી ત્યારે માથાના અંબોડામાં બીડની ગાંઠ પણ લાવેલી. અહીં આવીને એણે પઢારને વસાવ્યા અને બીડની ગાંઠ પણ વાવી. પોતાના બાળ પઢારોના યોગક્ષેમની રક્ષા માટે એણે અહીં બેસણું કર્યું ને ત્યારથી પઢાર અહીં સ્થાયી થયા છે. અરધ નાગી અને કંગાળ જાત, આ પઢાર કોમનો અભ્યાસ-અવલોકન કરવા જેવો છે. નળકાંઠાના બારેક ગામ-



અફાટ જળરાશિ ધરાવતા નળસરોવરનો વિસ્તાર તો ૧૩૫ ચોરસ માઇલ થવા જાય. પણ તેનાં પાણી માત્ર ૬થી ૧૦ ફૂટ ઊંડાં છે. (ફોટો : મંજુલાલ દુધિયા)


માં એ વસે છે. ધંધો અરધો ખેતીનો ને બાકી શિકાર, મચ્છી મારી કે હાથે ચડે તે. ખેતી નથી કરતા એટલે ખેડૂ ન કહેવાય તેમ માછલાં નથી વેચતાં એટલે માછી પણ ન કહેવાય. નળમાં ઊતરી આવેલાં જળપંખીઓ મારે; ડોળ, લગસ અને ભીંગારૂ જેવાં માછલાં પણ પકડે ને સૂકવીને ખાય. કરચલાં ને જળના સાપ પણ પકડે. મહેનતુ ને ખડતલ ભેંસોનાં ખાડાં રાખે. એમાં ઘી વેચે; દૂધ નહિ. ભારે વટવાળી કોમ. હાથની પણ તદ્દન ચોખ્ખી. નાતને અને લગ્નના બંધનને ચુસ્તપણે વળગી રહે. ગમે એવો મોટો કંકાસ પણ નાત જ પતાવે. ને પઢાર આદમી ગમે ત્યાં ગયો હોય તો યે રાતે તો ફૂબે પાછો આવવાનો જ. જો ન અવાયું તો સવારે બૈરી નાત ભેળી કરી ઠપકો અપાવે. સ્ત્રીઓનું વર્ચસ્વ પણ એવું. સંપ પણ એવો કે પઢારો આજુબાજુમાં ગમે ત્યાં હટાણે ગયા હોય ત્યાંથી પાછા બધા ભેળા થઇને જ ફરે, કોઈ એકલું ચાલ્યું આવે નહિ.

છેક બલુચિસ્તાન તરફથી આ કોમ ઊતરી આવી લાગે છે. ભરવાડોની પેઠે એમની ઉપાસ્ય દેવી પણ હિંગળાદ. ઝુંપાળી, ભવાની, વેરઈ, (વારાહી)મેલડી, ચામુંડા ને કાળકાના કૂળની આ માતામાં પઢારોને ઘણી આસ્થા છે. રાણાગઢના એકમાત્ર પાકા મકાન—ચોરામાં એનું થાનક છે. સાથે છે એની બેન ભૂરેખ. કાળા આરસની હિંગળાદ ને ધોળા આરસની ભૂરેખની બે મૂર્તિ થાનકમાં છે. બંનેનું વાહન પાડો. બંનેને હાથ તલવાર. અગાઉ અહીં પાડો વધેરાતો. દર ચૈત્ર સુદ આઠમે માતાનો ઉત્સવ અને આસોની આઠમે (નોરતે) હવન થાય છે. તે દિવસે માતાને નૈવેદ્ય ચડેઃ સુખડીમાં પાડો ચીતરી, એને કાપીને ધરાવે. તે દિવસે ગામમાં ધરાઈ–અણોજો પળાય. માતાને આમલીનાં પાન ચડાવે, ઉપર સૂતરની દડી મૂકે; ડાકલાં વાગે ને ભૂવા ધૂણે. હિંગળાદને માથેથી દડી પડે તો બધું હેમખેમ રહે. ભૂરેખના માથેથી દડી પડે તો નળ ભરાય ને ડાંગરનો મબલખ પાક ઊતરે એવી એમનામાં માન્યતા છે.

માતામાં ઊંડી આસ્થાવાળો પઢાર આદમી સ્વભાવે રાંક ને શરીરે ખડતલ. પહેરવેશમાં કેડે મોજીદડના પાણકોરાનો કછોટો ને છાતીએ બંડી. માથે રાતું કે ધોળું મેલખાયું બાંધે. ધંધે માલધારી. પઢાર સ્ત્રી પુરુષના પ્રમાણમાં કંઇક વધુ પડછંદ. ખીંટનું થેપાડું કે ઘેરદાર ઘાઘરો પહેરે. ઉપર કસવાળું કાપડું. છૂટે છેડે ઓઢણાનો ચોરસો ઓઢે. કપડાંમાં ભરતને ખાંપ પણ લગાડે. પાનીએ, પિંડીએ, ડોકે ને નેણે છૂંદણાંમાં ફૂલ, મોરલા, દેરડી વગેરે આલેખ્યાં હોય. છાતીએ ગલ કંડાર્યા હોય કે મોરલા માંડયા હોય. વાને શામળી ને જરા યે નમણી તો નહિ જ. ઘરેણાંમાં રૂપાનાં વેઢલાં; કાનમાં ઠોળિયાં કે પોખાની; ડોકે રૂપાની હાંસડી ને હાથેપગે વીંટી કે કોરડા. ડાબે હાથે સીસમનું સાદું બલોયું. કોમ આખી ગરીબ હોઇ સોનું કે હાથીદાંતનું રંગેલું બલોયું તો કોકને જ સાંપડે. કોમનું સંગઠન આગાખાની ખોજા જેવું વ્યવસ્થિત. નાતપટેલનો ચુકાદો એટલે અફર આજ્ઞા. એના મોવડી રાણાગઢમાં રહે છે. કોમ મોટે ભાગે નળકાંઠામાં માટીના કૂબામાં રહે.

પોરબંદરની ખારવણોની ટિપણી, તરણેતરના ભરવાડના રાસડા ને મેરના દાંડિયા પેઠે પઢારનાં લોકનૃત્ય પણ આગવાં ને વિશિષ્ટ. સ્ત્રીપુરુષ સાથે રમે. રાસડામાં પુરુષ ઢોલ વગાડતો જાય. રાણાગઢના કલા હવાલદાર ને લીંબડીના રઘાભાઈ માસ્તરના પ્રયત્નોએ આ પઢાર નૃત્યોને છેક ગણતંત્રદિનના ઉત્સવમાં નવી દિલ્હી સુધી પહોંચાડયાં હતાં ને તેણે ત્યાં ઘણું આકર્ષણ જમાવેલું. આખી કોમ નળને આધારે ટકી રહી છે. કાળે–દુકાળે નળનો જ આશરો.

આખા યે સૌરાષ્ટ્રમાં નળની સ્પર્ધા કરે તેવું બીજું એકે સરોવર નથી. કાશ્મીરનાં રૂપમઢયાં દાલ અને શાલીમાર પણ આટલાં વિશાળ




નથી. પઢારોની જીવાદોરી સમું આ નળ સરોવર હમણાં સુધી સાવ અજાણ્યું જેવું પડયું હતું. હજી યે ઘણાંને આ વિશાળ જળભંડારનો પૂરો પત્તો નથી. ત્યાં પહોંચવા માટે ચાર મુખ્ય માર્ગો છે. (૧) વીરમગામ–સુરેન્દ્રનગરના રેલમાર્ગ પરના લખતર સ્ટેશનેથી બસમાર્ગે તલસાણા થઈ રાણાગઢ જવાય છે. લગભગ ચૌદેક માઇલનું એ અંતર છે. (૨) ભાવનગર–સુરેન્દ્રનગરના માર્ગમાં લીમડી સ્ટેશનેથી પણ તલસાણા થઇ રાણાગઢ પહોંચાય છે. એ માર્ગ ચોવીસેક માઈલનો છે. રાણાગઢ એટલે નળસરોવરનું 'ટર્મિનસ'. (૩) અમદાવાદથી સાણંદ, વીંછીઆન અણિયાળી થઇ નળસરોવર. ૪૦ માઈલનો આ રસ્તો સાણંદથી ટૂંટાય છે. તેમાં ૧૬ માઈલનો કાચો. (૪) વીરમગામથી શાહપુર થઇને નળ સરોવર જવાય; ૬૦ માઇલનો આ માર્ગ ૭ માઈલ કાચો. પણ રાણાગઢથી નળસરોવર વધુ અનુકૂળ રહે છે. એ રાણાગઢ મૂળ તો નળબાવળી નામનું લીમડી દરબારનું ગામડું. સં ૧૯૮૫ની આસપાસમાં લીમડી ઠાકોરના જમાઈ, પોરબંદરના રાણાસાહેબ નટવરસિંહજી અહીં નળસરોવર આવેલા. એની યાદમાં આ ગામ રાણાગઢ તરીકે ઓળખાયું. ગામને પાદર મીઠા પાણીનાં બે તળાવ છે: એક વડું સરોવર તે હવે નટવરસાગર નામથી અને નાનું સરોવર હવે લીંબડીના કુંવરી રૂપાળીબાને નામે રૂપસાગર તરીકે ઓળખાય છે.

અહીં ખોદકામ કરતાં પુરાણી ઈંટો, વાસણો ને ક્યારેક ચરૂ મળ્યાનું પણ કહેવાય છે. ત્રણસો જેટલા પાળિયા પણ મળી આવેલા, તે લોકોએ ઘરનાં બાંધકામમાં વાપરી નાખ્યા. સંભવ છે કે જો વધુ સંશોધન કરવામાં આવે તો વડા સરોવર–નટવરસાગર પાસેથી પૌરાણિક અવશેષો પણ મળી આવે.

નાની–મોટી કઠેચી, શાપર, સાકર, તલસાણા, પળાલી, શિયાળ, બગોદરા, દેવથળિયા, મેણી, અણિયાળી વગેરે આ વિસ્તારમાં આવેલાં બધાં ગામડાં નળકાંઠાનાં ગામ તરીકે જ ઓળખાય છે. આમાં સાકરના ઘઉં અને રાણાગઢની કમોદ વખણાય છે. શાપર અગાઉ જકાતનું નાકું હતું.

પણ નળકાંઠા અને નળસરોવરનું સૌથી મોટું આકર્ષણ તો તેના વિસ્તૃત જળરાશિને લીધે નહિ, પરંતુ તેને કાંઠે આવતાં હજારો યાયાવર પંખીઓને લીધે છે. દર વર્ષે શિયાળો નજીક આવતાં ઉત્તરના ઠંડા મુલકોનાં પંખીઓ અહીં આવી રહે છે. એમાં છેક સાઇબીરિયા,



સરોવરમાં વચ્ચેવચ્ચે તથા બેટ પર ઉગી સળીઓ વાળા બરૂ, છૈયાં તથા ઉદરકનીના (ઘાસ જેવા) છોડ કોઈ વાર તો એટલા ગીચ ઊગેલાં છે કે માર્ગ કરવો મુશ્કેલ પડે (ફોટો : શ્રીદામ મહે)

યુરોપ ને કૅનેડાનાં પંખીઓ પણ હોય છે. હજારો માઇલની આવર્તયાત્રા કરી આવતાં આ પંખીઓની જે વિવિધતા અહીં જોવા મળે છે, એવી ભારતભરમાં તો શું આસપાસના બીજા દેશોમાં પણ નથી મળતી. ગોરાઓ એના શિકાર અર્થે અહીં ધાડાંબંધ ઊતરી પડતા ને હજારો પંખીનો ધાણ બોલાવી જતા. એટલે જ તો તેઓ આ સ્થાનથી પરિચિત હતા. પણ આ ઉપરાંત, યાયાવર પંખીઓનાઆ સંગમતીર્થ પર પક્ષીનિરીક્ષકો માટે પણ એક વિશાળ અભ્યાસક્ષેત્ર ખુલી જાય છે. રાજહંસ, બગલાં ને બતકાં, કાતગા ને આંતરા, સારસ ને ગલ, કુંજડાં ને ચિતરોડાં, પરેહ, હાંહોળ, પેણ્ય, ઘોડો, ફરાંહો, બાડચ, થરંદ, ધૂંધટો, રેલ, બૅભા, સળી, કાજિડાં, ગેણા, કાળવેલિયા, ટમણી, ટીલવાં, ગુગણાં એવાં કૈં કેટલાં યે પક્ષીઓનાં ધાડાં અહીં આવે છે ત્યારે આખો નળકાંઠો એમના અનેકવિધ કલરવથી ગુંજી ઊઠે છે—ગાજી ઊઠે છે. વહેલી સવારે કે આથમતી સાંજે આ પંખીઓની હારથી આકાશમાં તોરણ બંધાઈ જાય છે, ને નીચે જમીન પર ઢાળેલી જળ-આરસીમાં એનાં પ્રતિબિંબ જે દૃશ્ય ઊભું કરે છે એમાંથી કુદરતનું કાવ્ય જ સંભળાય છે. અજવાળી રાતે ચાંદનીમાં ચળકતો પાણીનો એ પટ ધરતી પર જાણે પારો ઢળી પડયો હોય એવો લાગે છે.

વિસ્તૃત પટમાં ફેલાએલાં આ પાણી પર વચ્ચે વચ્ચે આવેલા માટીના બેટડા પર છૈયાં ને બરૂની વચ્ચે રહેતાં આ હજારો પરદેશી-પચરંગી પંખીઓનું દર્શન પણ એક લહાવો છે. એ બધાંનો વૈજ્ઞાનિક અભ્યાસ કરતાં ન આવડે તો કંઈ નહિ, એમનાં નામની ખબર ન હોય તો યે ચાલે, પણ એમનું વિશિષ્ટ વૈવિધ્ય પણ આપણું મન ભરી દેવા માટે પૂરતું છે. પઢારોએ બનાવેલા તરાપા પર હોડીમાં બેસી, નળનાં માથોડું ઊંડાં પાણીની સપાટી પર, આસપાસ છૈયાં બરૂ ને ઉદરકનીથી છવાએલા બેટડા અને અડખેપડખે તરતાં હજારો પંખીઓની વચ્ચે વિહાર કરવાની કલ્પના પણ કેટલી રમ્ય છે!

ને આ બેટડા! એ દરેકે દરેક બેટ પર પઢારોએ માતાઓના બેસણાં સ્થાપ્યાં છે. બેટ બેટે લોકકલ્પનાની અજબ સર્જનશક્તિએ કૈંકૈં રમ્ય ને રુદ્ર, કરુણ અને કમનીય કથાઓ જોડી છે. કયાંક કોઈ દેવી બેઠી છે, કયાંક કોઈ રાજકુંવરે હરી લાવેલી રૂપાળી કુંવરીને બેસાડી રાખી છે! એક બેટ એવો યે છે કે જ્યાં કોઈ સાધુપુરુષે મચ્છરનું મોં બાંધેલું! નળસરોવરનો વિસ્તાર એટલે મચ્છરોનું ઘર. સર્વત્ર એનું સામ્રાજ્ય જોવા મળે. એક લોકવાયકા એવી છે કે નળનાં પાણી કરડે ને મચ્છરની જેમ ઢીમણાં કરે. પણ પેલા સાધુવાળા બેટ પર જાઓ તો મચ્છર નામ નહિ, ને હોય તો ડંખે નહિ! ભર ચોમાસે યે ત્યાં એક પણ મછરું નહિ! આ લાભ કાયમ ટકી રહે ને સાધુને પોતાનો વિચાર બદલવાની ફરી તક જ ન મળે એટલા સારુ એક દિવસ લોકોએ એને ઊંઘતા જ ઢાળી દીધા! અને એવી તો કંઈક કથાઓના માળા લોકોએ આ બેટો પર બાંધેલા છે. ઉનાળે યે એનો પથરાટ પચાસ ચોરસ માઇલનો તો ખરો. પાણી સુકાય ત્યારે ય અહીં ઢોર ચરવા આવે.

સુધરેલા જનસમાજથી હજી યે અલ્પપરિચિત આ નળસરોવરનું સ્વરૂપ નિત્યનૂતન હોવા છતાં ક્યારેક તો તેનું રૂપ-ઓઢણું ઓર આહ્લાદક બની જાય છે. આષાઢની મેઘનીતરી વહેલી સવારે કે શરદની નિરભ્ર રાતે ચંદ્ર જ્યારે આભની અટારીએ ચડયો હોય ત્યારે સરોવરનાં જળ જાણે પ્રફુલ્લ ડોલરની સેજ બિછાવી હોય એવાં માદક બની રહે છે. યાયાવર પંખીઓની વિશાળ વાસયેષ્ટી જેવા ગુજરાતના આ સૌંદર્યધામનાં દર્શનના અભિલાષ સૌકોઈ રસપિપાસુ માટે સર્વથા યોગ્ય છે.
(આકાશવાણીના વાર્તાલાપ પરથી સુધારાવધારા સાથે સાભાર પ્રકટ)

આ અંકના મુખચિત્રના ચારરંગી બ્લૉકો : ગુજરાત રાજ્યના સૌજન્યથી

આત્મકથાનક-૩

જીવનપટનાં સ્મૃતિચિત્રો



રવિશંકર રાવળ

૧૦ પોરબંદર

પોરબંદરની તાર-ટપાલ ઑફિસનું સંયુક્ત મકાન શહેર બહાર હતું. બંદરકાંઠાનું ગામ હોવાથી તારનું કામ ત્યાં ભારે રહેતું, એટલે એક આસિ. સિગ્નલરની જગ્યા પણ હતી. એ સુરતના વણિક વરજદાસભાઈ હતા. તેમની સાથે ભાઈ જેવો કૌટુંબિક સંબંધ થયો. તેમનાં પત્ની મોતીગૌરી કાકી શાણપણ ને મધુરતાનો નમૂનો હતાં.

બદલીનો હુકમ મળતાં પિતાશ્રી એકલા જ પોરબંદર ગયા હતા. પણ પછી બધી સ્થિરતા જણાતાં પાંચ વર્ષના મારા મોટા ભાઇ રતિલાલ અને ૭ કે આઠ માસના મને લઇને મારાં બા ભાવનગરથી પોરબંદર આવે એવું લખ્યું. તે પ્રમાણે મારાં બા અમને બંનેને લઈ નીકળ્યાં; પણ પોરબંદર પહોંચતાં સુધીમાં એક મોટી આફતમાંથી તે પસાર થયાં હતાં એવી તેમણે જ કહેલી વીતક સાંભળેલી, તે પરથી લાગે છે.

એ વખતની ટ્રેનોમાં ઘણી મિક્સ (માલગાડી અને ઉતારુઓના ડબ્બાવાળી) ગાડીઓ ચાલતી. જેતલસરથી અમારી ગાડીને મિક્સ બનાવી પુરુષોના અને સ્ત્રીઓના ડબ્બા વચ્ચે રૂના ધોકડાંનું એક વૅગન ઘુસાડયું હતું. પછી એકલી સ્ત્રીઓનો ડબ્બો ને છેલ્લે ગાર્ડ હતો.

સવારના નવેક વાગ્યાના શુમારે રાણાવાવ છોડી ગાડી પોરબંદર તરફ જઇ રહી હતી ત્યાં સ્ત્રીઓના ડબ્બામાં કોલાહલ થયો. ઍંજિન તરફની ડબ્બાની પીઠને અડીને મારાં બા અમને લઈ ગોઠવાયાં હતાં. પોટકાં, અથાણાંની બરણી, પાણીનો લોટો, એવો પરચુરણ સામાન હતો. એવામાં ડબ્બાના પાછલા ખાનામાં પોરબંદર જઇ રહેલી રાજની વડારણો લાંબા હાથ કરી મારાં બાને ઈશારો અને અવાજ કરી પાછળ ચીંધવા લાગી. ટ્રેનની ગતિમાં તેમનો અવાજ તો સંભળાય નહિ. દરિયાકાંઠો સમીપ આવતો હતો એટલે પવન સૂસવાટા કરતો વાતો હતો. એકાએક મારાં બાને બાવડે સળગતા રૂનો લોચો પડયો અને ચમકીને ઉપર જોયું તો ઉપરથી ડબ્બાની પાંખ સળગી ઊઠી હતી. કોઇ



મુસાફરની બીડી કે ઍંજિનના અંગારાથી રૂનું ધોકડું સળગી ઊઠયું હતું ને આગળથી પવન તે પર જોરથી ફૂંકાતો હતો. વડારણો બારી-ઓમાંથી ડોકાઇને બૂમો પાડી ગાર્ડને સાદ કરવા લાગી, પણ તે તો નિરાંતે આરામ કરતો લાગ્યો.

બે ચાર વડારણો મારાં બાની મદદે આવી લાગી અને છોકરાં-ઓને તથા સામાનને ખસેડી નાખ્યાં. પણ આગ વધતી જતી હતી. થોડી વાર પછી ખાડીનો પૂલ આવતો હતો. તે વખતે જો શું કરવું તેનો તેમણે મનથી નિશ્ચય કરી લીધો, અને પૂલ દેખાયો ત્યારે વાંક વળતાં ગાડી ધીમી પડી કે લાગલું ડબ્બાનું બારણું ખોલી એક હાથમાં છ માસ-ના મને ને બીજા હાથમાં અથાણાંની બરણી લીધી. પછી પાંચ વર્ષના મોટા રતિલાલને બાવડેથી ઊંચકી નીચા વળી પહેલાં જમીન પર રેડવી દીધો; તેની પાછળ લોટાને બરણી રેડવી દીધાં; અને છેવટ મને ઉપરના પડખામાં રાખી પોતે ખૂબીથી પાટિયેથી બહાર ગબડી પડયાં.

એક ખેતરવા છેટે રતિલાલ કાંટા વાગતાં રોતાં રોતાં આવે, બીજી તરફ હાથમાં મને અને માથા ઉપર બરણી લીધેલી. પાણીનો લોટો રતિને આપેલો. ગાડી તો જાય સૂસવાટા કરતી. માઇલેક દૂર ગઇ હશે ત્યાં ડબ્બાના ધુમાડા અને રૂના સળગતા લોચા જોઇ ગાર્ડ ચોંક્યો હશે. તેણે ગાડી ઊભી રખાવી. બીજી કેટલીક બાઈઓ પણ કૂદી પડેલી તે આગળ જતી હતી. પણ એટલું ચાલીને પહોંચવું કપરું કામ હતું. સુભાગ્યે એક એક્કા-વાળો બાજુના ચીલા પર જતો હતો તેણે આફતમાં પડેલાં આ માતા અને બાળકોને બેસાડી દીધાં. ધોકડાંવાળો તેમજ સળગતો ડબ્બો છૂટાં કરી ઊતરી ગએલાં માણસોને પાછાં ચડાવી લીધાં. પોરબંદર સ્ટેશને ગાડી મોડી પહોંચી ત્યાં પિતાશ્રી હાજર હતા. મારાં બાએ છોકરાં સોંપી રડી નાખ્યું. પણ પેલી વડારણોએ તો ગાર્ડને તેની સાત પેઢી સળગી ઊઠે એવી ગાળો વરસાવી. દરવાજે ટિકિટો માગી તો કહે 'જાઓ લેવા પોરબંદરની ખાડીમાં!'

પોરબંદર પહોંચ્યાને છ મહિના થયા નહિ હોય ત્યાં શહેરમાં પ્લેગના ઉંદરો મરવા માંડયા. એ સમયમાં પ્લેગ અથવા મરકી આખા વિશ્વમાં ભયંકર કોપનું સ્વરૂપ લાગતો. તેનો કાળો કેર દુનિયાનાં શહેરોની ભયંકર સ્મૃતિ બની રહ્યો છે. એ કાળે કોઇને તેનો ઈલાજ મળ્યો નહોતો. જે સ્થાનમાં ઉંદર મરે ત્યાં થોડા જ વખતમાં માણસોને સાથળમાં મોટી લાલ ગાંઠ નીકળે અને તાવની ઉગ્રતા વધે.

કેડમાં એક વરસનો હું માથે અથાણાની બરણી, તે પાછળ પાણીનો લોટો-લઇને રતિ.



માતા પિતાની વચ્ચે મોટા ભાઈ રતિલાલ
માતાના ખોળામાં પોતે. ઉમર વર્ષ ૧ · ઈ. ૧૮૯૩
વચ્ચેનું ગોળ ટેબલ હજી ઘરમાં છે

એ ગાંઠ ફૂટી જાય તો બચવા સંભવ, પણ તે પહેલાં મોટાં ભાગનાં માણસો ઊકલી જતાં. સરકાર તરફથી તેનો પ્રસાર રોકવા ઘણા ઇલાજો લેવાતા. જ્યાં પ્લેગ દેખાય ત્યાં જંતુનાશક દવાઓ છંટાય, રહેવાસીઓને ઘર ખાલી કરી નીકળી જવાની ફરજ પાડવામાં આવે, અને ટ્રેઈનમાં સ્ટીમરમાં કે બીજા સ્થળે જાય ત્યાં આવનારને ડૉકટરની તપાસમાંથી પસાર થવું પડે અને શંકા પડે તો ક્વૉરંટાઈન(રોકાણના મથક)માં સલામતીની ખાતરી થાય ત્યાં સુધી તેને રોકે.

પોરબંદરની પોસ્ટ ઑફિસ શહેરથી દૂર હતી એટલે પિતાશ્રી અને વરજદાસભાઈએ હિંમત રાખી હતી. પણ એવામાં તારના થાંભલા તથા ઑફિસની બૅટરીઓ સંભાળનાર લાઇનમૅન રામચરણ ભૈયાને પહેલો પ્લેગ થયો. તેને ડોળીમાં બેસાડી ઑસ્પિટલ લઇ ગયા ત્યારે તે બાને પગે લાગ્યો. બાની આંખમાં આંસુ આવી ગયાં. તે ગયો તે ગયો જ.

થોડા જ વખત પછી વરજદાસભાઇનાં પત્નીને તાવ આવ્યો અને પ્લેગની ગાંઠ દેખાઈ. બધી જાતની સફાઇની ચોક્સાઈ છતાં આ બન્યું એટલે ગભરાટ થયો. પહેલું કામ તો પિતાશ્રીએ છોકરાંને સંગાથ શોધી વતનમાં મોકલી આપ્યાં. નાની બેનને પાસે રાખવી પડી હતી. પછી રાતદિવસના ઉજાગરા કરી મોતીગોરીની ગાંઠ પર શેક કરી પૂરી પકવી નાખી. તે ફૂટી એટલે સંભાળપૂર્વક પાટાપીંડી કરી તેમને જીવતાં રાખ્યાં. એ પ્રસંગે બંને કુટુંબને એટલાં નજીક આણ્યાં કે ખાતામાં ગમે ત્યાં હોય પણ એક બીજાને ભૂલે નહિ.

અમે બેઉ બાળક ભાઇઓ ભાવનગર કેટલું રહ્યા હોઈશું તે યાદ નથી. તે વખતે આગળના એક જ બારણાવાળા ઘરના અંધારિયા ઓરડા જોએલા. નોકરો કે નળનું નામ નહિ. દાદીમા, દાદા અને કાકાકાકીનાં મોં પહેલી વાર જોયાં. થોડાઘણાં ઓળખ્યાં. આંગણામાં સામેના ડહેલાનાં માણસોનાં છોકરાં દિશાએ બેસતાં. લોકો કચરો નાખી જતાં. એઠવાડની ગંદી ટાંકી ઘર સામે જ હતી તેમાં ઘરઘરની બૈરીઓ તેમના પાણીની કૂંડી કે એઠવાડ ઉલેચી ડોલો ભરી રેડવા આવતી. ઘરમાં માખીઓ બણબણે. અંદર ન ગમે તો બહાર ઓટલા પર બેસીએ. ડહેલાંના છોકરાં અમને ટીકાટીકીને જુએ. દાદાદાદીને મનથી અમારા પર ભાવ હશે, પણ છણકા અને ડારાથી કામ લેવાની તેમની રીતો અમને મૂંઝવતી. દોઢ વર્ષનો હું અને છ વર્ષના મોટા ભાઈ કુટુંબનાં આમ તો લાડકાં બાળકો હતાં. થોડા જ વખત પછી પોરબંદરથી મારાં બા પણ આવી ગયાં અને 'સબ સલામત' લાગ્યું.

પોરબંદરમાં પ્લેગની શાંતિ થઇ એટલે પિતાશ્રીએ અમને પાછાં બોલાવી લીધાં. એ વખતે તેમને સબ પોસ્ટમાસ્તર તરીકે કામ કરવાનો પ્રસંગ મળ્યો હતો તેથી પોસ્ટ ઑફિસના પટાવાળા તથા હલકારાની સેવા રાતદિવસ ઘરને મળતી. શહેરમાં પણ પોસ્ટ માસ્તર સરકારી અમલદાર તરીકે મોભો ધરાવતા. તારને અંગે વેપારીઓ, પરદેશી કાબુલીઓ ને અંગ્રેજ મિશનરીઓ આવતા તેમની સાથે પિતાજી બારીમાંથી વાતો કરતા ત્યારે હું અંદરથી તેમના ચહેરા જોતો. કાબુલીઓ અમને બાળકોને જોઇ તેમની કાળી દાઢીઓ વચ્ચે સફેદ દાંત દેખાય એમ હસતા. કોઇકોઇ અમને અંજીર, દ્રાક્ષ કે કાજુ આપી જતા. એક સાહેબે અમને 'આર્મી ઍન્ડ નેવી કંપની'નું કૅટલોગ આપેલું. તેમાં સાહેબોના ચહેરા પર મારા પિતાશ્રી જેવી મૂછો હોવાથી મને તે ગમતા. એમાંનાં ચીનાઈ વાસણોના રંગીન પાનાં અમે જુદાં કરી સાચવતા.

મોટાભાઇને નિશાળે મૂકી દીધા હતા. તેને એક પટાવાળો મૂકવા જાય ત્યારે હું હઠ કરી સાથે જતો. પણ એક વાર માસ્તરે 'મોટાભાઇનું પૂંછડું' કહી મને ચીડવ્યો ત્યારથી પાછળ જતો અટકી ગયો. પોરબંદરમાં પડાવેલા એક ફોટોગ્રાફમાં મારી, મોટાભાઈની ને બા-બાપુની છબીઓ છે. તેમાં વચ્ચે દેખાતું ગોળ ટેબલ હજી પણ અમારા ઘરમાં છે.

અમારો એક પૅકર પટાવાળો(ટપાલના થેલા ભરી, બાંધી, સીલ કરી સ્ટેશને લઇ જનારો તથા ટપાલ લાવનારો) ઘરમાં પણ કામ કરતો. તેનું નામ કેશવો હતું. રહેવાના ખંડ કરતાં રસોડાની ભોં બે પગથિયાં નીચી હતી, એટલે તે જ્યારે સાવરણીથી રસોડું ધોતો હોય ત્યારે હું પગથિયાં પર બેસતો. અને તે મને ખુશ કરવા ગાયનો ગાતો. તલવારને બદલે સાવરણી ઊંચી કરી તે 'હલામણ જેઠવા' નાટકનું ગીત 'વિદેશવાટ જાઉં છું આ વાર ધૂમલી' ગાતો. તે હું ભૂલ્યો નથી. તે ઘણી વાર રસ્તાને સામે કાંઠે આવેલી એક ધર્મશાળામાં મને લઇ જતો. ઘણે ભાગે ત્યાં તેની મા સાથે એક ઓરડીમાં તે રહેતો. ત્યાં એક કૂવો હતો તેમાં એક કાચબો હતો તે જોવાની મને બહુ મઝા પડતી. ત્યાં બદામડીનું ઝાડ હતું તે પરથી પાકી લાલ બદામો પણ કેશવો ઉતારી આપતો.

એ વખતે મારા પિતાશ્રીના શાળાના મિત્ર રણછોડદાસ પટવારી પોરબંદરના દીવાન હતા. તે કોઇકોઈ વાર પોસ્ટ ઑફિસ આગળ ગાડી



કેશવો
હલામણ જેઠવા



પિતાજી મને ઑફિસમાં લઈ જઈ લાલ ભૂરી પેન્સિલો
અને રદ્દી કાગળો આપતા અને હું તેમાં ચિત્રો ચીતરતો

ઊભી રાખી વાતો કરતા. એકાદ વાર ઘરમાં આવ્યા ત્યારે મને જોઇને છાયા ખાતે દરબાર-કચેરી હતી ત્યાં સુધી ઘોડાગાડીમાં લઈ ગયા હતા, ને ત્યાં પટાવાળા પાસે પાકી બદામો પડાવી આપી હતી.

આ સમયે પિતાશ્રીએ સ્ટેટ લાયબ્રેરીમાંથી ઘણી સારી ચોપડીઓ વાંચી નાખી. એ વખતે મહાત્માશ્રી નથુરામ શર્માના મંડળમાં પોરબંદર કન્યાશાળાનાં હેડ મિસ્ટ્રેસ ઝબકબેન હતાં. તેમની સાથે બાને સહિયરપણું લાધ્યું. તેમના સમાગમથી બા વાંચતાં શીખી ગયાં હતાં એટલે રોજ બપોર પછી કોઇ પુસ્તક બહુ ધીમેધીમે અમે સાંભળીએ તેમ વાંચતાં, પણ મને કશું સમજાતું નહિ. ઝબકબેનના પતિ લીમડીના મણિશંકર ઉપાધ્યાય પણ શિક્ષક હતા. તેમના પુત્રો દુર્ગાશંકરભાઇ વગેરે આજ સુધી કુટુંબનો સંબંધ સાચવી રહ્યા છે. પાછળથી એ પતિપત્નીની બદલી જૂનાગઢ સ્ટેટમાં થઈ હતી. ત્યાં પણ બીજા જતાંઆવતાં એ દંપતીનો પ્રેમપૂર્ણ મેળાપ થતો.

આ જ ગાળામાં પિતાશ્રીને શ્રી નથુરામ શર્માનો સમાગમ થયો ને રીતસર દીક્ષા લઇને તેમના શિષ્યમંડળમાં જોડાયા. તે વિષે તેમણે જ એક ઠેકાણે નોંધ કરી છે: ‘એ મારા મહદ્ ભાગ્યની વાત હતી. જોકે આગળના વખતમાં કોઇ મોટા દોષ નહોતા કર્યા, અને થયા હશે તે અજ્ઞાનને લીધે થયા હશે; પણ જ્યારથી મહાત્માશ્રીનું શરણ લીધું છે ત્યારથી ખાતરીપૂર્વક કહું છું કે કોઈ ગંભીર દોષ કર્યો નથી, ને બનતા પ્રયત્ને નીતિના રસ્તા પર રહ્યો છું. તેથી મનને બહુ શાન્તિ રહી છે અને અંતઃકરણ બળવાન રહ્યું છે.’

૧૨ રાજકોટ

૧૮૯૫ના જુલાઇ માસમાં સરખા પગારે પિતાશ્રીની બદલી રાજકોટના હેડ સિગ્નલર તરીકે થઇ. ત્યાં ઘણાં જૂનાં ઓળખાણો હતાં એટલે બહુ અનુકૂળતા થઇ. અભ્યાસ માટે સારાં પુસ્તકો મળી શક્યાં. તે વખતે પોસ્ટ માસ્તર તરીકે બરજોરજી આગા હતા. તે બહુ આવડતવાળા માણસ હતા, પણ અંગ્રેજી જોઇએ તેવું લખીવાંચી જાણતા નહોતા તેથી તેમની પોતાની ઑફિસનું અગત્યનું લખાણ પઢાણ પિતાશ્રીને સોંપતા. પિતાશ્રીએ એમાં કદી અણગમો બતાવ્યો નહિ તેથી આગાસાહેબ સાથે સારો સંબંધ બંધાયો, અને તેમાંથી પિતાશ્રીએ હેડ ઑફિસના કામની પૂરેપૂરી માહિતી મેળવી લીધી તે ભવિષ્યમાં બહુ કામ લાગી. આગા તો એટલા ખુશ થયા કે તેમણે તેમના કામનાં મુક્તકંઠે વખાણ કરી તેમના માટે ઇન્સ્પેક્ટરની જગ્યાની ભલામણ કરી.

એ સમયે કાઠિયાવાડ સબ-ડિવિઝનના પોસ્ટલ સુપરિન્ટેન્ડેન્ટ કારંજાવાલા પણ કોઇકોઇ કેસોના તરજૂમા કરવાનું સોંપતા, તે સાથે સબ ડિવિઝનના ઈન્સ્પેક્ટરોને પણ તેઓ સહાય કરતા. તે વખતે કચ્છ વિભાગના સુપરિન્ટેન્ડેન્ટ મિ. કામદીનની ઑફિસ પણ રાજકોટમાં હતી. તેમની સાથે જે પરિચય થયો તે પાછળથી પોતે ઈન્સ્પેક્ટર થયા ત્યારે અનુકૂળતા આપનારો બન્યો હતો.

શ્રી નથુરામ શર્માનો આશ્રમ રાજકોટમા પણ હતો અને ત્યાં બહુ ઊંચા દરજ્જાના વિદ્વાન પુરુષો શિષ્યમંડળમાં હતા. તેઓ દરરોજ નિયમિતપણે આશ્રમમાં શ્રવણ-અભ્યાસ માટે મળતા. તેમાં વિશ્વનાથ સદારામ પાઠક, ટ્રેઇનિંગ કૉલેજના પ્રિન્સિપલ ગણપતરામ અનુપરામ ત્રિવેદી અને હેડ માસ્તર મંગળજીભાઇ હરજીવન ઓઝા વગેરે હતા. ગણપતરામ ત્રિવેદી તો જે વખતે શ્રી નથુરામ શર્મા મહેતાજી હતા તે વખતે તેમના કેળવણી-અધિકારી હતા! છતાં શર્માજીનાં જ્ઞાન-વૈરાગ્ય ને ઉપદેશ જોઇ એમના શિષ્ય થયા હતા. હું રવિવારે પિતાજીની સાથે આશ્રમમાં જતો ત્યારે સૌને જોતો. પાંચ વર્ષના ચબરાક બાળક તરીકે સૌએ મને ઓળખવા માંડયો હતો. મારાં કાકા-કાકીને સંતાન નહિ હોવાથી મોટા ભાઇને તો તેમણે પોતાની પાસે રાખી લીધા હતા. મારી નાની બેન નર્મદા અને હું રાજકોટમાં રહ્યાં હતાં.

રાજકોટ ગયા પછી પહેલી વાત તો મને નિશાળમાં મૂકવાની બની. પિતાશ્રી કહેતા કે મને નિશાળમાં મૂકતાં પહેલાં આશ્રમમાં પૂ. ગુરુશ્રીની પાસે એકડો ઘુંટાવ્યો હતો. સદરમાં જ પોસ્ટ ઑફિસ નજીક માર્કેટ પાસે એક ‘ધૂળી નિશાળ’ ચાલતી હતી ત્યાં મને મૂક્યો. બધાની માન્યતા હતી કે આંક અને કક્કો તો ધૂળી નિશાળવાળા જ પાકા કરાવે છે. એને ધૂળી નિશાળ કહેવાનું કારણ તો દેશમાં સ્લેટપેનનો વપરાશ નહોતો ત્યારે ઘેરથી બારીક ધૂળની પોટલી બાળકો લેતાં આવે, તેનાથી લાકડાની નાની પાટી પર ધૂળ છંટકારી તેમાં લાકડાના કલમ જેવા વતરણાથી અક્ષરો ઘૂંટે (અમણને ત્યારે મેણું દેવાતું કે ‘કોઇ દી પાટી પર ધૂળ નાખી છે?’) એમ હાથ પાકો થાય ત્યારે દાતણનો કિત્તો બનાવી ખડીથી અક્ષરો લખતાં શીખવાતું.

પણ ધૂળી નિશાળ મને ગમી જ નહિ. કેટલા દિવસ હું ત્યાં ગયો હોઈશ તે યાદ નથી. એકબે વાર માસ્તર છોકરાઓને લઇ મને તેડવા આવ્યા. બે છોકરાઓએ હાથ પકડયા, પણ મેં પછાડા મારી છોડવી દીધા અને પછી રૂસણું લઈ ઘરમાં ભરાઈ બેઠો. આ ધૂળી નિશાળના મહેતાજીઓ તે દિવસોમાં પણ છોકરાઓને લેવા નીકળતા અને રડતાં કકળતાં બાળકોને મોટા છોકરાઓ પાસે ટીંગાટોળી કરાવી નિશાળમાં



ધૂળી નિશાળના માસ્તરો ટીંગાટોળી
કરાવીને નિશાળે લઈ જતા



વિશ્વનાથ સદારામ પાઠક



નારાયણરાવ કાકા

લઈ જતા એવું મેં ભાવનગરમાં પણ જોયું હતું.

એવામાં મારાં માતુશ્રી મને રાજકોટમાં રાખીને મારી નાની બેનને લઈને ભાવનગર ગયાં અને પિતાજીને તથા મને ખાવાનું કરી આપવા ભાવનગરથી દાદીમાને તેડાવ્યાં. એઓ મારા માટે ઘણો ભાવ રાખતાં, પણ હું જો લાડ કરું તો તતડાવી નાખતાં. એ મને ગમતું નહિ. આમ ઘણા અણગમા ભેગા થયા એટલે નિશાળે જવાથી હઠીબેઠો.

મંગળજી માસ્તર ટ્રેઇનિંગ કૉલેજના હેડ માસ્તર હતા. એક વાર તે ઘેર આવી ચડયા તેમને પિતાજીએ મારી હઠની વાત કરી. તે સમજુ શિક્ષક હતા. મને એ પોતાને ઘેર લઈ ગયા ને મારી જ ઉમરના તેમના પુત્ર ગટુભાઈ (જયંતીલાલ)નો પરિચય કરાવ્યો. પછી અમને સાથે જ તેમની પ્રૅક્ટિસિંગ સ્કૂલમાં આવવાનું કહ્યું. તે મને ગમ્યું.

તારના પટાવાળા સદાશિવની સાથે હું તે સ્કૂલમાં જવા લાગ્યો. મંગળજીકાકા પાસે જ ગટુભાઇ પણ રમતા. અમે બંને બધા ક્લાસોમાં ઘૂમતા. ધીરેધીરે બાળવર્ગના એક શિક્ષકે અમને હાથમાં લીધા અને અમે રમતાંરમતાં બાળવર્ગમાં પાસ થઇ ગયા.

શિક્ષકોના ઓરડાઓમાં ફરતાંફરતાં મેં કેટલાક શિક્ષકોને રંગથી ભાતભાતનાં ચિત્રો કરતા જોયા. માનું છું કે તે વખતના ચિત્રગુરુ ઉસમાન બચલ શિક્ષકોને ત્યાં ચિત્રકામ શીખવતા હશે. મને તે જોઈ નાદ લાગ્યો અને હું પણ ઘર આગળ ચિત્રો કરવા લાગ્યો. આથી રજા કે ફુરસદના વખતે પિતાજી મને ઑફિસમાં લઇ જઈ એક તરફ બેસાડી લાલ-ભૂરી પેન્સિલ અને રદ્દી કાગળો આપતા, અને તે વખતે મળતી એક સસ્તી ને સચિત્ર બાળપોથી આપતા. તેમાંથી હું ચિત્રો દોરવાનો ડોળ કરતો અને મારાં બાની ગેરહાજરી ભૂલી જતો.

ઘરમાં તો ભાગ્યે જ કોઈ ચિત્ર કે ચિત્રની ચોપડી જોવા મળતી. મુખ્ય ખંડની ભીંત પર આવનારને દેખાય તેમ સામે શ્રી નથુરામ શર્માની ફોટો-છબી હતી. રસોડા નજીકના ખંડમાં ગુરુશ્રીની બીજી એક નાની છબી, જેમાં તેઓ પદ્માસન કરી બેઠેલા તે રહેતી. બાજુમાં ગીતાજીનું પુસ્તક, માળા અને ભસ્મની ડાબલી રહે. રોજ સવારે સ્નાન કરી, હાથવણાટની ટૂંકી ધાબળી પહેરી પિતાજી શ્લોકો બોલતા બહાર નીકળતા અને ત્યાં સંધ્યા કરવા બેસતા. કપાળમાં ભસ્મનું ત્રિપુંડ કરી પ્રાણાયામ કરતા, ઊભા રહીને જપ કરતા, ઘણીવાર બદ્ધ પદ્માસન કરી ધમણની જેમ શ્વાસ ખેંચતા. એમનું જોઇ હું પણ ગમે ત્યારે પગની આંટીઓ ચડાવી, પીઠ પાછળ હાથની ચોકડી કરી, પગના અંગૂઠા પકડવા યત્ન કરતો. દરરોજ ભોજન કરતાં પહેલાં વૈશ્વદેવ માટે અંગારા અને છાણાંનો ભરેલો ત્રાંબાનો નાનો વેંત જેવડો કુંડ માતુશ્રી સાણસી વતી તેમની સામે મૂકતાં. તેમાં રાંધેલા ભાત ને ઘી સાથે પિતાશ્રી મંત્રોથી આહુતિ આપતા તે વખતે ઘરમાં ઘીની મધુરી સોડમ છૂટતી. અમે ભાઇબેન પાસે બેઠાં હોઇએ તો બે ભમ્મર વચ્ચે વૈશ્વદેવની રાખથી આશકા કરતા, તેનાથી અમારાં મન પ્રફુલ્લિત બનતાં.

અંદરના ખંડમાં એક ફ્રેઈમમાં બેચાર ફોટો ભરી દીધા હતા. તેમાં કુટુંબના ગ્રુપ ફોટો સાથે કવિ નર્મદની કપાળે આંગળી લગાડેલી છબી હતી, જેની નીચે 'નર્મદ આખરે જુદાઇ જ' વાક્ય છાપેલું હતું. બીજી એક છબીમાં બાલગંગાધર તિલક હતા. આ છબી ઘરમાં કેમ આવી હશે તે હું એ વખતે સમજ્યો નહોતો, પણ પછી પિતાશ્રીના સાથી તાર માસ્તર પૂનાના નારાયણરાવ કાકાનો પરિચય થયો ત્યારે સમજ્યો. તેમની પાસેથી પિતાશ્રીએ લોકમાન્ય તિલકની વાતો જાણેલી. તેઓ તેજસ્વી મહારાષ્ટ્રી હતા. પિતાશ્રી સાથે તેમને ભાઈ જેવો નાતો બંધાયો હતો. ગણપતિઉત્સવના દિવસોમાં હું મારા બાપુ (હવે હું તેમને બાપુ કહેતાં શીખી ગયો હતો) સાથે તેમને ત્યાં ગયો ત્યારે ગણપતિની આસપાસ કરેલી શોભા તથા ભીંત ઉપર ટાંગેલાં ઇટાલિયન ચિત્રો જોઇ હું ખૂબ જ પ્રભાવિત થએલો.

મારાથી થોડાં વર્ષ મોટી તેમની પુત્રી તાનીએ મને બહુ મમતાથી બોલાવ્યો, ખાવાનું આપ્યું ને રમાડચો ત્યારથી તેની ગૌર વર્ણની આકૃતિ ને ભૂરી આંખોવાળું રૂપાળું મોં એક દેવી જેવું લાગતું. એ સ્વરૂપ મારા મનમાં હમેશાં માટે સ્થિર થયું હતું. કેંક વર્ષો બાદ ૧૯૧૭ના અરસામાં મારા પિતાશ્રીને પોસ્ટ માસ્તર જનરલની મુલાકાત માટે પૂના જવાનું થયું ત્યારે હું તેમની સાથે પૂના ગયો હતો. ત્યાં તેમણે કહ્યું કે મારા પુરાણા મિત્ર નારાયણરાવ પેન્શન પર હજુ હયાત છે એને ઘેર જવું છે. મને થયું કે નાનપણની તાનીબેન પણ મળશે.

સાંજે પૂનાના એક જૂના સાદા લત્તામાં મેડા પર અમે ચડયા ત્યારે દીવાના આછા અજવાળામાં પણ નારાયણરાવકાકાની એની એ થોભિયાંવાળી મૂછો જોઈ મેં ઓળખી કાઢયા. એમના ઘોઘરા અવાજે તે બોલ્યા: 'મહાશંકરભાઈ આપણે કેવો સુંદર જમાનો જોયો હતો? હું તો અહીં આવી દુ:ખી થઈ ગયો. તાની તો બાળપણમાં જ વૈધવ્ય પામી છે. તેની મા વહેલી ચાલી ગઈ તેથી મારી સાથે જ રહી ઘર સંભાળે છે. તમને સૌને ખૂબ યાદ કરે છે. તાના! ઈકડે યે. મહાશંકર કાકા અને રવિ આવ્યા છે.'

'રવિ આવ્યો છે?' મેં સાંભળ્યું. તેમાં નાનપણનો ઉમળકાભર્યો ટહુકો હતો. પણ બારણામાં આવેલી આકૃતિમાં કરુણાભર્યું જીવનખંડેર જોયું. દાંત પડી ગએલી, દૂબળી ડોશી જેવી તાનીબેન કૈં કૈં સ્મરણો સાથે મને જોઇ રહી હતી. વર્ષોના અંતરે કરેલું કેવું કાતિલ સ્વરૂપાંતર!



કાબુલીઓ મને અને નાની બેનને બદામ, કાજુ, દ્રાક્ષ વગેરે આપતા



જમણી બાજુ
તેમની પુત્રી તાનીએ મને બહુ મમતાથી બોલાવી ખાવાનું આપ્યું

નક્કોરડો ઉપવાસ

★ ચુનીલાલ વર્ધમાન શાહ

મેં પહેલો ઉપવાસ કર્યો ત્યારે હું અગિયાર વર્ષની વયનો હતો. જૈનોનો ઉપવાસ એટલે નક્કોરડો જ હોય; અને એ ચોવીસ કલાકનો નહિ પણ છત્રીસ કલાકનો હોય. ઉપવાસના દિવસની આગલી રાતના બાર કલાકમાં ભોજન ન કરી શકાય; એટલે ઉપવાસ માટે સળંગ છત્રીસ કલાક ભૂખ્યા રહેવું જોઈએ. ઉકાળીને ઠંડું કરેલું પાણી ઉપવાસને દિવસે પી શકાય, પણ રાત્રે ન પીવાય. શારીરિક શક્તિ હોય તેઓ તો છત્રીસ કલાક દરમિયાન અન્ન કે જળ કાંઇ ન લેવા જેવો આકરો ઉપવાસ પણ કરે.

પજુસણના દિવસોમાં બની શકે તે નાનાં-મોટાં બધાં ઉપવાસ કરે. એ દિવસોમાં ઘરનું, બહારનું અને જૈનોના લત્તાનું વાતાવરણ જ વ્રતમય, તપમય, દયામય, દાનમય, આરાધનામય અને વ્યાખ્યાનશ્રવણમય બની જાય. વૃદ્ધ સ્ત્રીપુરુષો વિશેષાંશે અને જુવાન સ્ત્રીપુરુષો સાધારણ રીતે ધર્મક્રિયામાં જ રત રહ્યા કરે. તેમના પરિચયથી ઘરનાં છોકરા-છોકરીઓ પણ એ દિવસની ધાર્મિક ક્રિયાઓમાં રસ ધરાવતાં થાય; કોઇકોઈ તો દેખાદેખીથી તન્મય બની જાય, અને વ્રત-ક્રિયા પ્રારંભ્યા પછી તે પૂરાં થાય ત્યાં સુધી અનેરો આનંદ અનુભવે. નાનાં છોકરા-છોકરીઓમાં વ્રતોની અને કોઇ વાર ઉપવાસો કરવાની સ્પર્ધા પણ ચાલે. 'ગયે વર્ષે પજુસણમાં મેં એક ઉપવાસ કરેલો, આ વર્ષે છઠ (સતત બે ઉપવાસ) કરવાનો છું' એમ કહેવામાં વ્યક્ત થતું પરાક્રમ પેલા આનંદના માપ ઉપર આધાર રાખતું હોય છે.

સાઠેક વર્ષ પૂર્વેના જૈન સમાજના આવા ધર્મોત્સવમય વાતાવરણમાં એકવાર હું ઉત્સાહથી ઉપવાસના પચ્ચખાણ લેવા ઊભો થયો ત્યારે પાસે બેઠેલી મારી માતાનું મો વિનોદપૂર્વક મલક્યું. એ મલકાટ એમ કહેવા માટે હતો કે 'રહેવા દે, તારું કાંઈ ઉપવાસ કરવાનું ગજું કહેવાય?' માતાએ પહેરણની ચાળ ખેંચી મને બેસાડી દેવા ઝાવું નાખ્યું, પણ હું બેઠો નહિ, સાધુ પચ્ચખાણ આપી ચૂક્યા ને 'આજે ઉપવાસ કરવાનો છું' એવી મૂક ઘોષણા કરતો હોઉં એમ ઉત્સાહ માણતો હું બેસી ગયો.

મેં પચ્ચખાણ લીધાં એ બાને ગમ્યું નહિ; પણ જો સાધુના મુખેથી પ્રતિજ્ઞા લેવાઇ જ ગઈ તો પછી તે પૂરી કર્યા વિના કાંઈ ચાલે? બાએ મને નાસીપાસ ન કર્યો, પણ મારી સ્વસ્થતા ઉપર ખૂબ ધ્યાન રાખ્યા કર્યું.

જમવાના પહેલા ટંકનો કાળ મધ્યાહ્નનો હતો. તે ગયા પછી ભૂખ પ્રભાવ દેખાડવા લાગી. પણ ત્યારે ઊંઘ પણ સરસ આવી. ભોજનના ભાર વિનાના હળવા ઉદરમાં આરામ અનુભવતાં આંતરડાં ઊંઘનો સરસ આદર કરે છે. ઊંઘમાંથી હું ચાર વાગ્યે ઊઠ્યો ત્યારે ભૂખ લાગી હોવાનું પહેલી વાર ભાન થયું, પણ તે વેઠી લેવાનો નિશ્ચય તો કરેલો જ હતો.

બાએ ઉકાળેલું-ઠંડું પાણી પાયું. તે ઉદરમાં પડ્યું એટલે ભૂખનું ય સ્વલ્પ શમન થયું અને મન ઉત્સાહ અનુભવવા લાગ્યું.

આઠ વાગતાં બિછાનામાં પડી મેં આળોટવા માંડ્યું. તે બાએ દસ વાગ્યા સુધી દૂર રહીને જોયા કર્યું. ઘરનાં બધાં સૂઇ ગયા એટલે મારા બિછાના પાસે આવી બાએ ધીરેથી પૂછ્યું, 'કેમ ભાઈ, હિંમત છે ને?'

'હા, હા, કશી ફિકર નથી; પણ ઊંઘ આવતી નથી' મેં બિછાનામાં બેઠા થઇને કહ્યું. ઊંઘ અને ભોજનનો કેવો સંબંધ હોય છે તે બા સમજતી, પણ એ વયે મને તે સમજ નહોતી. બાએ જવાબ આપ્યો, 'દિવસે તું ખૂબ ઊંઘ્યો છે એટલે રાત્રે ઊંઘ મોડી આવશે. તું તારે સૂઇ જા; હું તારે બરડે હાથ ફેરવું છું' હું સૂઇ ગયો અને બાએ મારે બરડે હાથ ફેરવવા માંડ્યો. માતાના કૂળા કરસ્પર્શથી જરા ઝોકું આવી ગયું, પણ કલાકેક પછી હું જાગી ગયો. ત્યારે બાજુના મકાનમાંની ઘડિયાળે બાર ડંકા વગાડ્યા.

બા જાગતી જ સૂતી હતી. તેણે નજીક આવી ફરી બરડો પંપાળ્યો અને કહ્યું, 'સૂઈ જા, હવે એક ઊંઘ લઈશ ત્યાં સવાર પડી જશે.'

હિંમતને ડગવા દીધા વિના હું પાછો સૂઈ ગયો. ફરી ફરી આળોટું, વારે વારે બેઠો થાઉં અને સૂઈ જાઉં, પણ ચેન પડતું નહિ. બાએ એ બધું જોયું તેના મનમાં દુઃખ થયું અને મને પૂછ્યું: 'શું થાય છે ભાઈ?'

મેં કહ્યું, 'પેટમાં ગોટા વળે છે.'

મારા એ નક્કોરડા ઉપવાસનું પારણું કરાવવા બાએ ખાસ તૈયારી કરી રાખી હતી તેણે સૂંઠની સુખડી બનાવી હતી, અને મને વહાલા ખાખરા બનાવી દહીં મેળવી રાખ્યું હતું. રસોડામાં જઇને બા એ બધું લઇને મારા બિછાના પાસે આવી.

હું સમજી ગયો અને બોલ્યો: 'ઉહું' મારે ઉપવાસ ભાંગવો નથી. એ કશું ખાવું નથી.' એમ કહીને હું પાછો સૂઈ ગયો. બાએ એ બધું મૂગાં મૂગાં ખાટલા હેઠળ ઢાંકી રાખ્યું.

વ્રત ભાંગવું, પચ્ચખાણ તોડવું, પ્રતિજ્ઞા ફોક કરવી એ મહાપાપ ગણાય એવી મારા શ્રદ્ધાળુ મન પરની છાપ હતી. પવિત્ર સાધુ પુરુષે આપેલા વ્રતનું મહાપુણ્ય હારી જવા જેવું કૃત્ય કરાય જ નહિ એવી પરંપરાગત માન્યતા હતી. આદરેલો ઉપવાસ પાર ઉતારવાનો નિશ્ચય જરા પણ ડગે તે મને ગમતું નહોતું. બાએ સારી પેઠે પંપાળ્યો એટલે ફરી જરા ઊંઘની લહેર આવી. પરંતુ બેચેનીથી ફરી પાછું જાગી જવાયું અને બાને પૂછ્યું: 'સવાર પડવાને કેટલી વાર છે?'

'હવે અરધા કલાકનું અંધારું છે. તું દાતણ કરી લે, ત્યાં સવાર પડશે.'

'આટલું વહેલું દાતણ કરાય?'

'અંધારામાં દાતણ કરવાનો વાંધો નહિ.'

બાની એ શિખામણ માનીને મેં દાતણ કર્યું. પછી બાએ સૂંઠની સુખડીનું ચોસલું અને ખાખરો-દહીં ખાવા આપી પારણું કરાવ્યું.

વસ્તુતઃ ત્યારે રાતના ચાર વાગ્યા હતા, ને ત્રણ કલાક રાત બાકી હતી! પુત્ર પરની માયાએ માતાને અસત્ય બોલવા પ્રેરણા કરી હતી!

મારો ઉપવાસ ભાંગીને, રાતને વખતે સવાર હોવાનો ભ્રમ ઉપજાવીને બાએ મને પારણું તો કરાવ્યું, પણ તેને પોતાને વસમું લાગ્યું. આ રીતે ઉપવાસ ભાંગવાના દોષની મને ખબર પડતાં હું કેવો મનભંગ થઈ જઇશ તેની એને ચિંતા થવા લાગી.

હું તો પારણું કરીને જરા આડો પડ્યો કે તુરત ફરી ઊંઘ આવી ગઇ. મારે મન સૂવાના ઓરડાની બહાર ક્યારનું સવાર પડી ગયું હતું!

હું ઊંઘમાંથી જાગ્યો ત્યારે દિવસના નવ વાગ્યા હતા. બેચેની વેઠીને પણ ઉપવાસ ખેંચી કાઢ્યો-પાર ઉતાર્યો, તેનો સંતોષ મારા અંતરને પુલકિત કરતો હતો; પરંતુ ઘરનાં મોટેરાંને મારા પારણાની ખબર હતી! કોઇ મને એ કહેશે તો તે જાણતાં જ હું એકદમ શરમથી લેવાઈ જઈશ અથવા પાપ લાગ્યાના ડરથી હચમચી જઈશ એમ બાના મનમાં થયા કરતું હતું. મન ઉપરનો એ ભાર તેને અકળાવતો હતો.

બપોરે બા મને ધર્મસ્થાનક પર લઈ ગઈ. જે સાધુના મુખેથી મેં ઉપવાસનાં પચ્ચખાણ લીધાં હતાં તેમની સમક્ષ બાએ મને ઊભો રાખ્યો, અને મારા ઉપવાસની તથા વહેલું પારણું કરાવવા બદલના પોતાના દોષની યથાસ્થિત વાત એ સાધુને કહી. સાધુએ તત્ક્ષણ કહ્યું: 'તમે સુષ્ઠુ (સારું) કર્યું. ચિત્તની શાન્તિ માટે એવો નાનો દોષ થઇ જાય તો તેની આલોચના (પ્રાયશ્ચિત્ત) કરી લેવાય.'(અનુ પૃ. ૧૦૮)

કાલાસ અને કેન્ડોલ

ચન્દ્રવદન મહેતા


કે કેન્ડોલ

બીજે દિવસે સવારે પડચોપડચો બી.બી.સી.ના રીપીટ પ્રોગ્રામમાં મીરાંબેન સ્લેઇડનો ઇન્ટરવ્યૂ સાંભળતો હતો. પારી(સ)માં એમણે એકાએક ગાંધીજીને જોવા-મળવાનું કેવું મન થયું, ત્યારથી માંડીને એમણે આખી કથની સુંદર રીતે ગૂંથી હતી ત્યાં ખંડમાં પડખે પડેલો ટેલિફોન ખખડ્યો અને બ્રિટિશ કાઉન્સિલના મિ. ફ્લૅગ બ્રુક્સનો અવાજ સંભળાયો: 'ગઈ રાતે ઑપેરા હાઉસની બે ટિકિટ તમને મોકલાવી છે એ મળી?' મેં કહ્યું, 'નીચે હશે; હું નાસ્તો અહીં જ મંગાવી ખાઉં છું; પણ મળશે.'

'તે બન્ને કોઇ પાછી માગે તો તમે ન આપતા. આજે રાતે પ્રખ્યાત માદામ કાલાસ 'મીડિયા'માં ઊતરનાર છે, એની એ ટિકિટ મહામહેનતે મેળવી છે; તમે તમારી પાસે જ રાખજો.' એણે બીજું પણ કંઈક કહ્યું, પણ મારો કાન બી.બી.સી.ના પ્રોગ્રામમાં હતો, એટલે થૅન્ક્યૂ કહી મેં ટૂંકે પતાવ્યું. એટલામાં નીચેથી કાગળિયાં આવ્યાં. એમાંની બે ટિકિટ બરાબર જોઈ પાકીટમાં મૂકી, તૈયાર થઈ નીચે જવા આંટા મારું છું ત્યાં ફરી ટેલિફોન! નીચે ઑફિસમાં હસમુખી છોકરીએ છાપાં-ચોપાનિયાં આપ્યાં, એટલામાં એ કહે ત્રીજો ટેલિફોન! ફ્રૂટ જ્યૂસ પીવા માટે ખાવાના ખંડમાં જાઉં છું કે ફરી ટેલિફોન. બધી ભાંજગડ છોડી આપણે તો ઑક્સફર્ડ સર્કસની બસ પકડી સીધા ડેવિસ સ્ટ્રીટમાં બ્રિટિશ કાઉન્સિલમાં પહોંચી ગયા.

કહે છે કે મળસ્કાની શરૂઆતથી જ લંડનના ટેલિફોન રોજ કરતાં વધારે રણકવા શરૂ થઈ ગયા હતા. લંડન શહેરમાં અને લંડનથી મૉન્ટેકાર્લો સુધીની ટ્રંક લાઇનમાં પણ વીજળી એટલી જ ઝડપથી દોડાદોડ કરી કંઈક અવાજોની લાવજા કરી રહી હતી.

તે સવારે મારે હૉસ્પિટલમાં એક મિત્રની ખબર કાઢવા જવાનું હતું. મિત્ર તે બીજા કોઈ નહિ પણ અમદાવાદના આપણા કીર્તિદેવ ચિનુભાઇ બૅરોનેટ. કીર્તિભાઈને બીન વગાડતાં ફક્કડ આવડે. એની કીર્તિ લંડનમાં પણ પ્રસરેલી સાંભળી હતી. એને મળ્યો, અને એ કહે કે આજે જ હું બહાર નીકળવાનો છું. ડૉ. રજા આપે કે ન આપે. એક નાનું ઑપરેશન કરવામાં આવ્યું હતું, એટલે એની નબળાઈ પણ હતી. પણ એ તો કહે કે આજે બહાર જવાનો જ છું. હું એને કંઈ વાત કરું તે પહેલાં જ એણે તકિયા હેઠળથી બે ટિકિટ કાઢી બતાવી.

'મીડિયા' જગમશહૂર યુરિપિડીસનું નાટક. લગભગ અઢી હજાર વર્ષ પહેલાં લખ એલી, ગ્રીસમાં ભજવાએલી કૃતિ. સૌએ વાંચી જ હોવી જોઇએ, એટલે એના વસ્તુ કે કથાવિસ્તારવામાં આપણે વખત નહિ બગાડીએ. એ નાટક હેલસિન્કીમાં તો જોએલું અહીં એ ઉપરથી રચાએલો ઑપેરા. એમાં માદામ કાલાસ ઊતરશે, ગાશે, લંડનના 'ઑપેરા-હાઉસમાં ધૂમ મચશે. યુરોપભરમાં માદામ કાલાસની ખ્યાતિ ગાજે. એનો અવાજ સાંભળી ભલભલાનાં હૃદય થનગની ઊઠે, દ્રવિત થાય, વિહ્વળતા અનુભવે. કુદરતી રીતે ટિકિટ માટે પડાપડી થાય.

કેવળ યુરોપનો નહિ પણ દુનિયાભરનો મોટામાં મોટો જુગારનો અડ્ડો તે મૉન્ટે કાર્લો: ફ્રાન્સની દક્ષિણે. ત્યાં દુનિયાના માલેતુજાર નબીરા બાપીકી દોલત ચકરડે ઘુમાવે. લાખલાખના દાવ એ તો ત્યાં હસવાની વાત. લક્ષ્મી સૌથી વધારે ચાંચલ્ય ધરાવતી હોય તો તે ત્યાં. ભલા કરોડપતિઓની કરોડ પણ પલવારમાં ભાંગી નાંખે. થોકબંધ નોટોની થપ્પીઓ ફરફર ફરતા આંકની ફુદડી ઉપર ચગડોળે ચડે. એકની છાતી ઉપરથી બીજાની છાતી આગળ જઇ બેસે, ત્યાં ગજ ગજ છાતી ફુલાવા પણ ન માંડે એટલામાં ત્રીજાના ખોળામાં જઈ પડે!

ગ્રીસના કરોડપતિ ઍરિસ્ટૉટલ ઓનાસિસ એ દિવસોમાં ત્યાં હતા. એને એકાએક મૉન્ટે કાર્લોમાં લંડન જઇ રૉયલ ઑપેરા હાઉસમાં 'મીડિયા' જોવાનું મન થઈ આવ્યું. પોતાના અનેક કારભારીઓમાંથી એકને રાતોરાત લંડન ઉડાડ્યો, અને મળસ્કાનાં છાપાંઓમાં 'મીડિયા'ની વેચાએલી ટિકિટો જે કોઈ વેચવા તૈયાર હોય એમણે અમુક નંબર પર ફોન કરવાની જાહેરાતો પ્રગટ થઈ. આખું લંડન શહેર ખળભળી ઊઠ્યું! એકસામટી ચાળીસ ટિકિટોની જોગવાઇ માટે, જ્યાં-જ્યાં જેણે જેણે ટિકિટો લીધી હોય એની તપાસ થવા માંડી. એ માટે ટેલિફોનો રણક્યા, ટૅક્સીઓ દોડી.

'મીડિયા'ના નાટક ઉપરથી મૂળ ચેરૂબીનીએ આ ઑપેરા લખી, અને બેટાવને (બીથોવને) વખાણી. એમાં મારિયા મૅનૅગિની કાલાસ આજે 'મીડિયા'નો પાઠ ભજવવાની હતી. એ જોવાસાંભળવા રૉયલ ઑપેરા-હાઉસ ખીચોખીચ ભરાઇ ગયું હતું. વેશભૂષા ગ્રીસમાંથી ઍથેન્સથી બનાવી મંગાવવામાં આવી હતી. યુરિપિડીસના નાટકની કથાને વળગીને જ આ ઑપેરા સંગીતમાં ગૂંથવામાં આવેલી, એટલે અહીં કાલાસ મૂળની મીડિયામાં એક વિફરેલી વાઘણ માફક હુંપદે ઘવાએલી નારી તરીકે પોતાનો પાઠ કરવાની હતી. એ જોવા ઓનાસિસ અને એના મહેમાનો વખતસર, શરૂ થતાં પહેલાં આવીને પોતપોતાની બેઠકમાં ગોઠવાઈ ગયા હતા. ના; ચાળીસ જણાને સાથે ટિકિટો તો ન જ મળી. ક્યાંક એક, ક્યાંક બે, ક્યાંક ત્રણ, એમ

કરોડપતિ ઓનાસિસ, એની સાથે લેડી ચર્ચિલ, જરા આઘે સારા(હ) ચર્ચિલ, થોડે દૂર ડેઈમ માર્ગોટ ફૉન્ટીન, એની પાછળ વરવહુ ડગલાસ ફેરબૅન્ક્સ, ખૂણામાં અભિનયસમ્રાટ સર જૉન ગિલગુડ, એમ અનેક નામાંકિત વ્યક્તિઓ હાજર હતી.

નાટકશાળાનો માનગરતબો જાળવવામાં ઇંગ્લેંડને કોઈ ન પહોંચે. થોકેથોક લોક, પણ એક જણ મોડું નહિ. ભલભલા કરોડપતિઓ ઉમરાવો, પાર્લમેન્ટના સભ્યો, અને તરી ન આવે એ રીતે આવી બેઠેલા પ્રધાનો, શરૂ થવાના સમય પહેલાં પોતપોતાની જગ્યાએ શાંતિથી ગોઠવાઇ ગયા હતા. અહીં આ ભવ્ય અને આલીશાન રૉયલ ઑપેરાહાઉસમાં કીર્તિદેવ અને ચન્દ્રવદન મહેતા પણ બિરાજ્યા હતા!

હશે આશરે, ઉપરનીચે મળીને, બે હજાર પ્રેક્ષકો; પણ મનાય નહિ એવી શાંતિ હતી. ઑર્કેસ્ટ્રાના સંચાલક નિકોલા રેસિનો રંગભૂમિની નીચેથી ઑર્કેસ્ટ્રા પિટમાં આવતાં જ એ બાજુ થે ડાની નજર જતાં વિશાળ તળાવમાં નાનીશી કાંકરી પડે એમ સ્હેજ એકસામટો 'આહ'નો ઉચ્છ્વાસ ક્યાંક સંભળાયો. અને એણે એના સાથીદારોને નમી પ્રેક્ષકો સમક્ષ અનેરી અદાથી શિર નમાવ્યું, ત્યાં તો દરેકે દરેકની હથેલીમાં રૂંધાએલી ગુંગળાએલી તાળી સતત વહેતા વીજળીના ગડગડાટ જેવી વછૂટવા માંડી. પલકારામાં 'મૂડ સેટ અપ' થઈ જતાં વાર નથી લાગતી. આખા શ્રોતાવૃન્દના મગજમાં વમળાતા વિવિધ વિચારોને એક ઝાટકે વિદાય કરી, ક્યારે તે પડદો ઊપડે એવા અધીર અને એક મનના એમને કરી નાખ્યા પછી નાંદી, સંઘસંગીત. એમાં યે ઝમક; એટલામાં યે કલ્પનાને લંડનથી વિહરાવીને ગ્રીસમાં ઉડાડવાની તાકાત.

ઇટાલિયન ભાષામાં લખાએલી આ ઑપેરા કે મૂળ ગ્રીકમાં લખાએલું યુરિપીડીસનું આ નાટક વાંચવાનો મેળ ભલે ન ખાય; પણ અંગ્રેજીમાં 'મીડિયા' મળે તો જરૂર વાંચજો. ધગધગતા અંગારાથી ભરચક, શાપોની ઝડીથી ભરપૂર, શક્તિ અને સવેદનાનું આ નાટક રોમાંચ ખડાં કરી નાખે એવું છે; અને એના લેખક યુરિપીડીસની જીવન-ઘટનાઓ પણ ભલભલા નાટકના વસ્તુને ટક્કર મારે એવી છે. પચાસ વર્ષના ગાળામાં એણે લેખનકાર્ય કર્યું, એમાં બાણું નાટકો લખ્યાં. એનાં લખાણોને લઈ એની સામે તરકટબાજોએ જાતજાતનાં તહોમતો મૂક્યાં; કહે છે કે નાણું સંતાડી રાખ્યું. બીજી વહુએ દગાબાજી કરી. પરિણામે ઍથેન્સ છોડી એને ઠેરઠેર રખડવું પડ્યું. એશિયા માઇનોર ગયો; ત્યાંથી મેસેડોનિયાના દરબારમાં આશરો મળ્યો. ત્યાં જાતજાતના કિસ્સાઓ બન્યા. એણે નાટક-કવિતા લખ્યાં. એકાએક દરબારના જંગલી કૂતરાએ એક દિવસ એને ફાડી ખાધો. એના મરણ પછી ઍથેન્સે એનાં ફૂલ(અસ્થિ)ને બિરદાવવા માંગણી કરી. મેસેડોનિયનોએ ના પાડી એને માટે ઘટિત સ્મારક રચ્યું. વળી એક નોંધવા જેવી વાત: એકવાર પછીથી ઍથેન્સ ઉપર ઘેરો નંખાયો ત્યારે એક લશ્કરી અફસરે કોઇ ગોવાળિયાને મોઢે યુરિપીડીસની કવિતા લલકારાતી સાંભળી, એટલે એણે ઍથેન્સને સ્વતંત્રતા આપી દીધી. એવી તો એની કીર્તિ મોત પછી પ્રસરી રહી હતી! આ તો એના જીવનની આછીપાતળી રેખા, પણ એની જીવનપગથાર તો ઘણા ઘેરા રંગે રંગાએલી અને જાણવા જેવી ઘડાઈ હતી.

જેસન જોડે એની આગની જ્વાળા જેવી ધણિયાણી મીડિયા પ્રવેશી અને કોઇ અનેરા કંઠમાંથી હૃદયના ઝીણામાં ઝીણા તારને સજીવન કરનારી સૂરાવલિની લહરીઓએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા. પણ પછી એ સુકોમળ સૂરલહરીઓમાંથી ક્રોધ, વેર, ઈર્ષા, અહંકાર, મદ, સત્તાલાલસાના ભાવ પ્રગટતા જતાં, સૂરાવલિ જલદ થતી જતાં જે ચિત્કાર સિત્કાર ભભુકાવ્યા છે, એ તો જાણે આ ન્યૂયૉર્કમાં જન્મેલી, ઉચ્ચ કદાવર બાંધાની વેધક અને વિશાળી આંખોવાળી માદામ કાલાસના ગળાની વર્ષોભરની માવજતનું પરિણામ. પરંતુ એ કેવળ ગાયિકા જ નથી, સંવેદનાત્મક સૂર સાથે એટલી જ આસાનીથી ભાવ વ્યક્ત કરનારી અનન્ય અભિનેત્રી પણ છે. અભિનય માટે કંઇ ક કદીક એણે ખુલાસાઓ કર્યા છે – છાપાંઓના ખબરપત્રીઓ આગળ, ગ્રા વાતચીતોમાં; એમાં એ તાલીમ ઉપર ભાર મૂકતાં જણાવે છે કે હું પહેલાં તો જેનો પાઠ મારે કરવાનો હોય એ આખો પાઠ બંધબારણે એકલી વારંવાર મૂક અભિનયમાં ભજવી જાઉં, ત્યાર બાદ એ પાત્રનું સંગીત ગળામાં બેસાડું, અને પછી એ બેનો સુમેળ સાધવા પ્રયત્ન કર્યા જ કરું. વિવેચકો એથી જ માદામ કાલાસને એક મહાન અભિનેત્રી માને છે.

ખેલ પૂરો થતાં ચારપાંચ જણાએ બાજુના ઐતિહાસિક રેસ્ટોરાંમાં જવાનું ઠરાવ્યું. ભલભલાં નટનટીઓ ઑપેરા-હાઉસની બાજુમાં આવેલા આ નાનકડા પણ સ્વચ્છ રેસ્ટોરાંમાં ખાણીપીણી કરી ગએલાં. કહે છે કે પ્રખ્યાત નેલી ગ્વીન પણ અહીં રોજ જમતી; ભગવાન જાણે. સૈકાઓની વાત. પણ રેસ્ટોરાં ખરેખર જૂનું, તરેહતરેહના ફોટા ત્યાં લટકે અને એ નટનટીઓનો અડ્ડો જ છે એનું સહજમાં ભાન કરાવે. કીર્તિદેવને ઑસ્પિટલમાં ઉતારી, એમના ખંડમાં લઈ જઈ સુવાડી, હું એ જ ટૅક્સીમાં પાછો ફર્યો. મધરાત પછી કદી જાગું નહિ, પણ ત્રણ રંગીલી વ્યક્તિઓના આગ્રહને ના પાડી શકતો નહોતો. એમની વાત સાંભળવાની લાલચ રોકી શકાય એમ નહોતી.

ત્યાં બેઠા હતા 'સન્ડે ટાઈમ્સ'ના થીએટર વિભાગના વિવેચક હેરૉલ્ડ હૉબસન, બીજા સ્વામીનાથન, અને ત્રીજા ઍલેક ગિન્નેસ. હૉબસન અમારી સાથે હેલસિન્કીમાં ઈંગ્લેંડની પ્રતિનિધિ ટોળીમાં હતા, અને ગિન્નેસ સાહેબને તો 'બ્રિજ ઑન ધ રિવર ક્વાઇ'માં કુશળ અભિનય કરતાં જોયા હતા, એટલે એ (અત્યંત મળતાવડી વ્યક્તિ)ને જોવાનું કોને મન ન થાય?

સ્વામીનાથનને ત્રણ કે ચાર દિવસ રહી અમે લંડનમાં ટેઈમ્સ નદીને કાંઠે નવા બંધાએલા 'મર્મેઈડ' થીએટરમાં જોયો હતો. ત્યાં તો એક નાનકડા છોકરા જેવો, ફોટામાં ઘણો આકર્ષક દેખાતો હતો. 'મર્મેઈડ' નવું, નાનકડું, જરા નવા ઢંગથી બાંધેલું થીએટર છે. લંડનનો એ ભાગ તદ્દન જૂનવાણી છે. એક બાજુ છાપાંઓનો અડ્ડો, બીજી બાજુ અદાલતી કામકાજ; ત્યાં ખૂણા ઉપર, ભોંયતળિયે, માથે ગૅલેરી વિનાનું પણ ચડઊતરની બેઠકવાળું, ઑર્કેસ્ટ્રાની યોજના રંગભૂમિની પાછળ ધરાવતું, અને તેનીયે પાછળ નદીકાંઠે રેસ્ટોરાંની સગવડનું આ 'મર્મેઈડ' થીએટર નજાકતનો નમૂનો છે. માત્ર સાતસો–આઠસો બેઠક.

ત્યાં નાટક જોયું હતું તેનું નામ 'તમારી દીકરીઓને ઘરમાં ગોંધી રાખો' (લૉક અપ યૉર ડૉટર્સ)! મૂળ નાટક તો (આપણે વાંચ્યું નથી) હેનરી ફીલ્ડિંગનું જૂનું નાટક 'બળાત્કાર ઉપર બળાત્કાર' (અંગ્રેજીમાં 'રેઇપ અપઑન રેઈપ')! હાય હાય બા! એ ઉપરથી સંગીત નાટક બનાવેલું. એમાં પ્રામાણિક ન્યાયાધીશ આવે, અપ્રામાણિક ન્યાયાધીશ પણ આવે, – ત્યાંથી માંડીને ઈ. ૧૭૩૦ની આસપાસ લંડનના એ જીવનચિતારમાં જાતજાતના પૈંધા પડેલા રખડેલ ભટકેલ લુચ્ચા લફંગા એવા કંઈક દાગીના એકઠા થઈ એક ભોળી ભટાક જણાતી બાળાને બનાવે. પણ એ આખી યે ઘટમાળમાં માળા બધા એક જ માટીના બનેલા,—કોણ કોને બનાવે છે એની જાણ જ ન થાય; અને એમ હાહાઠીઠીના પાથરણા નીચે આ નાટક ઘણું કહી કરી નાખે છે. શ્યામ સ્વામીનાથન્ આ મંડળીમાં આસિસ્ટન્ટ સ્ટેઈજ મૅનેજરનું કામ કરે, છે એ એક નોંધવા જેવી બાબત છે.

ઍલેક ગિન્નેસની વાત તો જાણતા જ હશો. હવે નાટક કે ફિલ્મમાં



કે કેન્ડૅાલ અને રેકસ હરિસન

ઊતરવા એ કશો જ પગાર-પેની પણ લેતા નથી. કારણ? પૂરતો પૈસો થઈ ગયો છે એટલે. અને જૉન ગિલગુડ તો દસગણા પૈસા મળતાં યે રંગભૂમિ છોડી ફિલ્મમાં ઊતરતા જ નથી. કારણ? રંગભૂમિ ઉપર જ એમનો જીવ ચોંટેલો રહે છે. આવું આવું જ્યારે જાણીએ છીએ ત્યારે ઇગ્લંડના નટો માટે માન, તેમજ રંગભૂમિના ભાવિ માટે સારી આશા બંધાતી રહે એ સ્વાભાવિક છે.

ગિન્નેસે ત્યાં ટેબલ ઉપર એક અત્યંત રોમાંચક વાત કહી. કહી ત્યારે અમે સૌ છક થઈ ગયા હતા. ત્યાર બાદ તો હવે છાપાં ચોપાનિયાં-માં એ જગજાહેર પણ થઈ ગઈ, એટલે કેટલાકને એની જાણ પણ હશે. તો યે ઇગ્લંડના એક મશહૂર નટે એવા જ બીજા નટ માટે જે રીતે કહ્યું તે કહ્યા વિના મારાથી રહી શકાતું નથી. એ યુગલ અમારાથી આગલી હારમાં બેઠું હતું અને 'મીડિયા'નો ખેલ પૂરો થતાં એ પરસ્પર ગૂડ નાઈટ કહી ચાલતાં થયાં, એટલે કંઈ વાત નીકળતાં એમની વાત નીકળી.

અત્યંત દેખાવડી જોડી : નર અને નારી બંને. નરને દસ વર્ષ પહેલાં લંડનમાં કવિ ટી. એસ. ઇલિયટના 'કૉકટેઇલ પાર્ટી' નામના પ્રખ્યાત નાટકમાં મેં પાઠ ભજવતો જોયો હતો અને અહીં રૉયલ ઑપેરા-હાઉસમાં ઓળખાણ થઈ એટલે આનંદ આવ્યો. ઓળખાણ એટલે ઇન્ટ્રોડકશન, હાઉ ડુ યૂ ડુ, કેમ છો–કેમ છો. પણ ગિન્નેસ સાહેબે વાત કહી ત્યાર બાદ આજે પણ એ કથા યાદ આવતાં આંખમાંથી આંસુ ટપકી પડે છે. નાજુક બદનની નમણી નારી તે 'કે કેન્ડૅાલ', અને એનું જીવની માફક જતન કરીને ભીડમાંથી જાળવીને એને થીએટર બહાર જે દોરી ગયો તે રેક્સ હૅરિસન. અસંખ્ય નાટકોમાં બંનેએ પાઠ કરેલા; પણ એમની એવી વિગતો જતી કરી ગિન્નેસની વાતનો સાર વાગોળીએ.

'નવેમ્બર ૧૯૫૬માં ન્યૂ યૉર્કમાં ડૅાક્ટરને તપાસતાં લાગ્યું કે કે કેન્ડૅાલ હવે નહિ જીવે;–લોહીનો ક્ષયરોગ છે. એનો ઉપાય જ ન મળે. તરત ત્યાં એના નિકટના મિત્ર રેક્સ હૅરિસનને બોલાવાયો; બાજુમાં લઈ જઈ એને કાનમાં આ કરુણ સમાચાર કહેવાયા; અને રેક્સ પર આભ તૂટી પડ્યું. હિમ્મત એકઠી કરી પળભર સ્તબ્ધ થઈ ઊભો રહ્યો, આંખમાંથી આંસુ સરકી પડયાં, અને તરત નિર્ણય લઈ લીધો. ડૅાક્ટરે કહ્યું હતું કે 'એનું કોઇ પોતીકું માણસ એની કાળજી કર્યા કરે, તો જરા આરામથી અને શાંતિમાં બાઈ આખરની આંખ મીંચે; નહિ તો કદાચ ભારે હેરાનગતિ ભોગવે.' હૅરિસને હજાર પાઠ કર્યા હશે, પણ જીવનવ્યવહારમાં—આ સૌથી અઘરો તો ખરો, પણ વધારેમાં વધારે કપરો પાઠ ભજવવાનો હતો.

કુદરતની કોઈ અકળ ઘટનાથી એ સુંદર અને સોહામણી 'કે'ના લોહીનું પાણી થઈ રહ્યું હતું. માથે ભટકતું મોત શરીરને હાડકાંનું માળખું બનાવી રહ્યું હતું. શૅાના 'પિગમૅલિયન' ઉપરથી હાક વગાડનારું નાટક 'માઈ ફેર લેડી' ન્યૂ યૉર્કમાં ભજવાતું શરૂ થાય; એમાં હૅરિસન પાઠ કરે; 'કે' ન્યૂ યૉર્ક જાય; એની તબિયત લથડે; હૅરિસન પાઠ કરવાનું છોડી-બધું છોડી પોતાને મનગમતી આ નાજુકડી નારની ખડે પગે ચાકરી કરવાનું માથે લે; 'કે'નો પડતો બોલ ઝીલે; એ માગે તે આણી આપે; સ્વિટ્ઝર્લૅન્ડ, ઇટાલી, ગિરિગોદ, સાગરયાત્રા, જ્યાં જવા 'કે'નું મન થાય ત્યાં એને લઈ જાય; ખરચનો હિસાબ નહિ; પ્રિયતમાની પળેપળ પ્રિયતમની હૂંફમાં જાય એ સિવાય બીજા કશાનો ખયાલ નહિ. બે સાલ જીવી : ૧૯૫૬ના નવેમ્બરથી ૧૯૫૮ના નવેમ્બર સુધી. દર-મ્યાન 'કે' માગે છે મોંઘાં દાટ કપડાં,—કરાવી આપો; 'કે' વાંછે છે એક ફિલ્મમાં ઊતરવું છે,–ઊતરવા દો; 'કે' ઇચ્છે છે કે લગ્ન કરવાં છે–હૅરિસન-ની હોશિયાર ચબરાક વિલક્ષણ વહુ લીલી પામર જીવતી બેઠી છે, એ પણ છૂટાછેડા આપવા કબૂલ થઈ ને રેક્સ છૂટો થઈ પરણ્યો; 'વન્સ મોર વિથ ફીલિંગ'ની ફિલ્મમાં નટ યુલ બ્રાઇનર સાથે પાઠ કરવો છે;–તે પણ 'કે'એ કર્યો;–એમાં એ થાકી જાય છે, રોટલો થઈ ભોંય પડે છે. પાછી કંઇક ઠીક થતાં બંને હરે છે ફરે છે. આ ત્રીજું વર્ષ છે અને આજે કાલાસને જોવા-સાંભળવા 'કે'ને મન થયું, એટલે એને એ લઇ આવ્યો. આવી ચાકરી કરતાં મેં કોઈ નિષ્ણાત નર્સને પણ જોઈ નથી. ધન્ય છે રેક્સ હૅરિસનને. મારો જૂનો દોસ્ત. એ બેને જોઉં છું અને હું મુગ્ધ બની અવાક થઈ જાઉં છું.'

કે કેન્ડૅાલ અને વિવિયન લે,—લેડી વિવિયન, સર લૉરેન્સ ઑલિ-વીઅરની ધર્મપત્ની. બંને બહુ મોટી સહિયરો. ને સુભાગ્યે હું સ્ટ્રાટફોર્ડ શેક્સપીઅરનાં નાટકો જોવા ગયો, ત્યાં બધાં પાછાં મળ્યા ત્યારે કે કેન્ડૅાલને જે ભરીભરી આંખોથી મેં જોઇ છે, અને રેક્સ હૅરિસન ઉપર જે અમી વર્ષાવી છે એ તો મારું મન જ જાણે છે.

ત્યારે? મને કે કમને આ વાતનો છેડો પણ અહીં જ લાવીએ, અને આ કિસ્સામાંથી ઊભો થએલો એક કોયડો તપાસીએ.

ઑગસ્ટ મહિનામાં હું અહીં પાછો ફર્યો. ઑગસ્ટમાં 'કે'ની તબિયત પાછી લથડી. હૅરિસન એને તરત ભૂમધ્ય સમુદ્રના દરિયાકાંઠે હવાફેર માટે લઈ જાય છે એવી ખબર પણ પડી. પછી ઘણે દિવસે અહીં જાણ થઇ, કે ત્યાં એકાએક તાવ આવતાં, લંડનથી એરોપ્લેનમાં ડૅાક્ટરે જઈ એને તપાસી, માંડગાડ ટ્રેનમાં એને લંડન લાવ્યા, અને રેક્સ હૅરિ-સનની હૂંફમાં આરામથી એણે આંખ મીંચી. મેં ક્યાંક વાંચ્યું કે એને હૅમ્પસ્ટેડ પાસેના કબ્રસ્તાનમાં સર હરબર્ટ બીરબોમ ટ્રી ને સર જિરા-લ્ડ દ મોરિયર જેવા પ્રખ્યાત નટોના સમૂહની વચ્ચે દાટવામાં આવી.

વિવેચકોને મન એક ગૂઢ કોયડો અણઉકલ્યો રહી ગયો છે : હૅરિ-સનને તો એના ભડકતા મરણની ખબર હતી, અને ભારે છાતીએ, હસતે મોઢે એનાથી એ વાત છુપાવી એણે એની બને એટલી ચાકરી કરી રીઝવવા પ્રયત્ન કર્યો. પણ 'કે'ને પોતાના મૃત્યુની આગાહી થઈ ગઈ હોય, ને એણે એ સંબંધે રેક્સની આગળ એક હરફ પણ ઉચ્ચાર્યો નહિ, એમાં એ બંનેની અદાકારીમાં કોનો અભિનય ચડે? રંગભૂમિ ઉપર અભિનય કરવો અઘરો છે, પણ જીવનવ્યવહારમાં આવો પાઠ લાગટ બત્રીસ મહિના સુધી ભજવવામાં રેક્સ હૅરિસને તો હદ જ કરી છે. અને કદાચ કે કેન્ડૅાલે જો જાણીને મુગ્ધ મૌન પાળ્યું હોય, તો એણે પણ એક અદકેરો પાઠ ભજવ્યો નહિ ગણાય? (ચાલુ)

સાહિત્યસંપર્ક

ચાર્લ્સ ડિકન્સ

(અનુસંધાન પૃષ્ઠ ૮૩થી)

નાખુશી બતાવ્યા વિના. જેની પાસે પૈસા હતા તે સમાજમાં મોટો ગણાતો. પરિણામે ખાનદાની, શુચિતા, શીલ, બધું ભુલાઈ જવાનું છે અને ધનનું જ મહત્ત્વ વધવાનું છે એમ ડિકન્સને દેખાયું ને એની છેલ્લી નવલકથાઓમાં પરિસ્થિતિમાંથી જાગતી કટુતા દેખાવા માંડી. અલબત્ત, એની 'ઓલ્ડ ક્યુરિયૉસિટી શૉપ'માં એના ભણકારા તો સંભળાયા જ હતા. પણ હવે ડિકન્સે પૈસાદાર અને પૈસાથી કુલીન બની ગએલા લોકોને પૂરા જોઈ લીધા હતા. 'અવર મ્યુચ્યુઅલ ફ્રેન્ડ'માં આ નવા પૈસાદારોનાં વર્ણનો દેખાયાં. એ લોકોને મન માનવીનું મૂલ્ય પૈસાથી જ અંકાતું હતું, સદ્‌ગુણો અને બીજાં મૂલ્યોની કિંમત હવે એમને દેખાતી ન હતી, અને નવા યુગમાં પૈસાને જોરે એ જ લોકો ફાવવાના હતા—સત્તા પણ પચાવી પાડવાના હતા. ડિકન્સની હવેની નવલકથાઓમાં એવા લોકો પ્રત્યેનો પ્રકોપ સ્પષ્ટ દેખાવા લાગ્યો એટલું જ નહિ પણ ત્યાંથી આગળ વધીને ડિકન્સ 'હાર્ડ ટાઇમ્સ' નામની અંગ્રેજી ભાષામાં પહેલી સમાજવાદી નવલકથાનો લેખક બન્યો. કાર્લાઇલ અને રસ્કિન જેવાનું આર્ષદર્શન આ નવલકથામાં છે. ડિકન્સની નવલકથાઓ આટલી ગંભીર હોઈ શકે એ વાત ડિકન્સના પ્રશંસકોને ગળે ઊતરતાં વાર લાગી. કેમકે હવે જૂના અતિશયોક્તિ કરતા ડિકન્સનો લોપ થઈ નવા દ્રષ્ટાનો અવતાર થયો હતો. જે લોકોને ડિકન્સ એમાં દુનિયાની નજર સમક્ષ લાવી બતાવવા માગતો હતો તેમને—એટલે પૈસાદાર લોકોને અને એમના હસ્તકોને—આ કથાઓ રુચવાનો જરાયે સંભવ ન હતો. 'ગ્રેઈટ એક્સ્પેક્ટેશન્સ'માં પોતાને ગળેલું ધન ક્યાંથી આવે છે, એ કેટલું શુભ કે કલંકિત છે એની બહુ પરવા ન રાખનાર પિપની વાર્તામાં તર્કકઠોરતા ને એમાંથી જાગતું હૃદયનું કાઠિન્ય પણ દેખાયા વગર રહેતું નથી. આ વાર્તાઓમાં હાસ્ય છે જ, પણ હવે તે સામાજિક બળોના ઘર્ષણમાં દબાઈ ગએલું જણાય છે. આ કથાઓ વાચકને વિષાદજનક લાગતી હોવાથી લોકપ્રિય નીવડી નહિ.

શરૂઆતની નવલકથાઓમાં દેખાતી શૈલી છેલ્લી નવલકથાઓમાં જણાતી નથી. આરંભની નવલકથાઓમાં હાસ્યોત્પાદક વર્ણન કરવામાં અતિશયોક્તિનો આશ્રય લેવાતાં શબ્દોની છાળો ઊડે છે. ચાર શબ્દોમાં કામ થઈ શકતું હોય ત્યાં ચાળીસ શબ્દો લખવા લેખકનો ઉત્સાહ અને આવેશ એને પ્રેરે છે. એ ઉત્સાહ અને આવેશ લેખકની પ્રતિભા પર સવાર થઈ એને દોરી જાય છે. હાસ્યરસ જમાવવામાં આ શૈલીનો સારો ઉપયોગ થઈ શકે, પરંતુ કરુણ રસમાં શબ્દગંગા વધુ પડતી વહેતી રહે છે ત્યારે કરુણનો અતિરેક આંસુ અને હાસ્ય એકીસાથે ઉપજાવી રહે છે—એટલી હદ સુધી કે ડિકન્સને કરુણ રસ ફાવતો જ ન હતો એમ કેટલાક વિવેચકો માને છે. છેલ્લી નવલકથાઓમાં યૌવનસહજ ઉત્સાહની જગ્યા આત્મસંયમે લીધી છે. આવેશને ઠેકાણે પ્રજ્ઞા દેખાય છે, ને આવશ્યક તેટલા જ શબ્દોનો ઉપયોગ કરી ડિકન્સ ધાર્યું પરિણામ લાવી શકે છે. હવે એની ભાષા સાદી, સરળ અને સચોટ બને છે—એટલી બધી કે એ સોંસરી નીકળી જાય તે વાચક સહી શકતો નથી.

કરુણ રસમાં ડિકન્સને નિષ્ફળતા મળે છે એવું એક મંતવ્ય ઉપર રજૂ કર્યું છે એ હમેશાં સાચું નથી. કરુણરસભર્યાં વર્ણનો કરી વાચકો પાસે તે નાટકિયા આંસુ પડાવવા માગતો હોય તો કદાચ એની પદ્ધતિ વિષે ટીકા કરી શકાય. નાની નેલ અને ડૉમ્બીનાં વર્ણનો વાંચી હજારો વાચકોની આંખોમાં અશ્રુ સમાએલાં નહિ, અને એ લખતાં ખુદ લેખક પણ કલમ બાજુએ મૂકી દઈ રડી પડેલો. ઓગણીસમા સૈકામાં લોકો અશ્રુવિમોચનમાં કંઈ લજ્જાસ્પદ જોતા ન હતા, આજે આપણને આંસુ નિર્બળતાની નિશાની લાગે છે. એમાં રહેલી બીજી ભાવનાઓ જોવાની સહૃદયતા આપણામાં રહી નથી એટલે આ મતભેદ થઈ શકે!

કરુણ રસમાં નિષ્ફળ નીવડતો ડિકન્સ ભયંકર કે રૌદ્ર રસનાં વર્ણનો કેટલી પરિણામકારકરીતે કરી શકતો એ રસિકોને કહેવાની જરૂર નથી. 'બ્લીક હાઉસ'માં એક સ્વયં-પ્રજ્વાલિત આગનું વર્ણન આવે છે તે જુઓ. નવલકથામાં લખવાને બદલે તે ટૂંકી વાર્તા રૂપે લખાયું હોત તો દુનિયાની શ્રેષ્ઠતમ વાર્તાઓમાં તેને સ્થાન મળત.

ડિકન્સની પ્રતિભાનો વિલાસ એની બીજી નવલકથાઓમાં જણાય છે. 'માસ્ટર હંફ્રીઝ ક્લૉક' અને 'અનકમર્શિયલ ટ્રાવેલર' આદ્ય અંગ્રેજ કવિ ચૉસરની પદ્ધતિનું અનુકરણ કરે છે. ફ્રેંચ રાજ્યક્રાંતિ વિષેનો ઈતિહાસ જ્યારે પૂર્ણ સ્વરૂપે ઉપલબ્ધ ન હતો, ઘણા કાગળપત્રો હજી વિદ્વાનોએ જોયા ન હતા એવે વખતે કાર્લાઇલની ફ્રેંચ રાજ્યક્રાંતિ પરથી પ્રેરણા મેળવી ડિકન્સે 'એ ટેઈલ ઑવ ટૂ સિટીઝ' લખી. એ નવલકથાનો આરંભ અને અંત કોઈ વાચક ભૂલી શકશે નહિ. એ નવલકથામાં વાર્તાતંત્રની કેટલી ભૂલો છે, કથાવસ્તુને ખાતર માનવસ્વભાવને એમાં કેવો અન્યાય કરવામાં આવ્યો છે એવું બધું કહેનાર વિવેચક પણ એટલું તો કબૂલ કરશે જ કે ફ્રેંચ રાજ્યક્રાંતિના દિવસોમાં જ પોતે જીવી રહ્યો છે એ હદની પ્રતીતિ વાચકને કરાવવાનું સામર્થ્ય એ કથામાં

શબ્દકથા : રંગોળી – ચોક


સંસ્કૃત 'રંગાવલી'નો શબ્દાર્થ છે રંગ વડે પાડેલી ઓળ. એટલે જ તો 'રંગોળી પૂરવી' એનો જેમ એક અર્થ 'રંગ વડે ભાત અને આકૃતિ પાડવી' (ઉત્સવને કે પર્વને પ્રસંગે, આંગણા કે ચોકમાં) એવો છે, તેમ બીજો અર્થ છે 'અતિથિને' પંક્તિબંધ બેસવા માટે ભોંય પર રંગની ઓળો, આસનનાં ખાનાં વગેરે શોભાર્થે પાડવાં'. આઠમી-નવમી શતાબ્દીના સાહિત્યમાં મોતીની રંગોળીનો ઉલ્લેખ છે.

જેમ આંગણું રંગોળીથી શણગારાય છે, તેમ પહેલાં તે 'ચોક'થી પણ શણગારાતું એવા પ્રાચીન ઉલ્લેખો મળે છે. આ 'ચોક', 'આંગણાં કે શેરીની ખુલ્લી ચોખંડી જગ્યા' એવા અર્થના શબ્દથી જુદો શબ્દ છે. આ 'ચોક' એટલે તો 'સફેદ ચૂર્ણથી ભોંય પર કરેલું ચિતરામણ'. જૂના સાહિત્યમાં 'ચોક' પણ મોતીએ પૂરવાના ઉલ્લેખ છે. ઉપરઉપરથી સારુ લગાડવા મોટી મોટી વાતો કરવી તેને પણ લાક્ષણિક અર્થમાં 'ચોક' પૂરવા કે 'મોતીના ચોક પૂરવા' કહે છે. આજે પણ તામિલનાડ ને મલબારના લોકો દરરોજ આંગણામાં ચોખાના લોટથી ધોળી ભાત કાઢે છે, જેને 'કોલમ' કહે છે. 'ચોક'નું મૂળ 'ચતુષ્ક' છે. તેનો આરંભ ચોખંડી ભાતોથી થયો હોય. બે જૂનાં ધોળમાંની નીચેની પંક્તિઓ જુઓ :

'તળિયાં તે તોરણ બાંધિયાં, મોતીના પૂર્યા ચોક જો;
કુંકુમ છાંટ્યાં છાંટણાં, ભેરિયા ભેર વગાડ જો.'
'છડો દેવરાવો કુંકુમ ગારે, ચોક પુરાવો મોતી-હારે;
ચયદશ પ્રગટાવોને દીવા, મેં જાણ્યું જે મારે ઘેર વિવા.'

આમાં આવતા 'છડો દેવરાવો' વિશે આવતે વખતે વિચાર કરીશું. હરિવલ્લભ ભાયાણી





ડાબી બાજુ: 'નં. ૩૮૭ માઈલ ઍન્ડ ટેરેસ' લૅન્ડપોર્ટ, પોર્ટ સી—ડિકન્સના જન્મસ્થાનમાંનું ઘર; જમણી બાજુ: ૭મી જૂન ૧૮૭૦ના રોજ—ડિકન્સના મૃત્યુને જ દિવસે વિખ્યાત કલાકાર સર લ્યૂક ફીલ્ડ્ઝે કરેલું તેના લેખનખંડનું ચિત્ર.

છે. સરખામણી કરવી જ હોય તો એ જ વિષય પર લખાએલી વિક્ટર હ્યુગોની '૯૩' કે બાલ્ઝાકની 'લે શુઆં' વાંચવાથી ડિકન્સના સામર્થ્યનો ખયાલ આવશે. બિલૉકની જિરૉંદિન'નો અહીં ઉલ્લેખ ન કરું તો ચાલે એમ છે. અભ્યાસપ્રિય વાચક આ બધી કથાઓ વાંચી નિર્ણય કરી લે કે સૌથી સરસ કઈ છે.

ડિકન્સે કેટલીક જાસૂસી ટૂંકી વાર્તાઓ પણ લખી છે. 'બ્લીક હાઉસ'માં પણ ડિટેક્ટિવ આવે છે; પણ ડિકન્સના મૃત્યુને લીધે કાયમ માટે અધૂરી રહી ગએલી 'મિસ્ટરી ઑવ એડવિન ડ્રૂડ'નો ભેદ લેખક શી રીતે ઉકેલવાનો હતો તે સમજાવવા મોટામોટા લેખકો મથ્યા છે ને નિષ્ફળ નીવડયા છે. કેટલાક લેખકોએ એ પૂરી કરવાના પ્રયત્ન પણ કર્યા છે, પણ એકે સંતોષકારક ઉકેલ લાવી શક્યો નથી. ડિકન્સને વસ્તુનિરૂપણ બિલકુલ આવડતું ન હતું એમ 'ઑલિવર ટ્વિસ્ટ' વાંચનાર કહી શકે; પણ 'એડવિન ડ્રૂડ' જુદી જ પ્રતીતિ કરાવે છે.

આ કથાઓ ઉપરાંત ડિકન્સની લેખનપ્રવૃત્તિનો એક અગત્યનો વિષય તે એની ક્રિસ્ત જન્મદિવસને આવકારતી વાર્તાઓ. દર વર્ષે આ જાતની એક લાંબી ટૂંકી વાર્તા (લઘુનવલ) એ બહાર પાડતો અને દરેક કુટુંબમાં એ વાર્તા મોટેથી સૌ નાનામોટાંને વાંચી સંભળાવવામાં આવે ત્યારે જ નાતાલનો ઉત્સવ પૂરો થયો ગણાતો. શ્રદ્ધા, આશા અને પ્રેમનું વાતાવરણ ઈસુના જન્મદિને ફરીથી જાગ્રત થાય, અને ધનલોભી હૃદયહીન માણસોનાં દિલ તે દિવસે શી રીતે વર્તતાં હોય છે, નાતાલમાં-અને રોજના જીવનમાં-લોકોએ પોતાના સંબંધીઓ પ્રત્યે કેવી વૃત્તિ કેળવવી જોઇએ, એ વિષેનો વસ્તુપાઠ એટલે આ કથાઓ. આ વાર્તાઓની હમેશાં સુશોભિત અલંકૃત અને સચિત્ર આવૃત્તિઓ બહાર પડે છે તે જોવા જેવી હોય છે. આર્થર રૅકહૅમ અને રેનાલ્ડ સર્લ જેવા ચિત્રકારોનાં ચિત્રોવાળી આવૃત્તિઓ ખાસ જોવા જેવી છે. ડિકન્સે પોતાનાં બાળકો માટે 'ઇસુનું જીવનચરિત્ર' પણ લખ્યું હતું. એનું પ્રકાશન એના મૃત્યુ પછી સાઠેક વર્ષે થએલું.

ડિકન્સ અભિનય પણ સારો કરી શકતો. અવેતન રંગમંચ પર એણે ઘણી ભૂમિકા ભજવેલી. બેન જૉન્સનના એક જાણીતા નાટકમાં એણે કૅપ્ટન બૉબડિલનું અવિસ્મરણીય કામ કરેલું એની નોંધ મળે છે. આ અભિનયશક્તિનો ઉપયોગ ડિકન્સે પોતે જ્યારે લોકપ્રિયતાની ટોચ પર હતો ત્યારે કર્યો. એ પોતાની નવલકથાઓમાંથી સારાં અને પરિણામકારક પ્રકરણો જાહેરમાં વાંચી બતાવતો અને લોકો પૈસા ખર્ચીને ટિકિટો ખરીદી એને સાંભળવા જતા. ડિકન્સ એટલો લાગણીપ્રધાન હતો કે એ વાચન વખતે તે સહેલાઈથી ઉશ્કેરાઈ જતો અને 'ઑલિવર ટ્વિસ્ટ'માંનું બિલ અને નૅન્સી વિષેનું પ્રકરણ વાંચતાં તો એના લોહીનું દબાણ એટલું બધું વધી જતું કે તરત જ ડૉક્ટરનો આશરો લેવો પડતો! આ વાચનોની બોલબાલા એટલી બધી થઈ કે આખરે મહારાણી વિક્ટોરિયાને એ સાંભળવાનું મન થયું. મહારાણીએ ડિકન્સને ખાસ મુલાકાત આપી, ને નાનપણમાં નિશાળે જઈ શિક્ષણ પૂરું ન કરી શક્યાનું દુ:ખ જેના મનમાં સદા હતું એ ડિકન્સ મહારાણીને પ્રત્યક્ષ મળ્યો! એના જીવનની એ ધન્ય ઘડી હતી.

ઈ. ૧૮૭૦ની નવમી જૂને ડિકન્સનું મૃત્યુ થયું. શ્રમાતિરેકને લીધે એનું અવસાન અકાળે થયું એમ કેટલાક માને છે.

'ઇશ્વરે જગતનું નિર્માણ કર્યું અને ડિકન્સે તે વસાવ્યું' એમ એક વિવેચકે કહ્યું છે. ડિકન્સની નવલકથાઓમાં સેંકડો પાત્રોનો વાચકને પરિચય થાય છે. 'પિકવિક પેપર્સ'માં જ એકસો ને પાંચ જેટલાં પાત્રો હશે; અને એ પાત્રોનું વૈવિધ્ય એટલું છે કે ડિકન્સે કોઈ વાર પુનરાવર્તન કર્યું હોય એમ લાગતું નથી. ડિકન્સને બહુ પ્રિય એવી એની નવલકથા 'ડેવિડ કૉપરફીલ્ડ' જુઓ. એમાં કેટલાં બધાં સજીવ પાત્રો છે! આ કથા આત્મચરિત્રપટ હોવાથી લેખકને બહુ પ્રિય હતી. એમાં તેના પિતા પર આધારેલું પાત્ર મિ. મિકૉબર જુઓ. પૈસા કમાવા ક્યાં યે જતા નથી અને 'આવતી કાલે કંઈક સારું થશે એવો દુર્દમ્ય આશાવાદ એ સેવ્યા કરે છે. 'આવક: દસ પાઉંડ; ખરચ: નવ પાઉંડ ઓગણીસ શિલિંગ છ પેન્સ; પરિણામ: સુખ; આવક: દસ પાઉંડ; ખરચ: દસ પાઉંડ ને છ પેન્સ; પરિણામ: દુ:ખ' એવી સાદી એની ફિલસૂફી છે. એ અમલમાં મૂકી શકાતી નથી એ વાત જુદી! બાર્કિસને પરણવું છે, પણ બિચારો એટલો શરમાળ છે કે બોલી શકતો નથી, ને પોતાની ઘોડાગાડીમાં લખી રાખે છે: 'Barkis is willing'! જેને વાંચવું હોય તે વાંચે ને સમજવું હોય તે સમજે! સાંજે અંધારામાં પોતાની પ્રિયતમાને બારણે જઈ પગથિયા પર એકાદ સફરજન ભેટ તરીકે મૂકે અને પાછો ઘર તરફ દોટ મૂકે! અને બિચારો ટૉમી ટ્રૅડલ્સ! કેમે કર્યે એના વાળ બેસે જ નહિ; હમેશાં ઊભા! વળી કાકા ડિક એક જ વિચાર કરતા હોય: રાજા ચાર્લ્સનો વધ થયા પછી એના માથાનું

શું થયું?! હ્રીપ હમેશાં પોતાની ગરીબાઈ ગાયા કરી 'મુખ મેં રામ બગલ મેં છુરી'ની યાદ દેવડાવે છે. અને નાની એમિલી અને હૅમ? એ બેનો પરિચય થયા પછી એમનાં સુખદુ:ખમાં ભાગ લઈ આંસુ સારી ન શકે એવો કયો હતભાગી વાચક હશે?

આમ યાદ કરું છું અને એક પછી એક પાત્ર મનશ્ચક્ષુ સામે ખડું થાય છે અને પૂછે છે, 'મને ભૂલી જશો?' શી રીતે ભૂલાય? દરેકને પોતાનું આગવું વ્યક્તિમત્વ છે. કંઈ ને કંઇ ગુણ કે વિશેષને લીધે એ અવિસ્મરણીય બની ગયું છે. એ પાત્રોનાં જીવનમાં બન્યા તે બધા પ્રસંગો: આજે યાદ નથી, પણ એમાંના એકેને ભૂલી શકતો નથી. આપણા દેશમાં ઘણાને મળ્યો છું અને આનંદ અનુભવ્યો છે એ ડિકન્સનાં પાત્રોની સાર્વદેશિકતા અને સાર્વકાલીનતાના પ્રતાપે.

સાથેસાથે ડિકન્સનાં પાત્રો વિષેનો એક આક્ષેપ નોંધી લઉં: તેમનામાં કોઈમાં પણ જાતનો વિકાસ થતો નથી, તેઓ આરંભમાં જેવાં હોય છે તેવાં જ આપણે એમને અંતમાં પણ જોઇએ છીએ, એમ સાચી રીતે કહેવાયું છે. તેઓ બહુ વિકસ્યાં હોત તો તેમને યાદ રાખવાં મુશ્કેલ બનત, કેમકે બહુ સ્પષ્ટતાથી તેઓ ચીતરી શકાયાં ન હોત. કલાની દૃષ્ટિએ એ ક્ષતિ તો ખરી જ. અને વિચાર કરી જુઓ: આપણે જેમના સંપર્કમાં આવીએ છીએ એમની અમુક ખાસિયતો જ આપણે જોઇએ છીએ, યાદ રાખીએ છીએ, એ વાત સાચી? બીજું: આજના ઉતાવળિયા જીવનમાં માણસને આંતરિક વિકાસ સાધવાનો સમય મળે છે ખરો? કે તે બાહ્ય દેખાવ પૂરતી જ કાળજી રાખે છે? આપણા ઓળખીતા લોકો કેટલે અંશે વિકસી શક્યા છે? કે હતા ત્યાં ને ત્યાં જ રહ્યા છે? યાંત્રિક જમાનામાં જીવતા માનવીઓના ભણકાર ડિકન્સનાં પાત્રોમાં જો દેખાતા હોય તો યોગ્ય જ છે કે તેઓ પરિવર્તનશીલ નથી.

બીજી એક બે ક્ષતિઓ: ડિકન્સની નવલકથાઓ માસિક ભાગોમાં બહાર પડી અને તે રીતે જ લખાઈ, એટલે એમાં રચનાશૈથિલ્ય સ્વાભાવિક રીતે આવી ગયું. પાત્રબાહુલ્ય ઘણું, એટલે એકાદ પાત્ર એકાદ વાર દર્શન દે, અને પછી લેખક કે વાચક એને જાણે ભૂલી જાય ત્યારે એ ફરીથી દર્શન દે તે વખતે શરૂઆતનાં પાનાં ઉથલાવી સ્મરણશક્તિને ઉત્તેજવી પડે એવું ઘણી વાર બને છે. નવલકથાની લંબાઈ ખૂબ એટલે વર્ણ્યવિષય કોઈનો જીવનપટ આદિથી અંત સુધી–અથવા લેખક ખેંચવા માગતો હોય ત્યાં સુધી–લંબાય ખરો. કેટલાક વાચકને એ કંટાળાભર્યું લાગે, ફરી ફરી એ જ તંત્ર અજમાવાતું હોય તેમ લાગે એ વાતે ય સાચી. પણ સંગીતકાર એના એ જ સૂરોનો વિસ્તાર કરી આપણને બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવે છે એ વાત પણ એટલી જ સાચી કે નહિ? તાત્પર્ય એ કે ડિકન્સની કૃતિઓ સર્વગુણસંપન્ન નથી. સર્વગુણસંપન્ન વસ્તુ હોય તો જ એને વખાણવી એવું નક્કી થાય તો પ્રેમને દુનિયામાંથી વિદાય આપવી પડશે. પ્રેમ દોષો જોઈ તો શકે જ, પણ ગુણો વિષે સભાન રહી દોષો તરફ ઉપેક્ષા કેળવી શકે છે. તો ડિકન્સમાં એવું શું છે જેને લીધે વાચકો એને આટલાં વર્ષો થયાં ચાહતા આવ્યા છે?

પોતાના લખાણમાં શ્રદ્ધા કે વિશ્વાસ એ ડિકન્સનો મુખ્ય ગુણ. 'ડેવિડ કૉપરફીલ્ડ'ની પ્રસ્તાવનામાં એ લખે છે: 'વાચકોને મારે એ જણાવવું ન જોઇએ–અને એમને પણ જાણવામાં કદાચ રસ ન હોઈ શકે–કે કેટલી શ્રદ્ધાથી હું મારું લખાણ કરું છું. જે પાત્રો સાથે જીવનનો સમય ગાળી એમને જીવતાં કર્યાં એમને વિદાય આપતાં હું કેટલું દુ:ખ અનુભવું છું તે કોઈને શી રીતે સમજાવી શકું? માત્ર એટલું જ કહીશ કે જેટલી શ્રદ્ધાથી મેં આ પુસ્તક લખ્યું છે તેટલી શ્રદ્ધાથી એને કોઈ વાચક વાંચવાનો નથી.' આ ડિકન્સનો મહાન ગુણ. લેખન કરવાથી કીર્તિ મળે, ધન મળે, પ્રતિષ્ઠા મળે; લોકોને એકાદ જીવનદૃષ્ટિનો લાભ



ડિકન્સના મૃત્યુ પછી તરત જગનામી કલાકાર સર જ્હોન એવરેટ મિલેએ કરેલું તેના ચહેરાનું ચિત્ર

થાય; એકાદ 'વાદ'નો પ્રચાર થઈ શકે. પણ સર્જકની દૃષ્ટિએ એ બધું ગૌણ છે. એ જે કાર્ય કરે છે એમાં એને કેટલી શ્રદ્ધા છે, કેટલો વિશ્વાસ છે એ મહત્ત્વનું છે?—કે લખાણમાં 'માગણી તેવો પુરવઠો' એટલો જ સિદ્ધાંત અમલમાં મૂકવાનો હોય છે? સર્જક ભૂલો કરે એ ક્ષમ્ય છે, પણ એના પોતાના કાર્યમાં એને શ્રદ્ધા ન હોય તો એ શા કામનું? ડિકન્સમાં ક્ષતિઓ ઘણી છે, પણ આ શ્રદ્ધાનો સદ્‌ગુણ એને બધી મુશ્કેલીઓમાથી ઉગારી લે છે.

અને એનો બીજો મહાન ગુણ તે એનો માનવજાતિ પ્રત્યેનો પ્રેમ (Charity–Latin: Caritas–પ્રેમ). માણસ માનવી છે એટલા માટે એ પ્રેમનો અધિકારી બને છે. આપણે સૌ માણસો છીએ એટલે કોઇને પ્રેમથી વંચિત રાખવાનો આપણને અધિકાર નથી. આપણી સહાનુભૂતિ ને પ્રેમ સર્વંકષ હોવાં જોઇએ. એમ નહિ કે ખલ પુરુષો માટે પણ આપણે પ્રેમ કેળવવો જોઇએ. ડિકન્સ ક્યાં ય એવું નથી કહેતો કે માનતો. તિરસ્કાર, જુગુપ્સા વગેરે સાહજિક લાગણીઓ આપણા મનમાં જન્મે છે; એ લાગણીઓ આપણામાં જન્માવી ને ઊભરાવી શકે એવા કેટલા યે મહાભાગો દુનિયામાં પડ્યા હોય છે. તેમ છતાં આપણને મનોમન એ શ્રદ્ધા તો હોવી જ જોઈએ કે માનવજાતિ માટે પ્રેમ રાખવો. ડિકન્સે એક ઠેકાણે લખેલાં નીચેનાં વાક્યો જુઓ:

"That it may please Thee to preserve all that travel by land or by water, all women labouring of child, all sick persons, and young children; and to show Thy pity upon all prisoners and captives. That it may please Thee to defend, and provide for, the fatherless children and widows, and all that are desolate and oppressed."

અને આ વાક્યો વાંચી તમે કબૂલ કરશો કે ડિકન્સની કથાઓમાં ભલેને હજારો ક્ષતિઓ હોય; જે માણસ માનવજાત માટે આવી લાગણી ધરાવી શકે એને બધા અપરાધ માફ હોવા જોઇએ. એ જ ડિકન્સનું જીવનકાર્ય. આજે આપણે ઈશ્વરમાં શ્રદ્ધા રાખી શકતા નથી. ભૌતિક શાસ્ત્રો પાસેથી આપણે ઘણું મેળવવાની આશા રાખેલી; શાસ્ત્રોએ પણ આપણને ઈહલૌકિક આવશ્યકતાઓ પૂરી પાડવા બનતો પ્રયાસ કર્યો, પણ જીવનનો અર્થ અને પ્રયોજન તેઓ પણ સમજાવી શક્યાં નહિ. આમ બે ઠેકાણે નિરાશા મેળવ્યા પછી જીવન સહ્ય કરતી કોઇ પણ એક વસ્તુ હોય તો તે છે માનવજાતમાં શ્રદ્ધા. દુનિયાને ડિકન્સની એ જ મૂલ્યવાન ભેટ છે. એક વિવેચકે સાચું જ કહ્યું છે કે, 'ધારો કે કમનસીબે માનવજાતની બધી સિદ્ધિઓ નષ્ટ થાય ને કોઇ ચમત્કારને લઈ ડિકન્સની નવલકથાઓ બચી જાય તો માનવજાતની ભાવી પ્રગતિની આશા સેવવા એ પૂરતું કારણ ગણાશે.'

વિજયરાયની વાસરિકા

'સ્વપ્નિલ' એટલે ભૂતલોકનું : ('જાન્યુ.' નહિ) જૅન્યુઆરી*નો આવતી કાલનાં નાગરિકો માટેના આ બેનમૂન માસિકનો અંક. એમાંનું 'સરાણિયા'વાળું ચિત્ર જોતાં જ મારા મનમાં ઘૃણા થઈ આવી. પછી એની બાજુમાં છપાયલી લાંબી સમજૂતી વાંચી. વાંચતાં વાંચતાં, મારામાંનો પૂર્ણયોગી (અરે ના, એ યોગનો સાધક) તુરત જાગ્રત થયો ને બોલ્યો : 'હા રે ભાઈ સમજૂતી-નવેશ! તું સાચો છે, પણ તને ખબર નથી તેવા અર્થમાં'. એ અર્થ આવો : સરાણિયાની ક્રિયા અગર ભાવની સાથે સૂક્ષ્મ એકત્વ શિલ્પીએ જે અનુભવ્યું, તે પોતાની નિમ્ન પ્રાણમય ભૂમિકાનું છે. એ ભૂમિકા એટલે ભૂતલોક. શિલ્પીનો 'આત્મા' પોતાના અમુક રીતે કુદરતી પણ બાહ્ય યાને ઉપલક બલ્કે રોજિંદા પ્રાણને(વૃત્તિઓને) તથા એવા જ મનને(બુદ્ધિને) 'અતિક્રમી'ને ભૂતિયા પ્રાણુક્ષ મન લગી જઇ પહોંચ્યો, એટલે કુદરતના નિમ્ન-ગામી ક્રમે એવો સ્વપ્નિલ (ખરી રીતે, દુઃસ્વપ્નો દેખનાર) બન્યો જેવાને સરાણ પર કામ કરતો સાજોસારો જીવતો-જાગતો સમર્થ કારીગર ભૂત જેવો દેખાયો ને એનું બદ-પૂતળું તેણે ઘડ્યું. એ શિલ્પી ચાલતી ઘડીના અમુક '-ઈઝમ'ના રોગે તેમ જ લોકેષણાની લિપ્સાથી પીડાતો હોવાથી આવી વિપરીત યાને અવળપન્થી કલા-સાધના તેણે કરી; તેથી જ તેણે, પોતાનું મનોરોગીપણું પેલામાં જાણે બેજેબળે સંક્રાન્ત કરીને, સરાણ સરસ રીતે ચલાવતો હતો એ કુશળ કારીગરના આખા ડીલે ચામડી સાંગોપાંગ મઢાયલી એવા અસાધ્ય રોગનો રોગી થએલો દીઠો. પછી તો તે ધૃષ્ટતા કરે જ ને, પેલા બિચારાની અંગ-સ્વાભાવિકતા અતિક્રમીને તેનો ઘાટ ઘડી નાંખવાની!

એ અંક આવ્યો ત્યારે મેં એ ચિત્ર આઠ વર્ષના જ૦૦૦ને બતાવી એ કેવું લાગે છે એમ પૂછતાં, જવાબ 'હાડપિંજર જેવું' એમ મળ્યો હતો. આજે (૯-૨-૬૨) એ પ્રયોગ જુદી રીતે કર્યો. શ્રીકૃષ્ણ આદિવાળું એની પાછલું બતાવી 'ગમે છે?' એમ પૂછ્યું; તેણે હા પાડી; મેં તુરત પાનું ફેરવી પાછલું સરાણિયાનું બતાવી 'ને આ?' એવો સવાલ કરતાં, 'ભૂત જેવું' બોલતેક ને એ ભાવિ નાગરિક મોં ફેરવી ગયો.

ચિત્રકાર રવિભાઇ સ્મૃતિ-ચિત્રકાર (ને તે આવા સરસ) થયા એ જોઈ ખુશી થઈ. તેમણે પાંચમા પાના પરનો ૧૮૭૪નો જે પ્રસંગ, નાગરોમાં 'જાગતી જ્યોત' ગગા ઓઝાની દીવાનપરાની હવેલીને એ જ રાજગાર્ગે બન્યો હતો કે કેમ એની ખાતરી કરી લેવી જોઇએ. એ આખી યે હવેલીઓની હારવાળી જગ્યાએ ઈ. ૧૮૭૮ સુધી, મારી જાણ મુજબ, ગઢ-ફરતી ખાઈ હતી. આ વાત બરાબર હોય તો મજકુર પ્રસંગ નાગરપોળની સામેનું 'ગગાભાઇની મેડી'-વાળું (હજી એ જ કુટુંબનું પણ શાળાને ભાડે અપાએલું) મકાન છે ત્યાં બન્યો હશે. (બાબત નાની છે, પણ સ્મૃતિ-ચિત્રો ગ્રન્થાકાર ધારે તો પ્રસંગચિત્ર દોર્યાં જેવું છે તે વાસ્તવિક દોરાય ધારીને આ લખ્યું છે.)

એ જ હવેલીઓમાંની એકની મેડી 'સરસ્વતીચન્દ્ર'માંના જમાલવાળા બનાવ માટે ચીંધાતી, પણ અહીંના મારાથી યે જૂના જોગી ભટ્ટરભાઇ કહે છે કે ગો.મા.ત્રિ. જેના મંત્રી હતા તે સામળદાસ દીવાનનું એ મકાન દીવાનપરે નહિ પણ નાગરપોળમાં, જેમાં હાલ એમની ચોથી પેઢીના ગૃહસ્થ રહે છે તે હતું.

અંક-પૃષ્ઠસાતમું : હાઈસ્કૂલવાળું મકાન અસલ શામળદાસ કૉલેજવાળું કે જુદું? પહેલા હેડમાસ્તર તો (જમશેદજી નહિ પણ) માણુનારાયણને? બીજું : ત્યાંના પહેલા મદદનીશ ઍંગ્લો-મુસ્લિમ મહમદઅલી, જે પાયદળમાં સરદાર ને પાદરી ગિલૅસ્પીના પુત્ર હતા તેમને વિષે : લખેલી આ બધી વિગત ખરી હશે એમ સમજી ઉમેરું છું કે આ પ્રકારનો એ બીજો દાખલો છે;—પહેલો તે, મદ્રાસવાળા પાદરી મિટફર્ડના ઍંગ્લો-મુસ્લિમ (ને ભાવનગરમાં જ લશ્કરી સરદાર) મિરઝા મુરાદઅલી બેગનો. એ શિક્ષક હોવાનું તો જાણ્યું નથી, પણ 'હિંદ અને બ્રિટાનિયા'ના તથા 'પેશવાઈની પડતીનો પ્રસ્તાવ'ના મૂળ અંગ્રેજી ગ્રન્થોના ગ્રન્થકાર અને ગોવર્ધનરામના (એમની બે કૃતિઓમાં ઉલ્લેખાએલા) 'વિદ્વાન મિત્ર' હતા.

ભાવનગર વિષેની એક વધુ હકીકત પણ અહીં જ ભલે નોંધાઇ જાય. હમણાં છાપે ચડ્યું છે તે જવાહર મેદાન (પંડિતજીનાં બે ભાષણ ત્યાં થયાં'તાં તેથી આ નામ) અગાઉ 'ગધેડિયા ખેતર' (કે ગોળીબાર મેદાન) કહેવાતું. આમાંનું પહેલું વિશેષણ (ત્યાં કવાયત માટે નજીકના જ રસાલાની પલટનો 'પરેડ' કરવા ભેગી થતી તેથી) છે. 'ગૅધરિંગ'નો અપભ્રંશ (આ ખુલાસો સ્વ. નાનાભાઇના 'ઘડતર અને ચણતર'માંથી મળ્યો છે). લોકબોલીએ સિપાહીઓના સ્થાને ગધેડાં શા માટે આણી મૂક્યાં એ તો જુદા જ સંશોધનનો વિષય છે. મિત્ર મુનિકુમાર એમાં કાંઇ મદદ કરશે? પ્રશ્ન એ માટે, કે 'ઇ ઓલ્યું ગધેડિયું' એમના એક સુપદ્ય 'નરસિંહ મહેતાથી નટવર વીમાવાળા'માં ભોગજોગે કે પછી સદ્‌ભાગ્યયોગે સ્થાન પામ્યું છે.

સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ ક્યાં થાય તો સારું એ, શ્રીમાન ભાવનગર નરેશે આ સંસ્કારસંપન્ન શહેરને સરકાર ધ્યાનમાં રાખે એવી ઇચ્છા થોડા વખત પર અમુક જાહેર પ્રસંગે દર્શાવી ત્યારથી, ચર્ચાવા માંડ્યું છે. આ વિષય પર વધુ હાલ નહિ લખતાં, સ્વ. શાહાણી સાહેબે તેમના માનપત્રનો ઉત્તર આપતાં જે મનીષા પ્રગટ કરેલી કે 'Shri Bhavsinhji City University of Bhavnagar' થાય એ ઈષ્ટ છે, એની યાદ આપીને જ વિરમું છું.

પૌંઆ ને 'ચેવડો'ની વ્યુત્પત્તિ આપતાં સાથે જોડણીકોષે સંભાર્યા તો છે, પણ ભાચાણીભાઈ વગેરેએ, એ જ કોષમાં (પૃ. ૭૬૪) 'પૌંઆ'ના સગડ કાઢતાં (સં. पृथुक) એમ પણ નોંધી એનો અર્થ આમ આપ્યો છે એ વિચારવો ઘટે: 'શેકેલી ડાંગરને ખાંડીને કાઢેલા ચપટા દાણા.' બીજું, સંસ્કૃત 'चिपिट' પરથી જો 'પૌંઆ', તો એમાં 'चि' લુપ્ત ક્યારે ને કેમ, એ શોધો; અને 'पिट'નો પુત્ર 'પૌંઓ' શી વિધે, એ પણ સમજાવો, કૃપયા.

વિદ્યા-નિકષ-સમાજ શબ્દ 'યુનિવર્સિટી'ના પર્યાય તરીકે નર્મદયુગમાં (ઘણું કરી ન.તુ. મારફતિયાને હાથે) યોજાયો હતો તે પ્રચલિત થયો નહિ એ જુદી વાત; પણ હવે પેલો વિલાયતી શબ્દ (યુનિ૦) જ, બીજા દેશી 'વિદ્યાપીઠ' ને 'શારદાપીઠ' કરતાં, જાણે એ ભારતીય મૂળનો હોય તેમ, ફેલાયો જાય છે, એમ કાં? આ દેશના દેશીઓનું સ્વદેશાભિમાન સૈકા પરના પૂર્વજોનું હતું તેનાથી પણ પાતળું પડી ગયું છે કે શું?... એક બીજી વાત: 'મનોમુકુર'ના પહેલા ભાગમાં, બંગાળીઓ સંસ્કૃત પરથી, અણુઘટતી છૂટ લઇને જે શબ્દો બનાવે છે તેમાં 'વિશ્વવિદ્યાલય' પણ નરસિંહરાવે નોંધ્યો છે. આ વાંધો વાજબી લાગે છે; કારણ, universityના ધાત્વર્થને universeના મૂળ unus તથા vertere કે versum સાથે નહિ પણ, 'corporation' અર્થના લૅટિન 'universitas' સાથે સંબંધ છે.

લિ. ક. વૈ.

*નહિ જી; ઑક્સફર્ડ અને ચેમ્બર્સ બંને કોષમાં ઉચ્ચાર 'જૅન્યુઅરી' છે.



સ્કેચ : ર.મ.રા.

ચાંપશીભાઇની સસતિ

'નવચેતન'ના તંત્રી, સજ્જન બંધુશ્રી ચાંપશીભાઈ પોતાના જીવનના ૭૦મા વર્ષનો માર્ગસ્તંભ વટાવી આગળ વધી રહ્યા છે અને સ્વસ્થ ચિત્તે પોતાના પ્રિય સામયિકનું હજી જાતે સંચાલન કરી રહ્યા છે તે નીરખતાં અમે 'કુમાર'ના એક નિષ્ઠાસંપન્ન એ મિત્રનું હૃદયથી અભિવાદન કરીએ છીએ.

'વીસમી સદી'ના સંસ્કારનિષ્ઠ તંત્રી હાજીમહમ્મદના દેહવિલય પછી એની ખોટ પૂરવા ગુજરાતમાં સર્વ પ્રકારના વિષયોને આવરી લેતું એના જેવું બીજું સામયિક કરવાના કોડથી ૪૦ વર્ષ પહેલા કલકત્તાથી ચાંપશીભાઇએ 'નવચેતન' પ્રકટ કર્યું તે આજ સુધી જેમનું તેમ એકલ હાથે તે ચલાવી રહ્યા છે એ તેમની જેવીતેવી તપસ્યા નથી.

માસ્તરગીરી કરતા યુવાન ચાંપશીભાઇમાં સાહિત્યે જે રંગ પૂર્યો તે એમના જીવનનો પાકો રંગ બન્યો. તેમણે કલકત્તામાં જે 'ગૂર્જર સાહિત્યમંડળ' સ્થાપ્યું તેના ઉત્તરાધિકારીઓએ કલકત્તામાં હમણાં સાહિત્યપારષદનું મહોજ્જવલ સંમેલન બોલાવી ચાંપશીભાઇએ વાવેલા બીજનું વટવૃક્ષ કરી બતાવ્યું.

કલકત્તાની પ્રજાએ ચાંપશીભાઇની ભીડ પણ સંભાળેલી: 'નવચેતન' માટે છાપખાનું કરી આપ્યું ને 'નવચેતન'નો રૌપ્ય મહોત્સવ મોટો સમારંભ કરી ઊજવ્યો. પરંતુ કોમી રમખાણોના દિવસોમાં ચાંપશીભાઇના દિવસો દોહ્યલા બની ગયા. એ કપરા અનુભવ પછી એમણે ગુજરાતી છાપખાનાની સગવડ ખાતર કલકત્તાથી સમૂળગું સ્થાનાંતર કર્યું. એમની વધુ કસોટી કરવા કાળ ભગવાને તેમનાં સ્નેહાળ ધર્મપત્નીને પોતાને ખોળે ખેંચી લીધાં; તેમના સુપુત્ર વિજયને આજીવિકા માટે પરિવાર સહિત કલકત્તાનો નિવાસ કરવો પડયો. એથી એકાકી—અટુલા પણ આર્દ્ર હૃદયવાળા ચાંપશીભાઇએ મુકુન્દ શાહને સાહિત્યપુત્ર બનાવી, અમદાવાદમાં જ કાયમનું નિવાસગૃહ બાંધી પોતાના પ્યારા માનસબાળ 'નવચેતન'ને પોતાની બાથમાં ભીડી રાખ્યું છે અને દિનરાત તેના જ સાંગોપન તથા સજાવટમાં જીવનધ્યેયની પરિતૃપ્તિ અનુભવી રહ્યા છે.

'નવચેતન'નાં ૪૦ વર્ષમાં તેમણે કળા, કળાકારો અને નવા નવા લેખકોને પ્રકાશમાન કર્યા છે. એક કાળે ગુજરાતને નિયમિત રંગચિત્રો આપનાર તંત્રી કદાચ તે પહેલા જ હતા.

આજે આટલી ઉમરે પણ ગમે તેવી ભીંસને ટક્કર આપતા તે સદા પ્રસન્ન અને મમતાભર્યા ચહેરાથી મિત્રોને વધાવે છે. પ્રભુ એમને ઉત્તમ આરોગ્ય સાથે એમની એ મિત્રમમતા અને સંસ્કારસેવા દીર્ઘજીવી બનાવો.

રવિશંકર રાવળ · બચુભાઈ રાવત

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયનાં પ્રકાશનો

છાંદોગ્ય ઉપનિષદ: સામવેદના આ ઉપનિષદ્ગ્રંથમાં શાંકરભાષ્ય સહિત અન્વય અને ગુજરાતી ભાષાંતર પણ આપ્યાં છે. આપણા એ મૂલ્યવાન સાહિત્યનો સંપર્ક સાધવા માટે આ પુસ્તક મૂલ્યવાન ગણાય. અનુ૦ શ્રી વાસુદેવ મહાશંકર જોશી (કિં. ૫·૦૦); **સૌરાષ્ટ્રના સંતો**ના નાના પણ ઉપયોગી પુસ્તકમાં સેવાપરાયણતાથી ભરપૂર એમના જીવનપ્રસંગો સરળ શૈલીમાં રજૂ કરાયા છે. લે૦ દેવેન્દ્રકુમાર કા. પંડિત (કિં. ૧·૫૦); તંત્રગ્રંથ **ત્રિપુરારહસ્ય(જ્ઞાનખંડ)** એ મૂળ સંસ્કૃત ગ્રંથનો શ્રી વિષ્ણુપ્રસાદ અ. ભટ્ટે કરેલો સરળ અનુવાદ છે. ત્રિપુરારહસ્યનાં માહાત્મ્ય, જ્ઞાન અને ચર્યાવિભાગો પૈકી આમાં માત્ર જ્ઞાનખંડ જ છે. (કિં. ૧·૨૫); **વાટના દીવડા** એ આપણા પ્રાચીન સંસ્કૃતિ-સાહિત્યભંડારનાં સચોટ અને હૃદયંગમ રીતે ઉચ્ચરાએલાં સનાતન સત્યોની, શબ્દરૂપી દ્રવ્યની, 'પદ્મ'ના ઉપનામથી 'અખંડાનંદ'માં આવેલી શ્રી કરસનદાસ માણેકની જ્ઞાનચર્યાનાં સુંદર છણાવટ કરતાં લખાણોનો સંગ્રહ છે. (કિં. ૧·૫૦); શ્રી હરરાય અ. દેસાઈલિખિત બે સંગ્રહો **સોનેરી સફરજન** (કિં. ૧·૦૦) તથા **દયાસાગર ને બીજી વાતો** (કિં. ૧·૨૫)માં આપણા લોકસાહિત્યની મનોરંજક, વ્યાવહારિક, નૈતિક, બૌદ્ધિક છ છ વાર્તાઓ નાનાં બાળકો કિશોરો તેમજ પ્રૌઢોને રસ પડે એવી રજૂઆતથી સરસ કથનશૈલીથી સંઘરાઇ છે. **ત્રણ વરદાન** એ શ્રી ચુનીલાલ વ. શાહે, ધર્મ સાથે નીતિ અને વ્યાવહારિકતાના બોધના આશયથી લખેલી વીસ વાર્તાઓનો એવો જ રસમય સંગ્રહ છે (કિં. ૨·૦૦); **સૂક્તાવલિ:** ધર્મ, વિદ્યા, વિચાર, ઉદ્યમ વગેરે વિષયોને લગતાં, સિંધનિવાસી શ્રી ગુરુપ્રસાદ-સંપાદિત સંસ્કૃત બોધવચનોનો, સ્વામી શ્રી આત્માનંદગિરિએ કરેલો અનુવાદ (કિં. ૦·૪૯); અને ઊગતી પ્રજા માટે એવો જ ભલામણ કરવા યોગ્ય બીજો સંગ્રહ છે **ચારુચર્યા:** જીવનમાં શિષ્ટાચરણોપયોગી, નિતિ-ઉપદેશયુક્ત મહાકવિ ક્ષેમેન્દ્રકૃત સંસ્કૃત ૧૦૦ શ્લોકો (કિં. ૦·૨૫) —પ્રા. સુરેશ ત્રિવેદીના ગુજરાતી અનુવાદ સાથે.

ઇ. ૧૯૬૧ના વાર્તા-નાટિકા પારિતોષિકનું પરિણામ

વર્ષ દરમ્યાન 'કુમાર'માં પ્રકટ થએલી મૌલિક વાર્તાઓ તથા નાટિકાઓને અપાતું રૂ. ૩૦નું પારિતોષિક ઇ. ૧૯૬૧ના વર્ષ માટે નીચેનાં ત્રણ લેખકોને સરખે ભાગે વહેંચી આપવાનું, તેના નિર્ણાયક શ્રી અનંતરાય રાવળે ઠરાવ્યું છે: (૧) શ્રી સુરંગીબહેન અધ્વર્યુંને તેમની રેડિયોનાટિકા 'ગુરુદક્ષિણા' માટે; (૨) શ્રી જયદેવ પંડયાને તેમની ટૂંકી વાર્તા 'ઘર તરફ' માટે ને (૩) શ્રી વિભૂતકુમાર શાહને તેમની ટૂંકી વાર્તા 'પ્રસ્વેદનું બિન્દુ' માટે. આ ત્રણેને અમે અભિનંદન આપીએ છીએ અને વિદ્વાન નિર્ણાયકનો આભાર માનીએ છીએ.

બે પરિચય-પુસ્તિકાઓ

ગયા અંકમાં અવલોકાએલાં 'શ્રેણિબદ્ધ પ્રકાશનો' પૈકી પરિચયપુસ્તિકામાળામાં બીજા બે નવા મણકા બહાર પડયા છે: **કાનની સંભાળ**માં ડૉ. કે. યુ. શાહે કાનના બહારના તથા અંદરના ભાગ સમજાવી આપણે કેવી રીતે સાંભળીએ છીએ તેનો ખયાલ આપ્યો છે. કાનનો મેલ, કાનનાં દર્દો, કાનમાં પેઠેલા જીવડાનો ઉપાય વગેરે રસપ્રદ ઉપયોગી મુદ્દા લેખકે એમાં છણ્યા છે. બહેરાશનો ઉપાય કયારે થઈ શકે, હીઅરિંગ એઈડ કેવું ખરીદવું વગેરે બતાવી

શ્રી રામસિંહજી રાઠોડને 'કચ્છનું સંસ્કૃતિદર્શન' પુસ્તક માટે સાહિત્ય અકાદમીનું પારિતોષિક

ભારતની સર્વ ભાષાઓમાં વર્ષનાં શ્રેષ્ઠ પુસ્તકોને અપાતાં સાહિત્ય અકાદમી તરફનાં રૂપિયા પાંચપાંચ હજારનાં પારિતોષિકોમાં આ વર્ષે ગુજરાતી ભાષાનું ઈનામ 'કુમાર'ના ચિરપરિચિત લેખક શ્રી રામસિંહજી રાઠોડને, એમના પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિદર્શન' માટે મળ્યું છે એ સમાચારથી સર્વ વાચકોને આનંદ થશે. વાચકોને યાદ હશે કે એ પુસ્તકનાં મોટા ભાગનાં પ્રકરણો અલગ અલગ લેખો રૂપે 'કુમાર'માં જ લખાએલાં.

ભારતની તેર ભાષાઓનાં એ સર્વ પુસ્તકોની યાદી નીચે મુજબ છે: (૧) આસામી: ઈયારૂઇંગમ-લે. વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય; (૨) બંગાળી: ભારતેર શક્તિ-સાધના ઓ શક-સાહિત્ય–લે. ડૉ. શશીભૂષણ દાસગુપ્ત; (૩) ગુજરાતી: કચ્છનું સંસ્કૃતિદર્શન–લે. રામસિંહજી રાઠોડ; (૪) હિન્દી: ભૂલે બિસરે ચિત્ર–લે. ભગવતીચરણ વર્મા; (૫) કન્નડ: બંગાળી કાદમ્બરીકાર બંકિમચન્દ્ર–લે. એ. આર. કૃષ્ણશાસ્ત્રી; (૬) કાશ્મીરી: નૌરોઝે સબા–લે. રહેમાન રાહી; (૭) મરાઠી: ડૉ. કેતકર–લે. ડી. એન. ગોખલે; (૮) ઉડિયા: અર્ધશતાબ્દીર ઉડિસા ઓ તાંહિરે મો સ્થાન–(અવસાનોત્તર પ્રકાશન); (૯) પંજાબી: ઈક મિયાન દો તલવારાં–લે. નાનકસિંગ; (૧૦) સંસ્કૃત (સંશોધનાત્મક): વૈદિક વિજ્ઞાન ઔર ભારતીય સંસ્કૃતિ–લે. મહામહોપાધ્યાય ગિરિધર શર્મા ચાતુર્વેદી; (૧૧) તમિળ: અગળ વિલક્કુ–લે. એમ. વરદરાજન; (૧૨) તેલુગુ: અનેહરા વગ્ગેચાકર ચરિત્ર મુ–લે. બલંત રામુ રજનીકાન્ત રાવ; ઉર્દૂ: દીવાને ગાલિબ–લે. ઈમતાઝ-અલી અર્શી. પારિતોષિક-પ્રદાન-વિધિ તા. ૩૧મી માર્ચે નવી દિલ્હીમાં થશે.

છેવટે કાનની સંભાળ રાખવા માટે 'આટલું ન કરશો' એમ પણ જણાવ્યું છે. બીજી પુસ્તિકા **દરિયાની દોલત**માં જાણીતા લેખક શ્રી વિજયગુપ્ત મૌર્યે દરિયામાં જે મોતી, પરવાળાં, કેરવામણિ વગેરે રત્નો તથા સોનારૂપાના ભંડાર છે અને રસાયણોની અઢળક સમૃદ્ધિ રહેલી છે તે બતાવવા ઉપરાંત દરિયામાં ધાતુની ખાણો, તેલના કૂવા, જાતજાતનાં ઔષધો અને વિટામિનો પણ છે એ બધી હકીકતોનું જે નિરૂપણ કર્યું છે તે વાંચતાં સૌ રસમુગ્ધ બની જાય તેવું છે. અંબર ક્યાં બને છે? ભવિષ્યનો ખોરાક કયો? પાણી બળતણ તરીકે વપરાય? એવા પ્રશ્નો પણ લેખકે આમાં લીધા છે, અને સાચું સાગરપૂજન તો આપણો પુરુષાર્થ છે એવું પ્રેરક વિધાન લેખકે કર્યું છે.

આ 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ' ચાર વર્ષથી દર મહિને બબ્બે પુસ્તિકા પ્રસિદ્ધ કરે છે અને સમાજશિક્ષણની સુંદર સેવા બજાવે છે. બન્ને પુસ્તિકાઓના પ્રકાશક: પરિચય ટ્રસ્ટ, ૧૯/૨૧, હમામ સ્ટ્રીટ મુંબઈ ૧, કિંમત ૪૦ નયા પૈસા. ૨૪ પુસ્તિકાઓનું વાર્ષિક લવાજમ ૮ રૂપિયા.

વિશ્વવંદ્ય શતાબ્દી પ્રસંગે

આજથી છએક દાયકા પર ગુજરાતના મધ્યમ વર્ગમાં ધર્મસંસ્કૃતિનું સિંચન કરનાર શ્રેયસ્સાધક અધિકારી વર્ગની પ્રવૃત્તિએ શિક્ષિત વર્ગના એક મોટા થરને વિચાર અને સંસ્કારથી પરિપ્લાવિત કરી દીધો હતો. એના પુરોધા શ્રીમન્નૃસિંહાચાર્ય, તેમના પુત્ર શ્રી ઉપેન્દ્રાચાર્ય તથા સાધકશ્રેષ્ઠ છોટાલાલ જીવનલાલ (જે 'વિશ્વવંદ્ય'ની સહીથી લખતા)થી સંચાલિત એ પ્રવૃત્તિનાં ચારેક મુખપત્ર નીકળતાં: ૧) મહાકાલ, ૨) પ્રાતઃકાલ, ૩) ધર્મધ્વજ, ૪) યમદંડ. એમાંનું પ્રથમ સામયિક વાચનસામગ્રીમાં મૂલ્યવાન ગણાઇને ખૂબ લોકાદર પામેલું. એના તંત્રી 'વિશ્વવંદ્ય' (છોટાલાલ જીવનલાલ માસ્તર)ની હમણાં આવતી જન્મશતાબ્દીને પ્રસંગે 'મહાકાલ' તેમજ અન્ય સ્થળે અન્ય સ્વરૂપે પ્રકટ થએલું એમનું સાહિત્ય એકત્ર કરી 'શ્રી વિશ્વવંદ્ય કિરણાવલી' સ્વરૂપે અનેક ગ્રંથોમાં પ્રસિદ્ધ થનાર છે.

પ્રથમ કિરણ (ગ્રંથ) ડેમી આઠપેજી (૮॥×૫॥ ઇંચ) કદનાં ૫૦૦ થી ૫૫૦ પૃષ્ઠનું હશે, જેનું મૂલ્ય પડતર કિંમતે રાખવામાં આવશે. કિંમત આશરે ૫-૫૦ હશે. મોકલવાનું ખર્ચ અલગ રહેશે. ઈચ્છુકોનું નામ તેમજ સરનામું મળતાં ગ્રંથ તૈયાર થયે સમાચાર પહોંચાડવામાં આવશે, અને મૂલ્ય મળ્યે રજિસ્ટર્ડ પોસ્ટથી ગ્રંથ રવાના કરવામાં આવશે. જે કોઈ પ્રથમથી જ ગ્રાહક થશે તેને 'વિચારરત્નરાશિ'ની એક નકલ ભેટ અપાશે: પત્રવ્યવહારનું સરનામું: જગન્નાથ પૂંજાલાલ ડૉક્ટર, પો. બૉ. ૭૧૨, મુંબાઈ-૧.

કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે નિબંધ-હરીફાઈ

મુંબાઈની શ્રી ફૉર્બસ ગુજરાતી સભા સંયોજિત શ્રી કરસનદાસ મૂળજી સ્મારક હેઠળ, મુંબાઇ-ગુજરાતની સમસ્ત કૉલેજોના વિદ્યાર્થીગણ માટે 'આપણી નવલકથાઓમાં સ્ત્રી પાત્રો' એ વિષય ઉપર નિબંધસ્પર્ધા યોજાઇ છે.

સ્પર્ધા માટેના નિબંધો વીસ ફૂલસ્કૅપ કાગળથી વધે નહિ એમ, શાહીથી, એક બાજુએ લખી તથા સાથે પુરું નામ સરનામું તેમજ કૉલેજના પ્રિન્સિપલનું અધિકૃત પ્રમાણપત્ર બીડી રજિસ્ટર્ડ ટપાલથી મોકલવા.

વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાંથી આવેલા સર્વશ્રેષ્ઠ નિબંધો માટે રૂ. ૫૦ સુધીના બે પુરસ્કાર અપાશે, અને એમાંથી ચકાસાએલી ઉત્તમ કૃતિને ૨૫-૭-૬૨ની 'સભા'ની જાહેર સભામાં વાંચવામાં આવશે. નિબંધોની ચકાસણી માટે 'સભા' ત્રણ વિદ્વાનોની સમિતિ નીમશે અને આ નિબંધોની માલિકી તેમજ સર્વાધિકાર સભાના રહેશે. સ્પર્ધાનું પરિણામ સભાના ત્રૈમાસિકમાં અને વર્તમાનપત્રોમાં જાહેર કરાશે. સ્પર્ધા વિષે પત્રવ્યવહાર, યોગ્ય ટિકિટોના બીડાણ સાથે કરવો આવશ્યક છે. નિબંધો પાછા મોકલાતા નથી.

ઈચ્છુકોએ પોતાની કૃતિઓ શ્રી ફૉર્બસ ગુજરાતી સભા, ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, કૉયેસહાક્સ લેન, મુંબાઇ એ સરનામે તા. ૧-૭-૬૨ સુધીમાં મળે તેમ મોકલવી.

એક વાર અમદાવાદથી ઊપડેલી ટ્રેનમાં ઉત્તરભારતને પ્રવાસેથી પાછા ફરી રહેલા બે કૉલેજિયનો વાતો કરી રહ્યા હતા. તેમાં પંડિત નેહરુની પરદેશી રાજદૂત સાથેની એકાદ મુલાકાતથી માંડી અનેક વિષયોની ચર્ચાટીકા થતાં થતાં સીનેમાની વાત નીકળી, તેમાં આ મતલબનું સાંભળવાનું મળ્યું:

'સીનેમાવાળા ઘણીવાર પ્રેમનાં વાહિયાત ટાહ્યલાં બતાવે છે. વસ્તુગૂંથણી પણ વિચિત્ર હોય છે. પણ ચોપાનિયાંવાળાને જાહેર ખબરો આપે એટલે તેની વાહવાહ બોલે છે. એ બધામાં એક પેલા 'નવચેતન'વાળા ચાંપશીભાઇ ઉદેશી ફક્ત જેવું જુએ તેવું લખે છે અને સરસ ટીકા કરે છે.'

'હા, યાર; પણ એથી જ તો એને સીનેમાના ઉદ્‌ઘાટનમાં આમંત્રણ મળતું નથી. પણ એ કોઈની પરવા રાખતા નથી. કળા અને સંસ્કાર માટે તો ભોગ આપવો પડે છે. માત્ર 'નવચેતન' અને 'કુમાર' જ એવાં માસિકો છે કે જે એલફેલ લખતાં નથી કે ખુશામત કરતાં નથી. પણ લોકો ય જુઓને, નટનટીઓની વાતોમાં કેવા લટ્ટુ બની જાય છે!'

તેઓને ખયાલ પણ નહોતો કે આ વાતો 'કુમાર'ની એક અંગભૂત વ્યક્તિ કાનોકાન સાંભળી રહી હતી.

કલાવાર્તા

પ્રાચીન ભીંતચિત્રો

લેખક : સુનીલ કોઠારી

આ ગાઉ ૪૫૪મા અંકની કલાવાર્તામાં શ્રી જ્યોતિ ભટ્ટનો પરિચય અને એમનું ચિત્ર 'કૃષ્ણ-લીલા' (જેને લલિતકલા અકાદમીના કલા-પ્રદર્શનમાં પ્રથમ ઇનામ તથા સુવર્ણચંદ્રક મળેલાં તે) પ્રગટ થયાં છે. એ કૃતિની પ્રક્રિયા જ્યોતિભાઈએ 'મનીષા'ના ૨૧મા અંકમાં સમ‥વી છે. તેમાં તેઓ લખે છે: 'ઉનાળાની રજામાં મહુવાના દરબારગઢનાં ચિત્રો જોયાં હતાં, ને તેની ખાસિયતને સમજવા પ્રયત્ન કર્યો હતો. લોકજીવનમાંથી રજૂ થએલાં એ ઘરેણાંગાંઠાં ને કપડાંલત્તામાં મેં જરૂરી ફેરફાર કર્યા. ચાંદોદના મંદિરમાંનાં ચિત્રો ને એવાં બીજે સ્થળે જોએલાં ચિત્રોમાં એક વાત જોવા મળી: 'એ ચિત્રોમાં મુખ્ય પાત્રોનાં નામ લખવામાં આવતાં. મને એ રસપ્રદ લાગ્યું. એથી આખી કથાનો ખ્યાલ આવી જાય છે ને પાત્રોને ઓળખવાનો આનંદ પણ આવે છે.'





ડાબી બાજુ : રાજસ્થાનનું એક ભીંત ચિત્ર; મથાળે તથા નીચે : ગોપ અને ગાયો–વૈષ્ણવ-મંદિરની કલાની શ્રી જગુભાઇ શાહે ઉતારેલી અનુકૃતિ; પહેલા કૉલમને મથાળે; શ્રી જ્યોતિ ભટ્ટે પોતાના 'કૃષ્ણ-લીલા'માં આલેખેલું વાસુદેવનું પાત્ર





આપણે ત્યાં ગુજરાતમાં કેટલાંક વૈષ્ણવ મંદિરોમાં મેં કલાકારોએ આલેખેલા કૃષ્ણ-લીલાના પ્રસંગોનાં અથવા ગોપીઓ, ગાયો સાથે ગોપ અને શ્રીનુ:થજીનાં મોટાં ભિત્તિ-ચિત્રો જોયાં છે. એ બધાં ચિત્રો મેવાડમાં નાથદ્વારાના મોટા મંદિરમાં જોવામાં આવતાં ચિત્રોના પ્રકારના જ છે. ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિકના વર્ષો પૂર્વેના એક અંકમાં શ્રી રવિશંકર રાવળનો કાઠિયાવાડના કોઇ ગામનાં ભિત્તિચિત્રવિષેનો લેખ વાંચ્યો હતો. 'નેહરુ અભિનંદનગ્રંથ'માં પણ શિલાપટ (સલાટી) ચિત્રો વિષે એમનો એક સચિત્ર લેખ છે. શ્રી રામસિંહજી રાઠોડે 'કચ્છના સંસ્કૃતિ-દર્શન'માં પણ કચ્છની એવી કમાનગરી કલાનો પરિચય કરાવ્યો છે. આ બધાંનું સ્મરણ હમણાં 'વારાણસીનાં ભિત્તિચિત્રો' વિષેની કેટલીક માહિતી મળતાં તાજું થયું.

આવાં ભિત્તિચિત્રોના બે પ્રકાર હોય છે. મંદિરોની દીવાલ પર દેવી-દેવતાઓનાં પ્રકીર્ણ આલેખનો ઉપરાંત કથાચિત્રો પણ ત્યાં જોવા મળે છે. બીજો પ્રકાર લગ્નપ્રસંગ માટે થતાં ચિત્રો સંસારજીવનનાં ચિત્રોનો છે. આમાં પહેલા પ્રકારનાં ચિત્રોની સંયોજના વિસ્તૃત ફલક પર જોવા મળતી નથી; માત્ર સીમિત ક્ષેત્રમાં જ એનું આલેખન જોવા મળે છે. એની વિશિષ્ટતા મૂળ ભાવ, ઘટના અને કથાનાં પાત્રોના કુશળ આલેખનમાં રહેલી છે. બીજો પ્રકાર લાંબી ચિત્રપટ્ટી (પૅનલ) રૂપે કરેલાં આલેખનોમાં જોવા મળે છે. એમાં હાથી, ઘોડા, ગણેશ, ગોવાલણી, મંગલ પ્રતીકો ને ફૂલ-પત્તી-વેલનાં સુશોભનો વગેરે હોય છે. જાન લઈ આવતા વરરાજાના રસાલાની શોભા હાથી-ઘોડાની સુંદર આલેખનામાં નિરૂપાઈ હોય છે.

સરળ વહેતી રેખાઓ, ભભકભર્યા રંગો અને સહજ અભિવ્યક્તિ, એ આ કલાના પ્રમુખ લક્ષણ છે. એમાં રેખા-રંગોનું વૈવિધ્ય ન હોવા છતાં ચિત્રકારો રૂપરેખાઓને સીમિત કરી ચિત્રને પ્રેરણામૂલક બનાવી લે છે. એમની આ સીધી સાદી આકૃતિઓમાંની સમતોલ રંગાવટ, ગતિ અને ગોળાઈ નોંધપાત્ર છે. લાલ, પીળા, લીલા ને ભૂરા રંગોની અલ્પ સામગ્રી વડે જ આ ચિત્રોને તેઓ રંગલીલા બક્ષે છે. એમાં વિરોધી રંગોનો પ્રયોગ તેઓ તર્કપૂર્વક કરે છે. પરિણામે રંગોના મૂળ ભાવ આપણી દૃશ્ય ચેતનાને સદા અનુપ્રાણિત કરે છે.

આ ચિત્રકારોની આકૃતિઓ શીઘ્રાલેખી હોય છે. તેઓ એક જ ઝપાટે બહીરેખા (આઉટલાઇન) મારે છે: બીજી વાર પીંછીનો જવલ્લે જ ઉપયોગ કરે છે. જોકે પીંછીના એ ત્વરિત સપાટામાં પણ ચિત્રના અંતર્ગત સૌંદર્યને તેઓ પ્રગટ કરવાનું ચૂકતા નથી. આ ચિત્રો જોતાં એક વાત નોંધ્યા વિના ન રહી શકાય. અન્ય ભારતીય ચિત્રશૈલીમાં આવું જોવા મળતું નથી. માનવીથી માંડીને પશુપક્ષી સુદ્ધાંની છાતી બહાર નીકળેલી ફૂલેલી જોવા મળશે. અને ડોક ઊંચે કરેલી જોવામાં આવે છે. એને કારણે આકૃતિઓની એક અસાધારણ રૂઆબની ઝલક દૃષ્ટિગોચર થાય છે. (વારાણસીનાં ચિત્રોની અનુકૃતિઓ શ્રી મહેન્દ્રનાથસિંહ ને 'ધર્મયુગ'ના સૌજન્યથી)











જમણી બાજુ મથાળે: વારાણસીનાં ચાર ભીંત ચિત્રો; નીચે: સૌરાષ્ટ્રમાં જામનગર, ભાવનગર, શિહોર આદિ સ્થળોએ આલેખાએલાં ભીંત ચિત્રોનો પ્રકાર (અનુકૃતિ શ્રી વજુભાઈ ભગત) ઊંટસવાર, દરબારનો ડાયરો, રાસલીલા.









ગામડાનાં ઘર કલાકાર **પીરાજી સાગરા**

નિસર્ગના ખોળામાં અનિયંત્રિતપણે ઊગેલાં વનવૃક્ષોની પેઠે આખડદોબડપણે રચાએલાં, રજપૂતાનાનાં ગામડાંનાં ઘરોમાં રહેલી સૌન્દર્યની રમણા શોધનાર આ કલાકાર સાદગીનું સૌન્દર્ય ઉતારવામાં નિષ્ણાત છે. લહેરથી વિશ્રંભવાર્તા કરતાં આડા પડેલા ગ્રામજનો જેવાં આ ઘરોમાંથી ઊઠતી વાંકીચૂંકી રેખાઓના વિન્યાસમાં રમતું રચનાસૌન્દર્ય પકડીને, તેની સાથે તાલ મિલાવતાં કાર્યરત બે માનવપાત્રો વડે એમણે એ શાન્ત ઉજ્જડતામાં સજીવતાનો સંચાર મૂકી દીધો છે.



વનસૌન્દર્ય • ફોટો અશ્વિન મહેતા

માટીકામની કલા


'ઑલ ઇન્ડિયા હૅન્ડીક્રાફ્ટ બૉર્ડ' અને 'યુસિસ'ના ઉપક્રમે ભારતના માટીકામની કારીગરી વિષયક એક પ્રદર્શન કેટલાંક કેન્દ્રોમાં હમણાં ભરાએલું. કૅલિફૉર્નિયાનાં જાણીતાં કલાકાર મિસ બીઍટ્રીસ વૂડના માટીકામ (સિરામિક્સ)ના નમૂનાઓનું આ પ્રદર્શન કેટલીક રીતે આગવું અને પ્રેરણાત્મક હતું.

કલાના આ ક્ષેત્રમાં પશ્ચિમના દેશોમાં તો મિસ વૂડ સારી પેઠે ખ્યાતિ પામેલાં છે. ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મેલાં ને વૈભવમાં ઊછરેલાં આ બહેને કલાને માટે જાણે કે ભેખ જ લીધો છે. શરૂઆતમાં કેટલોક સમય રશિયન બૅલેમાં નૃત્યો કરી પાછળથી સર્રીઆલિસ્ટ કલાકાર માર્શલ ડચુકૅમ્પ જેવા ફ્રસ્તાદ ચિત્રકારોની કળાથી પ્રેરાઈ તે કલાના આ અભિનવ ક્ષેત્રમાં ખેંચાઈ આવ્યાં અને એનું શક્ય એટલું વધુ જ્ઞાન મેળવી તથા હિંમતભર્યા અનેક અવનવા પ્રયોગો કરીને લગભગ વીસ વર્ષના અનુભવે એમણે પોતાની આગવી પ્રતિભાને ઘડી. માટીનાં પાત્રોને ચળકાટ આપવાની લગભગ ચારસો જેટલી વિવિધ રીતોનું જ્ઞાન મેળવી તેઓ હજારો રીતના અવનવા ઓપ સરજે છે. તેમની કૃતિઓના ઘાટ અને આકારમાંથી નીપજતા અનોખા ભાવ સાથે પારદર્શક ઝવેરાત શા ચકચકિત ઓપ ચડાવવાની









એમની સિદ્ધિએ તો એમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે. અને આ બધાં જ પાત્રો કોઈ પણ જાતનાં બીબાં કે ફરમાઓ પરથી નહિ, પણ સાદા ચાકડા પરથી જ ઊતારેલાં ને જાતે જ પોતાની ભઠ્ઠીમાં પકાવેલાં હોય છે. એમની આવી અને આથી યે ફક્કડ અનેક કૃતિઓ મોટાં સંગ્રહસ્થાનો તથા કલાપ્રેમીઓનાં ઘરોમાં સંઘરાઈ છે.

ભારતની વિવિધ પરંપરાઓ

આમ તો માટીકામનો ઇતિહાસ માણસના પોતાના ઇતિહાસ જેટલો જ જૂનો કહી શકાય. પૌરાણિક સંસ્કૃતિધામોનાં ઉત્ખનનોમાંથી મળેલા અવશેષો પરથી આજે યે આપણે આ કારુકલાનો તાર અતૂટપણે ખેંચાતો આવેલો જોઈ શકીએ છીએ.

ભારતમાં હજી આજે યે ઘડા-માટલાં ને કૂંજા-કોઠીઓમાં આપણે આ કારીગરીને જીવતી જોઇએ છીએ. માટીનાં રમકડાં, મૂર્તિઓ ઈત્યાદિ રોજિંદા વપરાશની વસ્તુઓ પણ હજી ટકી રહી છે, અને માટીકામ પરના ચળકતા ઓપ આપવાની ક્રિયાથી પણ ભારતીય કલાકાર અજાણ નથી જ. મોંહે જો દડો, હડપ્પા ને છેલ્લે લોથલમાંથી મળી આવેલા અવશેષોમાં આજે હજારો વર્ષ પછી પણ તાજી જ લાગતી લાલ ને કાળા રંગની સુંદર ભાત જોઈ કોઈ પણ માણસ દંગ થઈ જાય. એમ પણ મનાય છે કે ચંગીઝખાનના વિજયોના કાળથી પંજાબ ને સિંધમાં માટીકામ થતું આવે છે. પુરાણા બૅબિલોન અને નિનેવાહની સંસ્કૃતિની છાંટ પણ ઘણાને તેમાં દેખાય છે. આજે પણ એ જ જુગજૂના ચાકડા પર એ જ પુરાણી ઢબથી ગ્રામજીવનમાં ઉપયોગી એવી ઘરવપરાશની વસ્તુઓ ઉતારતો આપણો કુંભાર સમાજજીવનમાં જેટલું ઉપયોગી એટલું જ માનીતું સ્થાન પામેલો છે. લોકકથાઓ ને લોકગીતોમાં એને પણ લાડ લડાવાયા છે, અને એના કાર્યને



રામપુરના લાલ માટીના કમંડલ ઉપર સફેદ અને રૂપેરી સુશોભનો



રામપુરની રાખોડી માટીની બરણી ઉપર આસમાની ભાત


બ્રહ્માના સર્જન સાથે સરખાવવા જેટલે ઊંચે સ્થાને આપણે મૂક્યો છે એ ઉપરથી ખયાલ બાંધી શકાય કે એનાં સર્જનોએ આપણા જીવનમાં કેટલું મહત્ત્વનું સ્થાન મેળવ્યું હશે.

આપણે ત્યાંના માટીકામમાં મુખ્યતઃ તો ઘરવપરાશની ચીજો જ વધુ પ્રચલિત છે; છતાં સુશોભનાત્મક અને ઉપયોગી એવી ચીજો પણ ઘણી બને છે. ચળકાટ વિનાનાં અને ઓપ ચઢાવેલાં બંને પ્રકારનાં માટીનાં પાત્રો આપણે ત્યાં થાય છે. અલ્વર, ભાવલપુર, ગુજરાનવાલા વગેરે તરફનું માટીકામ એટલું તો પાતળું હોય છે કે એ 'કાગઝી' (કાગળ જેવું પાતળું)ને નામે ઓળખાય છે. એ જ રીતે અલીગઢનાં માટીનાં પાત્રો ભઠ્ઠીમાં પકવતાં પહેલાં એના પર ઉપસાવાતી અવનવી ભાત માટે વિખ્યાત છે. મદુરાઈ, રત્નાગિરિ, આઝમગઢ વગેરેનાં માટીપાત્રો તેના શ્યામ વર્ણ માટે તથા લખનૌ, કોટા, સાલેમ ને જલંધરનાં પાત્રો તેની રંગપૂરણી માટે જાણીતાં છે. ખુરજા ને રામપાડનાં ફૂલદાન, તશ્તરી ને સુરાહી તેના ચળકાટ માટે વિખ્યાત છે, તો બુરહાનપુરનાં માટીપાત્રો એના ખુલતા પીળા રંગની રેખાઓનાં સુશોભનોવાળા તપખીરી ચળકાટ માટે વખણાય છે. એ જ રીતે



આઝમગઢના લાલ માટીના પાત્ર ઉપર રૂપેરી વેલકિનાર


દક્ષિણના વેលુર, ઉત્તર આર્કટ ને કુંભકોણમનું માટીકામ એના નીલમ જેવા લીલા ને ઘેરા તપખીરી તથા પારદર્શક ઓપ માટે જાણીતું છે. છેલ્લી સદીના અંત સુધી તો સુશોભનના ઉદ્દેશથી પણ ઘણાં માટીપાત્રો સર્જાતાં હતાં. હજી આજે યે હૈદરાબાદ ને ત્રાવણકોરનાં લાલ માટીનાં વાસણો, દીનાપુરનાં લાલ ઓપવાળાં પાત્રો, આઝમગઢ ને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગનાં રૂપેરી ભાતવાળાં કાળાં પાત્રો તથા કોટા ને રાજસ્થાનનાં રંગીન



આઝમગઢની કાળા રંગની રકાબી ઉપર રૂપેરી શોભનકામ

માટલાં ને તાસકો પણ વિખ્યાત છે. ઉપરાંત સુરત અને પાટણ તરફનાં બિદરીવાળાં પાત્રો ને મદુરાઈ તરફનાં જાળી જેવી કલામય કોતરણી કરેલાં પાત્રો પણ નોંધપાત્ર છે.

પણ આ બધું એના ઉત્પત્તિસ્થાનની આસપાસના મર્યાદિત ક્ષેત્રમાં વણમૂલાએલું ટકી રહ્યું છે. જૂની છતાં વિશિષ્ટ આ રસમોને નવો અવતાર આપવાની જરૂર છે.



મદ્રાસ ઈલાકામાં થતાં માટીપાત્રોનાં ઘાટરૂપ તથા રંગશોભનનું વૈવિધ્ય દર્શાવતા ત્યાંની કળાશાળાએ તૈયાર કરેલા નમૂના

દૂધની બનાવટો

માવો, રબડી, બાસુદી, આઇસક્રીમ, કન્ડેન્સ્ડ મિલ્ક, મિલ્ક-પાઉડર વગેરે ઘણી છે... ...પણ તે સર્વમાં શ્રેષ્ઠ તો **દહીં**

(આહાર અને આરોગ્ય ૨૭)

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

દૂધ જલ્દીથી બગડી જાય એવો પદાર્થ છે. ગરમ કરેલું હોવા છતાં તે છ થી દસ કલાક અને પાશ્ચરણી કરેલું દૂધ બારથી ચોવીસ કલાક સારું રહે છે. સમય વીતતાં રાખી મૂકેલા દૂધમાં લૅક્ટિક ઍસિડ –અમ્લતા પેદા થાય છે; પ્રવાહી દૂધનો પૂડો જામે છે, એને અમ્લતાનાં વાસ અને સ્વાદ પ્રાપ્ત થાય છે.

દૂધના ઘટકો લાંબો સમય જળવાઈ રહે એ રૂપમાં દૂધની વિવિધ બનાવટો આપણે ત્યાં આદિ કાળથી ચાલી આવે છે. આ છે દહીં, છાશ, માખણ અને ઘી. આમાંની પહેલી ત્રણ થોડો સમય સારી રહે છે. એમાં રહેલા જીવાણુઓથી અગર હવાના સ્પર્શથી થતી દૂષિતતાને લીધે અને સંઘરાવાની જગ્યાના ઉષ્માામાનથી એમાં ઝડપી બગાડો થાય છે. જ્યારે ગરમ કરીને જીવાણુરહિત કરેલું ઘી સંઘરવા લાયક બને છે. આ બધી દૂધનો વિપાક થવાથી બનેલી પેદાશો છે.

વળી, દૂધના ઘટકો સંઘટિત થવાથી પણ તે લાંબો સમય બગડ્યા વગર ટકે છે. આ છે રબડી, બાસુદી, માવો અને માવામાંથી બનતી વિધવિધ મીઠાઇઓ. પશ્ચિમના દેશોમાં દૂધને લાંબો સમય જાળવી રાખવા માટે ઘટ્ટ કે સૂકા ભૂકાનું રૂપ અપાય છે, જે કન્ડેન્સ્ડ કે ડ્રાય મિલ્ક-પાઉડરના નામે ઓળખાય છે.

માવો : એક મણ સારા દૂધમાંથી લગભગ સે આઠ શેર (માવો) ઊતરે છે. સઘટ્ટતાની દષ્ટિએ માવો કન્ડેન્સ્ડ દૂધના કરતાં સૂકા દૂધના જેવો છે. માવો બનાવવામાં લેક્ટાલ્બ્યુમિન વિકૃત એટલે અદ્રાવ્ય બને છે. વિટામિનો ખાસ કરીને 'બી' અને 'સી' ઘણાં ઘટે છે.

માવામાં પાણી હોવાથી ફૂગ અને બૅક્ટેરિયાને લીધે એમાં અમ્લતા અને પ્રોટિયોલાઇસિસનો બગાડો થાય છે. માવો એમ ને એમ, કે મીઠાઇના રૂપમાં ખવાય છે. માવાનું પાચન વહેલું શરૂ થાય છે પણ તે લાંબો વખત હોજરીમાં રહેતો હોવાથી ભારે ખોરાક ગણાય છે.

રબડી : ઉત્તર હિંદની આ બનાવટ આપણી બાસુદી જેવી ગણાય. આ બનાવવામાં ઉકાળવા મૂકેલા દૂધને હલાવવામાં નથી આવતું, પણ દૂધ ઉપર વળતી તર વાળી લઈ પેણાની બાજુએ રાખવામાં આવે છે. ઉકાળવા મૂકેલું દૂધ જ્યારે પાંચથી આઠમા ભાગનું રહે ત્યારે ચૂલા ઉપરથી પેણો ઉતારી લઈ બાકી રહેલા દૂધ સાથે તર એકરસ કરવામાં આવે છે. આ પછી ખાંડ મેળવી રબડી ઠરી પડવા દેવાય છે. બાસુદી કરતાં રબડી લાંબો વખત સારી રહે છે. બંને પચવામાં ભારે છે. હોજરીમાં તે લાંબો વખત રહે છે; અને તે ન પચે તો ઝાડા થાય છે.

ઘટ્ટ (કન્ડેન્સ્ડ) દૂધ

તાજું દૂધ અપ્રાપ્ય કે તેની શુદ્ધતા શંકાભરેલી હોવાના કારણે આપણા દેશમાં અમલદારી કરવા આવેલા યુરોપિયનો એમના દેશમાંથી મંગાવેલું 'ઘટ્ટ દૂધ' વાપરતા. પ્રથમ ૨૧૨ અંશ ફેરનહાઇટ ગરમીએ દૂધ જીવાણુવિહીન બનાવી, પછી હવાશૂન્ય તાવડાઓમાં વાતાવરણનું દબાણ ઘટાડી મૂળના કરતાં ચોથા ભાગનું પ્રમાણ રહે એટલું ઘટ્ટ દૂધને બનાવાય છે. આ દૂધ મોળું અને ગળ્યું બંને પ્રકારનું આવે છે. તેને ગળ્યું કરવાથી તેનું ટકાઉપણું વધે છે. ઘણીવાર આવા દૂધની મલાઈ ઉતારી લેવામાં આવે છે. તે નિધૃત ઘટ્ટ દૂધ (કન્ડેન્સ્ડ સ્કિમ્ડ મિલ્ક)ના નામે ઓળખાય છે. સારા ગળ્યા ઘટ્ટ દૂધમાં ૧૧ ટકા ચરબી, ૧૦ ટકા પ્રોટીન, ૧૪ ટકા દૂધ-શર્કરા અને ૩૮ ટકા ખાંડ હોય છે, જ્યારે ગળ્યા સેપરેટ દૂધમાં માત્ર એક ટકો ચરબી હોવાથી તે બાળકોના પોષણના એકમાત્ર સાધન તરીકે નકામું છે.

દૂધ ઘટ્ટ બનતી વખતે કેસિનમાં રાસાયણિક ફેરફારો યોજાવાથી હોજરીમાં આ દૂધનાં કોકડાં બાઝતાં નથી અને જો બાઝે તો ઘણાં હલકાં હોય છે. આ કારણે ગાયના દૂધ કરતાં આ દૂધ સુપાચ્ય છે; પરંતુ ઊકળવા દરમિયાન થોડાં ખનિજદ્રવ્યો ને વિટામિનો (ખાસ કરીને કૅલ્શ્યમ અને વિટામિન 'સી') નાશ પામતાં હોવાથી ને તેમાં ચરબી ઓછી હોવાથી ઘટ્ટ દૂધ ઓછું પોષણદાયી છે. ઘટ્ટ ગળ્યું દૂધ તો વળી પોષણદાયી નથી જ. ખાંડને લીધે દૂધનાં પોષણતત્ત્વો અ-સમતુલ થવા ઉપરાંત તેનાથી આંતરડાંમાં બગાડો પેદા થાય છે. આમ બાળકો માટે એ હાનિકારક છે, તો ઘટ્ટ સેપરેટ દૂધ નકામું છે. જો તાજું દૂધ ન મળે તો મોળું ઘટ્ટ દૂધ વાપરવું ડૉ. ચોપ તો એટલે સુધી લખે છે કે 'ઘટ્ટ દૂધ પર ઉછરેલાં બાળકો જાડાં દેખાય છે, પણ તે ફિક્કાં ને ફૂલેલાં હોય છે. મોટા ભાગે તે સૂકતાન (રિકેટસ) કે સ્કર્વીનો ભોગ હોય છે. આવાં બાળકોને કૅલ્શ્યમ અને વિટામિન 'સી'ની ઊણપ પૂરી પાડવા માટે મોસંબી અને ટમેટાં જેવાં ખાટાં ફળો આપવાં જરૂરી છે.

દૂધનો ભૂકો : મિલ્ક-પાઉડર

બહારના દૂધ ઉપર ઉછરતા શિશુઓને આપવામાં આવતાં ગ્લૅક્સો, ઑસ્ટર મિલ્ક કે બેબીફૂડના નામે ઓળખાતા દૂધના ભૂકાથી સૌ પરિચિત છે. આમાં ગરમી હેઠળ દૂધને સૂકવી નાખવામાં આવતું હોવાથી દૂધનાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ તથા ચરબીનો ખાસ નાશ તો નથી થતો, પણ વિટામિન 'સી' અને કૅલ્શ્યમ ઘટે છે, વળી આ દૂધની અરધી ચરબી ઉતારી લેવાતી હોવાથી એના ભૂકામાં વિટામિન 'એ'ની પણ ઊણપ રહે છે. જોકે આવો ભૂકો પૂર્ણ દૂધનો પણ બનાવાય છે. ભૂકામાં દસગણું પાણી ઉમેરી એનું પ્રવાહી દૂધ બનાવાય છે. અર્ધસેપરેટ દૂધના ભૂકામાં ઉપર જણાવેલા ખાદ્યપ્રાણોની ઊણપ હોવાથી, માત્ર દૂધ ઉપર નભતાં શિશુઓને રોજ ટમેટાં, નારંગી, મોસંબી કે લીંબુનો રસ અને વિટામિન 'એ' તથા 'ડી'ની ન્યૂનતા પૂરી કરવા રોજ થોડું કૉડલિવર ઑઇલ આપવું જોઈએ.

તાજા ભૂકા દૂધને મજાનાં સ્વાદ ને સોડમ હોય છે. ઘટ્ટ દૂધ ને દૂધનો ભૂકો જે હવાશૂન્ય ડબ્બાઓમાં ભરવામાં આવે છે તે જો બરાબર મજબૂત રહ્યા ન હોય તો ભૂકા-દૂધમાં ખરાબ વાસ ને રંગનો ફેરફાર થાય છે અને તેને પાણીમાં ઓગળતાં વાર લાગે છે.

આઇસક્રીમ : આપણે ત્યાં માત્ર ગરમીના દિવસોમાં ઠંડક મેળવવા શૉખની ચીજ તરીકે આઈસક્રીમ ખવાય છે, પણ અમેરિકા ઈંગ્લંડ ને પશ્ચિમના બીજા થોડા દેશોમાં તો તે રોજિંદા આહારની લોકપ્રિય વાની છે. ત્યાં વપરાશ કરતાં વધારાનું દૂધ આ પોષણદાયી વાની બનાવવામાં વપરાય છે, અને એનો વપરાશ વધતો જતો હોવાથી એ દેશોની સરકારે એના પોષણદાયી અને આરોગ્યપ્રદ બાબતોનાં ધોરણ નક્કી કર્યા છે. ઇંગ્લંડમાં આઈસક્રીમમાં ઓછામાં ઓછી ચાર ટકા ચરબી, પાંચ ટકા દૂધનાં બીજાં ઘન દ્રવ્યો અને દસ ટકા ખાંડનું ધોરણ છે; તો અમેરિકામાં ઓછામાં ઓછી બાર ટકા ચરબી, દસથી બાર ટકા બીજાં

ઘન દ્રવ્યો, ફળ કે ફળોનો રસ કે બન્ને દસ ટકા, સૂકો મેવો છ ટકા, ઇંડાંની જરદી દોઢ ટકો, જિલેટિન અરધો ટકો, આમ એક ગૅલનમાં ૧.૬ રતલ ઘન દ્રવ્યો હોવાનું ધોરણ રાખ્યું છે. આપણા દેશમાં ઉત્તર પ્રદેશની સરકારનું ધોરણ ઓછામાં ઓછી પાંચ ટકા ચરબી અને સાડા સાત ટકા ચરબી સિવાયના ઘન પદાર્થોનું છે.

આઈસક્રીમ એ ઠારેલા દૂધની વાની છે. એમાં બરફ ને દૂધ બન્ને અતિ ચોખ્ખાં હોવાં જરૂરી છે, કારણ કે દૂષિત દૂધ એ અનેક બગાડા ને પેટના રોગોનું કારણ હોવાનું આપણે જોઇ ગયા છીએ. પાણીનું પણ આવું જ સમજવું. ખાવાનો બરફ શુદ્ધ પાણીમાંથી–આરોગ્યપ્રદ રીતેથી બનેલો અને ખાવાની વાનીઓની પેઠે જાળવીને રાખેલો હોવો જોઇએ. દૂધ પણ કાં તો ગરમ કરેલું કે પાશ્ચરણી કરેલું જોઇએ.

આઈસક્રીમની બનાવટમાં મુખ્યત્વે દૂધ, મલાઇ ને ખાંડ વપરાય છે. સુંવાળપ આણવા એમાં અરધો ટકો હાડકાંમાંથી બનતું જિલેટિન કે બાવળનો ગુંદર ઉમેરાય છે. સુગંધ માટે એસેન્સ નખાય છે ને મનોહરતા આણવા ખાઈ શકાય એવા રંગો ભેળવાય છે. વળી, તેમાં વિવિધતા આણવા સફરજન, પીચ વગેરે કઠણ ફળો બાફીને, તો કેળાં ચીકુ વગેરે નરમ ફળો છૂંદીને નખાય છે. તેને પૌષ્ટિક બનાવવા શેકીને વાટેલી બદામ પણ નાંખવામાં આવે છે. ઉપરાંત એક ગૅલન આઈસક્રીમમાં ૦ા રતલના પ્રમાણમાં ઈંડાંની જરદી પણ નાખવામાં આવે છે. ટૂંકમાં ખાનારની રુચિ ને સંપત અનુસાર એમાં બીજા પદાર્થો ઉમેરાય છે.

આઈસક્રીમ પોષણદાયી ખાદ્ય છે. એમાં દૂધ મલાઈ ને ખાંડ આવતાં હોવાથી આહારનાં પ્રોટીન કાર્બોહાઇડ્રેટ અને ચરબી ઘટકો છે. ઉપરાંત, ફળો હોય તો વિટામિનો ને ખનિજ દ્રવ્યોનો ઉમેરો થાય છે. એની બનાવટ એવા ધોરણસર હોવી જોઈએ કે તે ખાનારને સપ્રમાણ ખાદ્યપ્રાણો મળે. વળી, એ બનાવવામાં વપરાતાં બરફ દૂધ ને વાસણો વિશુદ્ધ હોવા ઉપરાંત એની લેવડદેવડ પણ અતિશય ચોખ્ખાઇભરી હોવી ઘણી જરૂરી છે. જ્યાં આવી વિશુદ્ધિ અને ચોખ્ખાઇની ખાતરી ન થાય ત્યાં આઈસક્રીમ ખાતાં અગાઉ બેવાર વિચારવા જેવું છે.

દહીં : ગરમ દેશોમાં આહાર માટે દૂધ જાળવવાની રીત તેને ખાટું થવા દેવામાં છે. એથી સડો થતો અટકવા સાથે દૂધમાં મિષ્ટ ને ખાટો સ્વાદ પેદા થાય છે. આપણા પૂર્વજોએ અટળ એવી વિપાકની ક્રિયાને લાભમાં ફેરવી દૂધનાં પોષણમૂલ્યોને વેડફાઇ જતાં બચાવી દહીંના રૂપમાં આહારસુલભ બનાવવાની અદ્‌ભુત શોધ કરેલી છે.

અત્યારની ચોખ્ખામાં ચોખ્ખી ઢબથી દોવાએલું દૂધ પણ જીવાણુઓને કારણે લાંબો વખત સારું રહેતું નથી. ઋતુ અનુસાર છથી બાર કલાકમાં તે જામી જાય છે. ૬૦ ફેરનહાઇટ અંશ ગરમીએ દૂધ ચોવીસ કલાક, તો ૧૦૦ ફે૦ અંશ ગરમીએ તે છ કલાક સારું રહે છે. જામી ગએલા દૂધમાં લૅક્ટિક ઍસિડ બેસિલાઈ (જીવાણુઓ)થી બીજા જીવાણુઓની વૃદ્ધિ ખાળી ન શકાવાથી આ દહીં કડવું અને બેસ્વાદ લાગે છે. પણ સ્વાદિષ્ટ અને મધુરું દહીં જમાવવા માટે આપણે જૂના જમાનાથી દૂધમાં મેળવણ નાખવાની રીત શોધી છે. મેળવણ તરીકે આગલા દિવસનું દહીં વપરાય છે. ક્યાંક આમલી કે લીંબુની ખટાશ પણ વપરાય છે. હોલૅન્ડ, ડેન્માર્ક, જર્મની ને સ્વિટ્ઝરલૅન્ડમાં રેનેટ નામનો ભૂકો વપરાય છે, જેનાથી ત્રણથી પાંચ કલાકમાં દહીં તૈયાર થાય છે.

મેળવતાં પહેલાં દૂધને ગરમ કરવું જરૂરી છે, જેથી દૂધમાંના જીવાણુઓ નાશ પામે. આ દૂધ ઠંડું પડયે તેમાં મેળવણ નાખી, બરાબર હલાવી, હૂંફાળી જગ્યામાં બારથી ચોવીસ કલાક રાખવામાં આવે છે. શિયાળામાં દહીં વહેલું તૈયાર કરવા માટે ગોરસી નીચે ઘાસ પાથરવામાં આવે છે, તો ઉનાળામાં દહીં બહુ ખાટું ન થઈ જાય તે માટે ગોરસી ઠંડી જગ્યામાં રાખવામાં આવે છે.

મેળવણમાં લૅક્ટિક ઍસિડ જીવાણુઓનું પ્રાધાન્ય હોય છે. દૂધ જમાવનારા વિવિધ જીવાણુઓ છે, પણ સામાન્ય ત્રણ જાતો છે: સ્ટ્રેપ્ટોકોકસ લૅક્ટિસ, લૅક્ટોબેસિલસ ઍસિડોફિલસ, અને બલ્ગારિકસ. દરેકનું અમ્લતા આણવાનું ધોરણ જુદું છે. આ ઉપરાંત, સોડમ આણનારા પણ જીવાણુઓ છે. ઉપરાંત ઘણી જાતનાં ફૂગ અને યીસ્ટ પણ છે. બૅંગ્લોરના પ્રાદેશિક દૂધસંશોધન કેન્દ્રમાં મેળવણના જીવાણુઓનું સંશોધનકાર્ય થવાના પરિણામે સારા મેળવણ માટે યોગ્ય પ્રકારના જીવાણુઓની શીશી મળે છે.

દહીં જામવામાં લૅક્ટોઝ ફરમેન્ટિંગ જીવાણુઓ લૅક્ટોઝનું લૅક્ટિક ઍસિડમાં રૂપાંતર કરે છે. લૅક્ટિક ઍસિડથી દૂધનાં અદ્રાવ્ય ખનિજદ્રવ્યો દ્રાવ્ય બને છે. વળી રિબોફ્લેવિન (વિટામિન બી-૨)નું પ્રમાણ સારું વધે છે. થોડું થાઈમિન (વિટામિન બી-૧) વધે છે; પણ નિકોટિનિક ઍસિડનું પ્રમાણ ઘણું ઘટે છે. દહીંમાં વિટામિન 'બી' જૂથમાંથી માત્ર વિટામિન બી-૧૨ નથી હોતું. દહીંના લૅક્ટિક જીવાણુઓથી નીચલા આંતરડામાં અમ્લતાની સ્થિતિ થવાથી કૅલ્શ્યમ અને ફૉસ્ફરસની કણી પડવાથી આ ખનિજ દ્રવ્યોનું મોટું પ્રમાણ આવી મળે છે.

સરસ જામેલા દહીંની સપાટી એકસરખી લીસી અને ચળકતી હોય છે. તેમાં ઉપર મલાઈ અને બાકીનો ભાગ એકરસ દહીંનો હોય છે. કાપેલા દહીંની ધારો તરડો અને વાયુના પરપોટા વિનાની હોય છે. આવા ઘટ્ટ જામેલા દહીંને 'ખબડા જેવું' કહે છે. એની મજાની મીઠી સોડમ હોય છે. મેળવણ સારું ન હોય કે દૂધ ગરમ કર્યા વિના મેળવ્યું હોય તો લૅક્ટિક ઍસિડ બેસિલાઇ ને બેસિલાઇ બલ્ગેરિસ સિવાયના બીજા જીવાણુઓના હાજરીથી દહીં લીસું, તાંત જેવું, વાયુના પરપોટાવાળું, નીચે પાણી ને ઉપર દહીંના પૂડા જેવું જામે છે. એનાં સ્વાદ અને ગંધ અપ્રિય લાગે છે.

મધુર, ખાટું અને અત્યંત ખાટું, આવા દહીંના ત્રણ પ્રકાર મહર્ષિ સુશ્રુત ગણાવે છે; તો ભાવમિશ્રે મંદ (કંઇક ઘટ્ટ), સ્વાદુ (ઘટ્ટ, મધુર ને અસ્ફુટ ખટાશવાળું), સ્વાદ્વમ્લ (ઘટ્ટ, મીઠું ને તુરાશને મળતું), અમ્લ (ખાટું) અને અત્યમ્લ (ઘણું ખાટું) આવા પાંચ પ્રકાર વર્ણવ્યા છે.

દહીં એ શ્રેષ્ઠ રક્ષણાત્મક ખાદ્ય છે. એમાં વિટામિનો સહિત દૂધના બધા ઘટકો છે. દહીંની ખટાશથી દૂધનાં વિટામિનો અને ખનિજદ્રવ્યો જળવાય છે. દહીંનાં ખબડાં પાણીથી ભાંગ્યા બાદ તે દૂધના કરતાં પણ સહેલાઈથી પચે છે. જેમને દૂધ ભાવતું કે પચતું ન હોય તેમના માટે દહીં ઉત્તમ છે. તે ઠંડું, તાઝગીદાતા તેમજ થોડુંઘણું સારક પણ છે. દહીંનું લૅક્ટિક ઍસિડ આંતરડાંમાં ઝેરી જીવાણુઓની વૃદ્ધિ અટકાવવા ઉપરાંત આંતરડાંના સડાનું શમન પણ કરે છે. સંગ્રહણી, આન્ત્રવિષ સંચાર આંત્રક્ષય વગેરે આંતરડાંના રોગોમાં દહીં અમૃતતુલ્ય છે. બીજા પ્રકારની ખટાશ શુક્રકોપોનો નાશ કરે છે જ્યારે ખાટું અને મીઠું દહીં તેને પુષ્ટ કરે છે. અપચો, કબજિયાત, અજીર્ણ, કલેજામાં દાહ, શરીર પીળું પડવું અને જલ્દી બુઢાપો આણનારા રોગો સામે દહીં વાપરવાની ડૉ. મૅકનિકૉફની ખાસ સલાહ છે. દહીંમાં મધ નાખી પીવાથી શરીરનાં બળ ને કાંતિ ઘણાં વધે છે. તે શરીર ઉપર ચોળી નહાવાથી ચામડીની કુમાશ વધી વાન સુધરે છે. ટૂંકામાં દહીં ખાવાથી સ્વાદ, સુપાચન, પોષણ, આરોગ્ય અને દીર્ઘાયુ સાથે બળ મળે છે. આવા એના ગુણોને લીધે મૅકૅરિસન લખે છે: 'જ્યાં મુખ્ય ખોરાક તરીકે દહીં છૂટથી ખવાતું હોય ત્યાં લોકો સશક્ત અને દીર્ઘાયુ હોય છે.'

દહીં દીર્ઘાયુત્વ આપનારું હોવાનો ડૉ. મૅકનિકૉફનો દાવો છે. એમણે દહીંને દુનિયાનું અમૃત કહ્યું છે. એમના નિરીક્ષણમાં આવ્યું કે

૭ કરોડની વસતિવાળા જર્મનીમાં શતાયુ માનવીઓ માત્ર સો તો માત્ર અડધા કરોડની જનસંખ્યાવાળા બલ્ગેરિયામાં આવા પાંચ હજાર માનવીઓ હતા. આ દીર્ઘાયુત્વની તપાસમાં માલૂમ પડ્યું કે બલ્ગેરિયાવાસીઓના આહારમાં યોગર્ટ (દહીં) મુખ્યત્વે હતું. યોગર્ટથી અન્નમાર્ગની સફાઈ થવાથી તાજગી અને તાકાત ઉપરાંત દીર્ઘાયુત્વ પણ મળે છે. બલ્ગેરિયાવાસીઓના આ સુભાગ્યની સ્મૃતિમાં તેમણે યોગર્ટ પેદા કરનાર જીવાણુઓનું નામ બેસિલસ બલ્ગેરિસ રાખ્યું.

દહીં સ્નિગ્ધ, ઉષ્ણવીર્ય, વીર્ય વધારનાર, બળ આપનાર ને માંગલિક છે. ગાયનું દહીં વિપાકમાં મધુર, અગ્નિને પ્રદીપ્ત કરનાર; બળ વધારનાર, પવિત્ર અને રુચિકારક છે. ભેંસનું દહીં વિપાકમાં મધુર અને વીર્ય વધારનાર છે. બધા દહીંમાં ગાયના દહીંને ઉત્કૃષ્ટ ગુણોવાળું સમજવું. (સુશ્રુત, સૂત્રસ્થાન ૪૫: ૬૦-૬૮). દહીં દસ્તને રોકનાર છે; અતિસાર, અરુચિ, ને દુબળાપણા ઉપર ઘણું ઉપયોગી છે (ભાવમિશ્ર).

ખોરાકમાં પ્રોટીન વધારે હોય કે તે કોઇ કારણસર પચ્યો ન હોય ત્યારે તેનો શોષાયા વિનાનો ભાગ આંતરડાંના પ્રોટિયોલાઇટિક જીવાણુઓથી વિપાક પામીને પેદા થએલાં ઝેર શરીર માટે નુકસાનકારક નીવડે છે. આ સ્થિતિમાં દહીં ઝેરનું શમન કરે છે. ઉપરાંત, આંતરડાંમાં પ્રોટિયોલાઇટિક જીવાણુઓ સંખ્યામાં વધતાં પણ અટકે છે. ડૉ. ચંદ્ર ચક્રવર્તી લખે છે 'માંસ મચ્છી કે ઈંડાંના આહાર પછી દરેક જણે થોડું દહીં ખાવું ફાયદાકારક, આનંદદાયી અને લાભદાયી છે.' પરંપરાગત જ્ઞાન મુજબ વિયાયા પછી અઢી મહિના સુધી ગાયના દૂધનું દહીં દુષ્પાચ્ય, તે પછી મધ્યમ શ્રેણીનું તથા સગર્ભાવસ્થાનું હલકું ગણાય છે.

આપણા પ્રાચીન આહારશાસ્ત્રીઓએ શરદ ગ્રીષ્મ તથા વસંતઋતુમાં દહીં ખાવાની મનાઈ ફરમાવી છે, તો હેમંત શિશિર ને વર્ષામાં તે ખાવાની સલાહ આપી છે. ભાવમિશ્રે રાતના દહીં ખાવાની મના કરી છે. ખાવું હોય તો મગની દાળ, ઘી, સાકર, મધ કે આમળાં સાથે ખાવાની સલાહ આપી છે. વાગ્ભટ્ટ પણ રોજ દહીં ખાવાની ના કહે છે. દહીં સાથે મધ ખાવાથી દહીંના અવગુણો દૂર થાય છે.

એકલા દૂધ ઉપર નભનારા કોક યોગી કે રોગી હોય છે. દહીંનું પણ આવું સમજવું. ભૂદાનની પદયાત્રા વેળાએ રોજ દસ માઇલ પગપાળા ચાલતા આચાર્યશ્રી વિનોબા ભાવે છ મહિના સુધી માત્ર રોજના બશેર દહીં ઉપર રહ્યા હોવાનું જાણીતું છે. અમેરિકી લોકો હજુ દૂધ પીવાનું વધારે પસંદ કરે છે, પણ શરીરની કાંતિ સુધારવા અને મહાન હોવાની લાગણી અનુભવવા એક આગેવાન દુગ્ધાલયે વધુ દહીં ખાવાની ઝુંબેશ અમેરિકાભરમાં વ્યાપક બનાવી છે.

મધ્યપૂર્વ, રૂમાનિયા, રશિયા અને મધ્ય યુરોપમાં ખાટું દૂધ લોકપ્રિય પીણું છે. આ માટે ગાય કે ભેંસ સિવાયનાં બીજાં ઢોરનાં દૂધ વપરાય છે. તુર્કીનું યોગર્ટ, ઇજિપ્તનું લેબેન, આર્મેનિયાનું માઝુમ, નૉર્વેનું ટાટે ને જર્મનીનું માયા આ બધી દહીં જેવી દૂધની પેદાશો છે. ઘોડીના દૂધમાંથી બનાવેલું કુમીસ અને બકરી ને ઘેટીના દૂધમાંથી બનેલાં કેફીર, યીસ્ટ વતી જમાવેલાં હોઈ તેમાં ઘણા પ્રમાણમાં આલ્કોહોલ હોય છે.

પાણી નીતારેલા દહીંમાં ખાંડ ભેળવી બનાવેલો શીખંડ પચવામાં ભારે છે. દૂધનો પરિપાક મધુર છે, પણ દહીં, બાસુંદી, માવા ને શીખંડનો પરિપાક આમ્લિક છે.

દહીંનો વપરાશ ખાવામાં કે ઘી બનાવવા માટે છાશ બનાવવામાં છે. ઘીના ઉત્પાદનમાં લસ્સી એ આડપેદાશ છે. ઉત્તર હિંદ અને પંજાબમાં દહીંમાંથી લસ્સી બનાવાય છે. ત્યાં છીછરા માટીના કૂંડામાં દહીં જમાવાય છે. કાપી શકાય એવા સરસ તાજા જામેલા દહીંને સંચાવતી વલોવ્યા બાદ એમાં દૂધ પાણી ખાંડ મીઠું ને ગુલાબજળ તથા ઉપર થોડી મલાઈ નાખવામાં આવે છે. વધારાંમાં ઝીણાં સમારેલાં બદામપિસ્તાં ભભરાવાય છે. આ પોષણદાતા પીણું ઉનાળામાં લહેજત અને ઠંડક આપે છે. બારેમાસ પીવાય એવી લસ્સીનો ગુજરાતમાં વ્યાપક પ્રચાર થવો જોઇએ.

દૂધ દહીં છાશ માખણ ને ઘી એ પૃથ્વીપટનાં પંચામૃતો છે. આ બધાં દ્રવ્યો રુચિકર અગ્નિદીપક વૃષ્ય સ્નિગ્ધ બલપ્રદ ને બૃંહણ છે. પ્રચલિત માન્યતા મુજબ ગાયનું દૂધ વાયડું નથી, ને દહીં ઠંડું નથી પણ ગરમ છે. વળી ઉપરનાં પાંચે દ્રવ્યોમાં દહીં મંગલકારી લેખાય છે. ફળોમાં નાળિયેરની જેમ પ્રવાહીખાદ્યોમાં દહીં શુકનવંતું ગણાય છે. આ તેના ખટમધુરા સ્વાદ, ખાદ્યપ્રાણ, પચનીયતા અને આંતરડાં ઉપરના શુભ ગુણોને જ આભારી હશે ને?

નક્કોરડો ઉપવાસ

(અનુસંધાન પૃષ્ઠ ૯૨થી)

એમ કહી સાધુએ બાને કૈંક પ્રાયશ્ચિત્ત આપ્યું, કાંઇ ધર્મક્રિયા કરવાની કહી. તે હું સમજતો નહતો, પણ બાના મનનું સાંત્વન થયું તેથી મારા મન પર દોષના ભયનો ભાર રહ્યો નહિ.

પછીની જિંદગીમાં કેટલાક ઉપવાસ કર્યા છે—પચ્ચખાણ લઇને અને લીધા વિના પણ કર્યા છે. તે બધું ખાસ સાંભરતું નથી; પણ મારો પહેલો નક્કોરડો ઉપવાસ મને બે વસ્તુઓ માટે યાદ રહી ગયો છે. એક તો એ વયે ભૂખથી થતી બેચેનીના અનુભવ માટે, અને બીજું પુત્રની શારીરિક તથા માનસિક બેચેનીના સાંત્વન માટે માતાની માયાએ કરેલા પ્રયોગો માટે.







ટિકિટસંગ્રહ

સ્વાતંત્ર્યના પ્રથમ વર્ષની પૂર્ણતાને નિમિત્તે નાઈજીરિયાએ બહાર પાડેલી ટિકિટો. ઉપરની પહેલી ટિકિટ પર નાઈજીરિયાના રાષ્ટ્રધ્વજ સાથે ઊડતા ગરુડનું આલેખન છે. તેની બાજુમાં રાષ્ટ્રધ્વજના રંગો (આજુબાજુ લીલો ને વચ્ચે સફેદ)માં ઊડતા ગરુડો દર્શાવ્યાં છે. નીચે મોટી ટિકિટ પર નાઈજીરિયાનું રાષ્ટ્રચિહ્ન છે: બે બાજુ બે શ્વેત અશ્વ, ઉપર વચ્ચે ગરુડ અને નીચે એમનું રાષ્ટ્રીય સૂત્ર 'યુનિટી ઍન્ડ ફેઈથ.' (મોકલનાર: ઐયુબ મન્સૂરી-કનો-નાઈજીરિયા.)

શ્રી હરિનારાયણ આચાર્ય ત્યારે 'અખાડો' વિભાગ ચલાવતા. તેમાંથી 'કુસ્તી' ને તેના વિવિધ પ્રકારો વિષે ઉતારીએ:

"બે જણા બાથંબાથા કરી એકબીજાને ગમે તે ઉપાયે જમીન પર પાડવા મથે એનું નામ 'કુસ્તી'. કેટલી સાદી અને સીધી વાત? છતાં આટલા સાદા પરિણામની ખાતર પ્રાચીનતમ કાળથી જગતના પ્રત્યેક દેશમાં કેટલા કેટલા ભારે જંગ ખેલાયા છે! એ પરિણામને લાવવા કેટલી યુક્તિપ્રયુક્તિઓ સધાઈ છે! સાડા ત્રણ હાથના મનુષ્યદેહની વિવિધ સમવિષમ પરિસ્થિતિઓ, અંગમરોડ અને ગતિસ્થિતિના સૂક્ષ્મ અવલોકનજન્ય દાવપેચબંદી રૂખતોડ વગેરેનું કેવું એક અદ્‌ભુત શાસ્ત્ર સર્જાયું છે! આજે પણ જગતભરમાં કુસ્તી વિવિધરૂપે વિદ્યમાન છે. એના મુખ્ય પ્રકાર જોઇએ.

૧) અંગ્રેજી પદ્ધતિ: એને વેસ્ટમોરલૅન્ડ ને કંબરલન્ડ કુસ્તી પણ કહે છે. ઇગ્લૅન્ડમાં પ્રાચીનતમ કાળથી જો કોઈ અવિચ્છિન્ન પરંપરા ચાલતી આવેલી હોય તો તે માત્ર આ કુસ્તી જ. એનું મહત્ત્વનું અંગ 'પેંતરો' છે. બંને હરીફો સામસામા ઊભા રહે. છાતીએ છાતી ભીડાવે. દાઢી હરીફના જમણા ખભા પર જમાવે. પછી બે હાથે પ્રતિસ્પર્ધીના શરીરને પીઠ પાછળ ચૂડ ભરાવી પકડે: ડાબો હાથ એના જમણા બાવડા ઉપર આવે એમ. જ્યારે બંનેમાંના એક પણ પહેલવાનનાં પગનાં તળિયાં સિવાય શરીરનો કોઈ પણ ભાગ (હાથ અને ઢીંચણ પણ) જમીનને અડકે ત્યારે એ 'ચિત' થયો ગણાય. આ સારુ દરેક જાતનો વાજબી દાવ લેવાની છૂટ. કુસ્તી ચાલે ત્યાં સુધી હાથની પકડ ચાલુ રાખવી પડે છે. દાવ કરતાં જેની પકડ છૂટી જાય એ ચિત થયો ગણાય.

૨) ફ્રેન્ચ પદ્ધતિ: યુરોપની 'ગ્રેકો-રોમન' કુસ્તી તે આ જ. આપણે ત્યાંની મણિપુરી 'ખડી કુસ્તી'ને મળતી. આમાં કેડ નીચે દાવ લેવાની મનાઇ હોય છે.બંને ખભા એકી વખતે જમીનને અડકે તો જ ચિત ગણાય.

૩) લૅંકેશાયર પદ્ધતિ: આને 'કૅચ-ઍઝ કૅચ-કૅન કુસ્તી કહે છે. આપણી પંજાબી કુસ્તીનો એ પાશ્ચાત્ય અવતાર. એમાં તમને ફાવે તેવો દાવ લો. પ્રતિબંધ માત્ર લંગોટ કે માથાના વાળ પકડવાનો. ચિત થવા બે ખભા ને એક થાપો કે બે થાપા અને એક ખભો, એમ પીઠનાં ત્રણ અંગ એકી વખતે જમીનને અડકવાં જ જોઇએ. આજે જગતભરમાં વ્યાપકરૂપે રમાતી કુસ્તી આ જ. હૅકેનસ્મીટ, ગૉક, ફ્રામૅર, બર્ન્સ, રોલર, ઝિબિસ્કો વગેરે મહારથીઓ આનો આશ્રય લઇને જ કીર્તિભાજ બન્યા છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

ફાગણ
૧૯૩૩
અંક
૧૫૯





૪) સાઈડહોલ્ડ પદ્ધતિ: આમાં આકર્ષક તત્ત્વ કશું જ નથી. હરીફો ચામડાના મજબૂત હાફકોટ પહેરીને કુસ્તી કરે છે. પકડ બે રીતે લેવાય છે: 'રાઈટ ઍન્ડ ઓવર' ને 'લેફ્ટ ઍન્ડ અન્ડર'. રાઈટ ઍન્ડ ઓવર એટલે હરીફના કોટને જમણા ખભા પાછળથી જમણા હાથે પકડી,એના જમણાહાથને ડાબાહાથે પકડવો. લેફ્ટ ઍન્ડ અન્ડર એટલે હરીફની ડાબી કેડ પાસેથી ડાબા હાથે પકડી એના ડાબા હાથને જમણા હાથથી પકડવો. આમાં લેફ્ટ ઍન્ડ અન્ડરની ઉપયોગિતા સ્પષ્ટ હોઈ પહેલી પકડ માટે સિક્કો ઉછાળાય છે. પેંતરો જમાવવા બંને હરીફો એકબીજાને 'પડખે' ઊભા રહે છે: સામી છાતીએ નહિ. શરૂઆતમાં લીધેલી પકડ કુસ્તી પૂરી થતાં સુધી રાખવી પડે છે. વચ્ચે છોડી દેનાર કે હાથ બદલનાર ચિત ગણાય છે. કોઈ પણ હરીફને જમીન પર ચત્તો નાખી, એના બંને ખભા જમીનને અડકાડવાથી ચિત કરાય.

૫) સ્વિસ પદ્ધતિ: આ કુસ્તીમાં હરીફો ચામડાના મજબૂત કમરપટાવાળી ટૂંકી ચડ્ડીઓ પહેરે છે. બંને હાથે કમરપટો પકડી હરીફને ઉથલાવી પાડી ચિત કરવાનું હોય છે. એ માટે ખભા ને થાપામાંથી કોઇ પણ બે અંગો જમીન પર અડકવાં જોઇએ. સાથેસાથે વિજયી હરીફે સામાના કમરપટા કે ચડ્ડીને એક હાથે પણ પકડી રાખેલી હોવી જોઇએ.

૬) કૉલર-ઍલ્બો પદ્ધતિ: એને 'સ્ક્વેર હોલ્ડ' કુસ્તી પણ કહે છે. મજબૂત કૉલર ને બાંયોવાળો કોટ પહેરી આ કુસ્તી ખેલાય છે. હરીફના ડાબા કાન આગળ જમણા હાથે અને જમણા કાન આગળ ડાબા હાથે કૉલરને પકડી પેંતરો જમાવે છે. બે ખભા અને એક થાપો અગર બે થાપા ને એક ખભો એકસાથે જમીનને અડે તો જ ચિત ગણાય. કૉલરને છોડી દેવો કે હાથ બદલવો એ પણ ચિત ગણાયછે.આયર્લૅન્ડ આ કુસ્તીનું માદર વતન.

૭) જાપાની પદ્ધતિ: આ કુસ્તીની વિચિત્રતા એ છે કે એમાં જેમ પહેલવાન વધુ વજનદાર તેમ એ વધારે નિષ્ણાત ગણાય! એમના લંગોટ એટલે મોટા ધાબળા કે પિછોડી આમળીને વીંટાળેલાં દોરડાં! આ પદ્ધતિમાં પ્રેક્ષણીય તત્ત્વ ઝાઝું નથી હોતું.

૮) બોર્નીઓની કુસ્તી: પૂરેપૂરી જંગલી મનાતી આ દેશની વસતિમાં કુસ્તીનો ભારે શોખ છે. એમની પદ્ધતિમાં હરીફને ધકેલી જમીન પર પાડવાથી ચિત ગણાય છે.

કુસ્તીનો ઇતિહાસ બહુ રસિક છે. આપણે ત્યાં જે કુસ્તી ચાલે છે તે પંજાબી પદ્ધતિ કહેવાય. એનું સંસ્કૃત નામ 'મલ્લવિદ્યા'. આપણા પ્રાચીન ગ્રંથોમાં મલ્લયુદ્ધના ભારે ગુણગાન થયાં છે. સર્વ વિદ્યાઓમાં પ્રધાન સ્થાન મલ્લવિદ્યાનું હતું. મહાભારતના વિરાટપર્વમાં ભીમ અને જય નામના મલ્લરાજના ભીષણ યુદ્ધનું અદ્‌ભુત વર્ણન છે. એ જોતાં, એ વખતે આ વિદ્યાના વિવિધ દાવની સંજ્ઞાઓ પણ જાણીતી હશે એમ સ્પષ્ટ દેખાય છે. આજે એ નામો ભુલાયાં છે. આજના અરોપ દાવ, કુસ્તીને લગતી સમગ્ર પરિભાષા ફારસી ભાષાની છે. આજે ચાલતી પ્રણાલિકામાં પણ ગુરુસ્થાને મુસલમાન ઉસ્તાદો જ છે. એટલે આજની આપણી કુસ્તી તુર્કસ્તાન-ઈરાનના રસ્તે મુસલમાનો અહીં લાવ્યા હશે અને આપણી વિદ્યા એમાં ભળી જઈ તિરોહિત થઈ હશે.

ઉચ્ચાલનના સિદ્ધાન્તના સૂક્ષ્મ જ્ઞાન વડે મનુષ્ય-શરીરને વિવિધ રીતે ફેરવવાનું તત્ત્વ જ કુસ્તીના મૂળમાં હોવાથી, દરેક પદ્ધતિના મુખ્ય દાવ તો એક જ પ્રકારના છે; પરંતુ એની વિવિધતામાં તો આપણી તોલે અન્ય કોઈ પણ દેશ આવી શકે તેમ નથી. આપણે ત્યાં દાવની સંખ્યા આશરે એક હજાર ગણાય છે! આ બધા યે દાવમાં પારંગત થવાની આશા રાખવી વ્યર્થ છે. તેમ એ બધું યે જાણવાની આવશ્યકતા અનિવાર્ય નથી. દરરોજના ઉપયોગમાં આવતા મહત્ત્વના દાવોની સિદ્ધિપૂર્વક, માત્ર એકબે કાતિલ દાવ પર જ સંપૂર્ણ સ્વામિત્વ મેળવવાનો પહેલવાની રિવાજ થઈ પડ્યો છે. આવા દાવ ખૂબ સૂક્ષ્મ બુદ્ધિથી નક્કી કરાએલા હોઈ એના બંધનમાં આવેલા પ્રતિસ્પર્ધીને પરાજય વિના છૂટવાની બારી જ નથી હોતી. સાથેસાથે એ દાવ લેવાની પ્રાથમિક ક્રિયા પણ અતિશય અટપટી ન હોવી જોઇએ. આપણે ત્યાં ગામા 'નમાજબંધ' દાવમાં અજોડ હતા. ગોરાંગોમાં જો સ્ટ્રેચરનો 'સવારી' દાવ, લ્યૂઇનો 'સ્ટ્રૅન્ગલ હોલ્ડ' (એ પરથી એનું નામ જ લ્યૂઈ 'સ્ટ્રૅન્ગલર') ફાંસી-

ગર-પડચું છે), ગૉકનો 'ટો હોલ્ડ' વગેરે દાવોની વાત જાણીતી છે.

મલ્લવિદ્યાનાં તીર્થધામ યુગેયુગે બદલાયાં છે. પ્રાચીન કાળમાં મથુરા અને વિરાટનગર મલ્લોના માનભંગનાં દ્વાર હતાં. એ નગરોમાં જીતી આવેલો મલ્લ ઇતિહાસને પાને કોઈક જ લખાયો હશે. મધ્યકાલીન યુગમાં મથુરા અને વિરાટનગરનું સ્થાન કાશીએ લીધું. શુદ્ધ આર્યવિદ્યાના ગૌરવનું છેલ્લું આશ્રયસ્થાન આ વારાણસી જ. ત્યાંથી પદચ્યુત થએલી મલ્લવિદ્યા મુસલમાન સલ્તનતના આશ્રયે દિલ્હીના પાયતખ્તમાં જઇને સ્થિર થઈ. કાળાંતરે દિલ્હીએ પણ નામ ખોવ્યું, એટલે આજે નજર લાહોર અને અમૃતસર ભણી ખેંચાય છે. પરદેશમાં આજે તો અમેરિકા કુશ્તીનું એકહથ્થુ સામ્રાજ્ય જમાવી બેઠું છે.

આપણા સમાજમાં 'અખાડો' પ્રાચીન કાળથી પવિત્રસ્થાન ગણાતો આવ્યો છે. એની મુલાયમ સ્વાસ્થ્યદાયક માટીમાં માત્ર ચડ્ડી-લંગોટ પહેરીને ઊતરવાનો રિવાજ છે. આપણે ત્યાં કુશ્તી વખતે ચડ્ડી લંગોટની પકડનો કે માથાના વાળ ખેંચવાનો પ્રતિબંધ નથી, છતાં શીખના ચોટલાને દાઢીને કે હિંદુની શિખાને હાથ લગાડી શકાતો નથી. ગળાના કે તાવીજ-ને તો કોઈની તાકાત નથી કે સ્પર્શ કરે.

માટીમાં રગદોળાવાનું યુરોપ અમેરિકાના વાતાવરણમાં પ્રતિકૂળ હોવાથી ત્યાં જમીન પર જાડાં ગાદલાં પાથરી તે પર કુશ્તી કરવાનો રિવાજ છે, અને પહેલવાનો રબ્બરના બૂટ પહેરીને કુશ્તી કરે છે. માથાના વાળ પકડવાની કે લંગોટ-ચડ્ડીની પકડ લેવાની ત્યાં મના છે, એટલે ઘણાખરાને માથે બાબરી અને પગે સુરવાલ તથા ચામડાનાં ઢીંચણિયાં બાંધેલાં હોય છે. માત્ર રશિયન તથા જર્મન પહેલવાનો માથું સફાચટ બોડું રાખે છે.

આપણે ત્યાં પીઠ જમીનને અડકે ન અડકે પણ લડનાર દાવ કરતાં ચત્તો ફરી ગયો એટલે 'ચિત' ગણાય છે. 'કૅચ-ઍઝ કૅચ કૅન'માં આવું નથી. એમાં ચિત ગણવા માટે પીઠનાં કોઈ પણ ત્રણ અંગ જમીનને અડકવાં જ જોઇએ. વળી આ સ્થિતિ બે સેકંડ સુધી રહે તો જ ચિત ગણાય. આપણે ત્યાં પ્રાચીન પ્રણાલિકાને અનુસરી એક જ કુશ્તીમાં હરીફાઇનો નિર્ણય કરવાનો સામાન્ય રિવાજ છે. પશ્ચિમમાં ત્રણ કુશ્તીમાં જે બે વખત જીતે તે વિજયી ગણાય છે. નિયત સમયમાં કોઈ પણ ચિત ન થાય તો લડવાની ઝડપ, દાવનું કૌશલ્ય, ચપળતા વગેરે ગુણોના તારતમ્યને લક્ષમાં રાખીને પણ વિ-જયનો નિર્ણય કરવાનો ત્યાં રિવાજ છે.

ઘરગથુ ઔષધ .... ૩] 'તુલસી'

તુલસીથી કોણ અપરિચિત હશે? સંસ્કૃતમાં એને 'સુલભા' કહી છે. વૃંદાવન એટલે તુલસીનું વન. તુલસી વિષ્ણુપ્રિયા છે. ભારતની જેમ ગ્રીકપ્રજાએ પણ તુલસીને પવિત્ર માન્યાં છે. એનું શાસ્ત્રીય નામ ઓસાઇમમ સૅક્ટમ (Ocimum Sanctum) સૅક્ટમ્ એટલે પવિત્ર. અંગ્રેજીમાં પણ તુલસીને 'હોલી બેઝિલ' કહે છે.

સુશ્રુત અને ચરકના કાળથી તુલસીનો ઔષધીય ઉપયોગ થતો આવ્યો છે. આયુર્વેદજ્ઞોએ તુલસીને તીખી, કડવી, ઉષ્ણવીર્ય, રૂક્ષ, લઘુ, રુચિકર, હૃદ્ય, દીપન, દાહ તથા પિત્ત કરનાર, કફ-વાત-હેડકી-ખાંસી-દમ-પડખાંની શૂળ-વિષ-કૃમિવિકાર-કુષ્ઠ-મૂત્રકૃચ્છ તથા રક્તવિકારનો નાશ કરનાર માની છે.

વિષમજ્વર ઉપર

તુલસી વિષમજ્વરનું એક ઉત્તમ ઔષધ છે. વિષમતા વાયુનું લક્ષણ છે. વિષમ-જ્વરમાં ટાઢ વાઈને તાવ આવે છે. શીત પણ વાયુનો ગુણ છે. તુલસી તીખી અને ઉષ્ણવીર્ય હોવાથી વાયુનું શમન કરે છે. ડૉ. દેસાઇએ પણ તુલસીના સ્વરસને જ્વરઘ્ન, વાતહર ને શીતહર માન્યો છે. વૈદ્યવર શાઙ્ગધરે વિષમજ્વર માટે સાવ સરલ પ્રયોગ બતાવ્યો છે. તુલસીના સ્વરસમાં કાળા મરીનું ચૂર્ણ મેળવીને પીવાથી વિષમ-જ્વર નષ્ટ થાય છે. તુલસીનાં પાંદડાને સ્વચ્છ કરી એક તોલો રસ કાઢી એમાં ૮ રતી મરીનું ચૂર્ણ મેળવી સવારસાંજ પીવો. 'વૈદ્યજીવન'ના કર્તા લોલિંબરાજે પણ વાત-રોગની ચિકિત્સામાં સો પ્રથમ તુલસીના સ્વરસનો જ પ્રયોગ બતાવ્યો છે. એમાં તુલસીના સ્વરસમાં મરીના ચૂર્ણ ઉપરાંત ઘી મેળવવાનું સૂચવ્યું છે. ચક્રધર (વિષ્ણુ) જેમ નિજ ભક્તોની મલિનતાનો નાશ કરે છે તેમ ઉપર્યુક્ત પ્રયોગ બલવાન વાયુનો નાશ કરે છે. આયુર્વેદની જાણીતી જ્વરઘ્ન ઔષધી ત્રિભુવનકીર્તિ રસને પણ તુલસીના જ રસની ભાવના આપવામાં આવે છે. વાતજ્વરની એ શીઘ્ર ફલદાયી ઔષધિ છે. તુલસીની એક જાતને અંગ્રેજીમાં 'મૉસ્કિવટો પ્લૅન્ટ' કહે છે. ટૂંકમાં આયુર્વેદજ્ઞોએ અને આધુનિકોએ તુલસીને વિષમજ્વર (મૅલેરિયા)નું ઉત્તમ ઔષધ માન્યું છે.

કફજ્વરમાં પણ તુલસીનો ઉપયોગ ફલપ્રદ છે. તુલસી કફનાશક છે. તીખી અને ઉષ્ણ હોઇ કાચા કફને પકવ કરે છે. રૂક્ષ હોઇ કફની ચીકાશનો નાશ કરે છે. લઘુ હોઈ કફની ગુરુતાને દૂર કરે છે. તથા કફને કારણે મંદ થઈ ગએલા જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે.

ખાંસી અને દમ ઉપર

ખાંસી અને દમમાં પણ તુલસીનો ઉપયોગ લાભદાયી છે. ખાંસીમાં કફને બહાર કાઢવાની ક્રિયા થતી હોય છે. એમાં પ્રાણવાયુ અને ઉદાનવાયુ પ્રકુપિત થઈને કફને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે. તુલસીની વાત અને કફ બંને પર શામક અસર થતી હોઇ ખાંસી અને દમમાં એ પ્રયોજાય છે. આચાર્ય ચરકે કફજન્ય ઉધરસમાં મધ સાથે તુલસીરસનું સેવન સૂચવ્યું છે. એક તોલો રસમાં ॰। તોલો મધ મેળવી સવાર-સાંજ એનું સેવન કરવું. બાળકોનાં કફ-શરદી માટેનો આ સસ્તો, સરળ, નિર્દોષ અને તે છતાં અતિ ઉત્તમ ઉપાય છે. ઉમર પ્રમાણે ઓછુંવધતું પ્રમાણ રાખવું. હેડકી ઉપડી હોય અને શમતી ન હોય ત્યારે તુલસીના એક તોલા રસમાં મરીનું ચૂર્ણ મેળવી પી જવાથી ફાયદો થશે.

અન્ય પ્રયોગો

દાઢમાં સણકા અને પીડા થતી હોય ત્યારે તુલસીને છૂંદી, અંદર કપૂરની કણી નાખી દાઢની પોલમાં મૂકવાથી ફાયદો થશે. બે તોલા તુલસીને લસોટી, એમાં લોદર અને ફટકડી ઉમેરી, ભમરી મધમાખી કે બીજા ઝેરી જંતુના ડંખથી આવેલા સોજા પર ચોપડવાથી સોજો ઊતરી જશે. કોઢ ઉપર તુલસીને લસોટીને ચોપડવાથી ફાયદો થાય છે. જોકે કોઢ દુઃસાધ્ય અને અસાધ્ય વ્યાધિ છે.

છેલ્લે, આચાર્ય ચરકે વિરુદ્ધ આહારના નિરૂપણમાં તુલસી ખાઈને ઉપર દૂધ પીવાથી કુષ્ઠ—કોઢ થવાનો ભય બતાવ્યો છે. તુલસી પોતે કુષ્ઠનાશક છે, પણ દૂધ સાથેનો એનો સંયોગ વિરુદ્ધ હોઇ રોગકારક છે. તુલસીનો ઉકાળો અને તુલસીવાળી ચા પીવી એ ચરકના મતે હિતાવહ નથી. ચરકનું વિધાન સંશોધનનો વિષય છે.

લાભશંકર ઠાકર

શતરંજ

લેખક · સુરેશ મોદી

મધ્યનો તબક્કો


શતરંજની રમત શરૂ કરવાની કેટલીક રીતો આપણે જોઈ ગયા. પણ મધ્ય ભાગની રમત એ એક એવો તબક્કો છે કે જેમાં રમનારની બુદ્ધિની કસોટી થાય છે. જુદાંજુદાં મ્હોરાંની વિવિધ ચાલને લક્ષમાં લઇને તેમને એકબીજાનો સૌથી વધુ સહકાર મળે તેવી સ્થિતિ લાવવા માટે રમનારને જે બુદ્ધિ કસવી પડે છે તેમાં જ શતરંજનો ખરો આનંદ સમાએલો છે.

મધ્યના તબક્કાની એ અગણિત પરિસ્થિતિઓ સર્જાવા છતાં અમુક ગણતરીઓ, અમુક યુક્તિઓ કે અમુક વ્યૂહો ફરીફરીને જુદાજુદા રૂપમાં જોવા મળે છે. શિખાઉ ખેલાડીના વ્યૂહમાં બેત્રણ ચાલનો વિચાર કરાયો હોય તો ઉસ્તાદની રમતમાં દસબાર ચાલની ગણતરી હોય, પણ એમાં મૂળભૂત સિદ્ધાંત ઘણીવાર એક જ હોય છે. શિખાઉ ખેલાડી પાસેથી જે યુક્તિથી વજીર કે હાથી મેળવી શકાય તે યુક્તિથી ઉસ્તાદો સાથેની રમતમાં ભલે એવો મોટો લાભ ન મળે, પણ તેથી એકાદ પ્યાદું કે છેવટ એકાદ મહત્ત્વના ખાનાનો કાબૂ તો મળે જ કે જે રમનારને જીતની નજીક લઈ જાય.

મધ્યના તબક્કામાં ફરીફરીને આવતા આવા વિચારો અને વ્યૂહો આપણે હવે વિચારીશું.

ફૉર્ક — Fork


એક મ્હોરું જ્યારે સામા પક્ષના બે કે વધુ મ્હોરાં પર હુમલો કરતું હોય, એટલે કે પોતાની પછીની ચાલમાં સામા પક્ષનાં મ્હોરાંને મારવાની ધમકી આપતું હોય તો તે એ મ્હોરાંને 'ફૉર્ક' કરે છે – સાણસામાં લે છે એમ કહેવાય. વધુ અસરકારક ફૉર્ક માટે એ જરૂરી છે કે હુમલો કરતું મ્હોરું ઓછી કિંમતનું હોય અને મરનાર મ્હોરાં એનાં કરતા વધુ કિંમતી હોય. જો કે ફૉર્ક તો દરેક મ્હોરાથી થઈ શકે. ફૉર્કનાં કેટલાંક ઉદાહરણો આપણે જોઇએ:




પ્યાદાના ફૉર્કના બે દાખલા. આમાં જમણી તરફના પ્યાદા માટે રક્ષણની જરૂર નથી પણ ડાબી બાજુના પ્યાદાને પીઠબળ આપવું પડશે.




ઘોડાના ફૉર્ક. જમણી તરફનો ઘોડો બંને સફેદ હાથી પર હુમલો કરી શકે તેમ છે. ડાબી તરફ રાજા, વજીર અને હાથી, ત્રણેને કાળો ઘોડો ધમકી આપે છે. આને 'ફૅમિલી ફૉર્ક' કહે છે.




હાથીનો ફૉર્ક. આમાં નીચેનો હાથી ઉપરના હાથીને પીઠબળ આપે છે તે જુઓ.



ઊંટનો ફૉર્ક. અહીં ઊંટને બદલે વજીર પણ આવો જ ફૉર્ક રચી શકે, પણ તેની અસર ન પડે કેમકે કાળાના હાથી એકબીજાની રક્ષા કરે છે, ને વજીર ગુમાવવા કરતાં ઊંટ ખોવો સારો.




વજીરનો ખરો ફૉર્ક.



માનવા જેવું કદાચ ન લાગે પણ રાજા યે ફૉર્ક કરી શકે છે એ જુઓ. બંને દાખલામાં સામો પક્ષ લાચાર છે.

પણ શતરંજની રમતમાં ઘોડામાં ફૉર્ક કદાચ સૌથી વધુ જોવા મળે છે. એ એની ચાલને આભારી છે. એનાં બે દૃષ્ટાંત જોઇએ:




અહીં સફેદ ઘોડો જો KB1 ઉપર જઈ શકે તો તે રાજા, વજીર અને હાથી ઉપર એક સામટો હુમલો કરી શકે. (ફૅમિલી ફૉર્કનો દાખલો.) પણ તે ખાના ઉપર કાળાનો કાબૂ છે. એ કાબૂ હઠાવવા એણે KN 2 ઉપરનું કાળું પ્યાદું ખસેડવું જ રહ્યું. તે કેમ થાય છે તે જુઓ:

1 Q×P, P×Q; 2 N–B 6 ch.

કાળા રાજાને શેહ આપી. હવે રાજા શેહમાંથી બહાર નીકળે એટલે 3 N×Q. પરિણામે સફેદને એક પ્યાદું મળ્યું, કાળાના પ્યાદાની સ્થિતિ ખરાબ થઈ ને તેના રાજાનો કિલ્લો પણ તૂટયો. આટલો ફાયદો જીતવા માટે પૂરતો છે.

હવે એક વધુ અઘરું ઉદાહરણ જોઇએ:



અહીં કાળો ઘોડો કયાંયે ફૉર્ક બેસાડી શકે એમ લાગે છે? હવે જુઓ કાળો ખેલાડી કેવી ઊંડી ચાલ રમીને ઘોડાની સ્થિતિનો લાભ લે છે.

1..., KR×B.

2 R×R, Q×P.

3 P×Q, B×P ch.

હાથી અને વજીરનો ભોગ આપવા પાછળની કાળાની ચાલ જોઈ? હજી જુઓ:

4 K–N 1, N–B 6 ch.

આ ફૉર્કથી સફેદ હાથી તો મળશે, પણ પોતાના વજીરનો ભોગ આપવા માટે એ કારણ બસ નથી. એની ચાલ તો હજી આથી યે ઊંડી છે. જુઓ:

5 K–R1, B–N 7 ch.

6 K×B, N×R ch.

7 K–any, N×Q.

જોયું? હવે જીત કાળાની જ છે.

જો સફેદનો હાથી KR 1 ઉપર હોય તો છેલ્લો ફૉર્ક ન થઈ શકત. તેથી પહેલી ચાલે ઊંટના બદલામાં હાથીનો ભોગ આપ્યો હતો.

ગયા અંકમાં શતરંજના હપતામાં પૃષ્ઠ ૬૩ પર વચ્ચેના કૉલમમાં નીચેથી ૧૬મી લીટીમાં 'અહીં 8...,P–K4થી કાળાને (સફેદને નહિ) પ્યાદું મળતું'...એમ જોઈએ. એ જ પૅરામાં 11 N–K4 છે તે 11 N–R4 જોઇએ.



આ પૃથ્વીરથ જાય રણકતો, ગગનપથે અવિરામ,
વિસ્મયની ઝરમરની વર્ષા ફાગુન આઠો જામ;
વિરાટના ઘન નીલ કુસુમ પર તારક નવ ઋતુ-કુંજે.
ચલ મન નિત નવ નવ ઋતુ-કુંજે.

(મકરન્દ દવે)



ઝિબ્રા

પોતાની આગવી વિશિષ્ટતાથી કુતૂહલ પ્રેરતા પ્રાણીઓમાં ઝિબ્રા પણ ગણાય. ઘોડાં ને ગધેડાં જેવું આ પ્રાણી માત્ર આફ્રિકામાં જ થાય છે અને પોતાના શરીરપરના ચટાપટાથી તદ્દન અલગ તરી આવે છે.

એબિસીનિયા, સોમાલિલૅન્ડ અને ઉત્તર કેન્યાના ખુલ્લા પ્રદેશોમાં એની એક મોટી જાત થાય છે. ૪।।–૫ ફૂટ ઊંચી આ જાતને પહોળા કાન અને શરીર પરના પટ્ટા પગ તરફ જતાં કંઈક સાંકડા હોય છે. ધોળા પેટવાળી ગ્રેવીઝ ઝિબ્રા નામની એક જાત પણ આ તરફ થાય છે.

આથી કંઈક નાની, સુદૃઢ અને ગળા પાસે સાસના જેવી ઢીલી ચામડી વાળી એની એક જાત કૅપ કૉલોનીના ખડકાળ પ્રદેશમાં થતી. રગ અને ઘરમાં પહેરવાની સપાટો વગેરે માટે એનું ચામડું મેળવવા અને એની ગુચ્છાદાર પૂછડીમાંથી ઝાટકણી બનાવવા સારુ એનો જે સંહાર ચાલેલો તેને પરિણામે હવે એ જાત જ આખી નાબૂદ થઈ ગઇ છે. ઘોડાના જેવી પૂછડીવાળી પણ એક જાત દ. આફ્રિકામાં થાય છે. કડક કેશવાળી, બહુ ઓછા પટ્ટા અને વાને બદામી રંગનાં ઝિબ્રા પણ હવે આવા જ સંહારને કારણે તદ્દન ખલાસ થઇ ગયાં છે. આ ઉપરાંત પણ સ્થળભેદે ઓછાવત્તા તફાવતવાળી એની જુદીજુદી જાતો થતી હતી. એમાંથી બહુ ઓછાં હત્રે તો રહ્યાં હશે. ટૂંકામાં ઉત્તરોત્તર આ પ્રાણીની સંખ્યા હવે ઘટતી જાય છે.

ગધેડાં કે ઘોડાં પેઠે ઝિબ્રાને હેળવી શકાતાં નથી. પ્રેમ કે ભયની એના પર કંઇ અસર નથી પડતી. બંધનાવસ્થામાં એમનું જણતર પણ અટકી જાય છે. પણ મુક્ત હોય તો એને બારેક માસની ગર્ભાવસ્થા પછી બચ્ચું જન્મે છે. એ વખતે બચ્ચાને ખભાથી તે છેક પૂછડી સુધી કેશવાળી હોય છે. 'યુનો'ની સહાયથી પૃથ્વી પરનાં નષ્ટપ્રાય: થતાં જતાં જે પ્રાણીઓ ને રક્ષવાની ઝુંબેશ હમણાં ચાલી છે તેમાં આ ઝિબ્રાનો પણ સમાવેશ થાય છે.

પ્રો૦ મોહનલાલ પાર્વતીશંકર દવે: પાંચ પેઢીની સાહિત્યસેવા

સતત પાંચ પેઢી સુધી વિદ્યાવ્યાસંગ અને કાવ્યરચના-પ્રીતિ પાંગરતી રહી હોય એવાં કુટુંબો ગુજરાતમાં ગણ્યાંગાંઠ્યાં હશે. એમાંનું એક કુટુંબ તે સુરતના વિદ્વાન પ્રાધ્યાપક મોહનલાલ પાર્વતીશંકર દવેનું. કવિ નર્મદના સાથી, એમના 'પાંચ દદ્દા'માંના એક મિત્ર, તે દિનમણિશંકર શાસ્ત્રી. એમનાં સુપુત્રી ઇંદિરાગૌરીની કૂખે બાળક મોહનનો તા. ૨૦મી એપ્રિલ ૧૮૮૩ને દિને સુરતમાં જન્મ થયો હતો. દિનમણિશંકર શાસ્ત્રીની સંસ્કૃત વિદ્વત્તા પશ્ચિમના જગત સુધી પ્રસરેલી. એમને પ્રો. મૅક્સમૂલર સાથે મૈત્રી હતી, અને તેણે અંગ્રેજીમાં લખેલા 'સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ'ની પ્રત, પોતાની સહી સાથે શાસ્ત્રીજીને ભેટ આપેલી, તેની યાદ અને ઝાંખી હજી બાળક મોહનને છે.

એ બાળક મોહન આજે તો અઠ્ઠોતેર વર્ષના વૃદ્ધ છે. આજે પણ એ કહે છે કે હું ઘણી યે વાર નિશાળમાં ડાબા હાથનો પહેલો નંબર રહેતો! ઇન્ટરમાં આવ્યો ત્યાં સુધી કૉલેજની પરીક્ષાઓમાં પહેલો અને બીજો વર્ગ આવે છે તેની યે મને ખબર નહિ! ઈન્ટરમાં બીજો વર્ગ આવ્યા પછી ૧૯૦૫માં એમ. એ. પણ બીજા વર્ગમાં થયા અને પછી સંસ્કૃતના પ્રાધ્યાપક બન્યા. વચમાં એલએલ. બી. પણ થઈ ગયા. ૧૯૨૦થી ૧૯૩૬ સુધી સુરતની કૉલેજમાં અને ૧૯૩૭થી ૧૯૪૦ સુધી એમણે મુંબાઈની ખાલસા કૉલેજમાં સંસ્કૃત શીખવ્યું.

એમનું લગ્ન ઇ.સ. ૧૮૯૮માં, ગુજરાતના જાણીતા વૈયાકરણી વિદ્વાન કેળવણીકાર અને સાહિત્ય પરિષદના (ભાવનગર) પ્રમુખ રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનાં પુત્રી દમનબહેન સાથે થયું હતું. સંસારમાં દુર્લભ એવો શ્રી અને સરસ્વતીનો યોગ એમને લાધ્યો છે. એમના પિતા રા. બ. પાર્વતીશંકર મણિશંકર દવે ભરૂચની હાઇસ્કૂલમાં આચાર્ય હતા.

કૉલેજમાં જોડાયા પહેલાંથી એઓ લેખક છે. ૧૯૦૮થી એમણે 'વસન્ત', 'બુદ્ધિપ્રકાશ' વગેરેમાં લખવા માંડેલું. પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ હમણાં દવે સાહેબને માનપત્ર આપવાના સમારંભને પ્રમુખસ્થાનેથી કહેલું કે, દવે સાહેબને હું નિશાળમાંથી ઓળખતો. આનંદશંકર અને નરસિંહરાવની પેઢીના આજે એઓ જ એકમાત્ર સાક્ષર છે.



દવે સાહેબ વર્ષો સુધી મુંબાઇ વિદ્યાપીઠના સભ્ય, એની સંસ્કૃત સમિતિના સભ્ય, એમ.એ. સુધી પરીક્ષક, સુરત કેન્દ્રના વડા પરીક્ષાનિરીક્ષક ને ગુજરાતી સાહિત્યમંડળના (આજની 'નર્મદ સાહિત્ય સભા'ના) પ્રમુખ, કેળવણી મંડળના ઉપપ્રમુખ, રાષ્ટ્રભાષા પ્રચારક મંડળના ઉપપ્રમુખ, સેવામંડળના મંત્રી, ટાગોર શતાબ્દી સમિતિના પ્રમુખ અને નર્મદ શતાબ્દી સમિતિના કર્ણધાર રહ્યા છે. સુરતમાં એક વીશી

એવી ગઈ, કે જે દરમ્યાન લગભગ પ્રત્યેક સાંસ્કૃતિક પ્રવૃત્તિના સુકાની દવે સાહેબ જ હોય એમણે બારેક ગ્રન્થો ગુજરાતી સાહિત્યને આપ્યા છે. એમાં વિવેચકોને મતે, 'લૅન્ડૉરના કાલ્પનિક સંવાદો'નું ભાષાંતર (બે ભાગ), ચિંતામણિ વૈદ્ય કૃત 'મહાભારત'નું ભાષાંતર તેમજ મૅકડોનલ્ડ કૃત 'સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ' ઉત્તમ કોટિનાં પુસ્તકો છે. એ ઉપરાંત, 'લૅન્ડૉરની જીવનકથા', 'વીરપૂજા', 'સાહિત્યકલા', 'વિવેચન', 'કાવ્યકળા', 'તરંગ', 'રસપાન' અને 'સંસ્કાર' મળી એકંદરે બાર પુસ્તકો એમણે લખ્યાં છે.

દવે સાહેબનાં ત્રણ પુત્રીમાં જ્યેષ્ઠ જયમનબહેન પાઠકજી જાણીતાં કવયિત્રી છે; વચલાં પુત્રી ચંદ્રિકાબહેન અંગ્રેજી કન્યાશાળા મહિલા વિદ્યાલયનાં આચાર્ય છે; નાનાં પુત્રી મંદાકિનીબહેન અધ્યાપિકા છે. મોટા જમાઇ સદ્ગત વ્યોમેશચન્દ્ર પાઠકજી એક ચતુર વાર્તાલાપી પ્રાધ્યાપક અને લેખક હતા. બીજા જમાઈ શ્રી પ્રમોદચન્દ્ર પાઠકજી નાટ્ય-કલાકાર છે, ને દૌહિત્રી રજનીબહેન પાઠકજી કૉલેજમાં સંસ્કૃતનાં પ્રાધ્યાપિકા છે. દવે સાહેબના પત્નીભ્રાતા આચાર્ય અતિસુખશંકર ત્રિવેદી તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક અને લેખક છે અને ભાણેજ ઈન્દુકાંત ત્રિવેદી વેરાવળની સોમનાથ કૉલેજમાં આચાર્ય છે. આમ માતામહ દિનમણિશંકર શાસ્ત્રી અને આચાર્ય પિતાથી માંડી માતૃપક્ષે, શ્વસુર પક્ષે, ને સ્વપક્ષે પાંચ પેઢી સુધી એમના પરિવારમાં સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, કાવ્ય અને ગુજરાતી સાહિત્યનો પ્રેમ એકધારો પાંગરતો રહ્યો છે.

દવે સાહેબ સુરતની નાગરી સંસ્કારિતાના પ્રતિનિધિ જેવા છે. આજે યે એઓ, આંખ નબળી છે છતાં, વાંચ્યા વિના નથી રહી શકતા; લખ્યા પણ કરે છે. 'ગુજરાતમિત્ર' અઠવાડિકમાં એમણે દિનમણિશંકર શાસ્ત્રીનાં જીવન અને કાર્ય વિષે તેમજ વેદાંતને સ્પર્શતી 'જગતના નાથનો ન્યાય' નામે લેખમાળાઓ લખી હતી. એમનો વિદ્યાપ્રેમ અને સાહિત્યનિષ્ઠા આ વયે પણ અનન્ય છે. એમની પ્રેરણાથી એમનાં પુત્રીઓએ સુરતના રાષ્ટ્રભાષા પ્રચારક મંડળને પંદરેક હજાર રૂપિયાનું દાન આપ્યું છે ને એમાંથી હવે ત્રીસેક હજારનું મકાન અને વીસેક હજારનાં પુસ્તકો મળી, અરધા લાખનું, સુરતના મધ્યસ્થ લત્તામાં, 'પ્રો. મોહનલાલ પા. દવે પુસ્તકાલય' ઊભું થયું છે. એનો લાભ સેંકડો વાચકો લે છે. આ પુસ્તકાલયનું ઉદ્ઘાટન, દવે સાહેબને માનપત્ર-અર્પણ અને એમના તૈલચિત્રનું અનાવરણ તા. ૨૮ જાન્યુઆરીએ સુરતમાં પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને હસ્તે થયું હતું. ૧૯૫૧માં એમનાં પત્ની દમનબહેનનો સ્વર્ગવાસ થયો તે પછી એમના સ્મરણાર્થે આપેલા દાનમાંથી પારિતોષિકો અને ધાર્મિક વ્યાખ્યાનો યોજાય છે.

દવે સાહેબ પાસે જેઓ शाकुन्तल કે उत्तरराम चरित શીખ્યા છે તેઓ એમની જ્ઞાનપ્રદાનશક્તિ પર મુગ્ધ થયા છે. આજે યે એમના જ્ઞાનપ્રદાન, વક્તૃત્વશક્તિ ને લેખિનીમાં ઓજસ, માધુર્ય, જુસ્સો અને રસપ્રવાહિતા રહ્યાં છે. સુરતના એ બુઝુર્ગ અને સમ્માનિત સાક્ષરવર્ય છે; જ્ઞાન અને શ્રીમંતાઈ છતાં ખૂબ જ નિરભિમાન ને વત્સલ છે. સુરતમાં એમણે એક પચીસી સુધી સાંસ્કૃતિક સેવા આપી છે; લેખનકાર્ય તો પંચાવન વર્ષથી કરતા જ રહે છે. આટલી વયે પણ એમને સભાઓમાં જતાં, વાંચતાં, વ્યાખ્યાન આપતાં, વાત કરતાં, કે દાદરે ચડતા જોઇએ તો જુવાન જેવા જ લાગે. એક બે ફૂલકાં, વાડકી દહીં ને ચા પર દિવસ વીતાવી, સ્ફૂર્તિ અને ઉત્સાહ દાખવી રહેલા દવે સાહેબની એ બધી સંપત્તિ, એ મનોબળ અને એ સાહિત્યનિષ્ઠા કાયમ રહો, એમને સંપૂર્ણ આરોગ્ય મળો અને એઓ દીર્ઘાયુ ભોગવો.

—વલ્લભદાસ અક્કડ



પ્રો. મોહનલાલ પાર્વતીશંકર દવેનો પરિવાર (ઈ. ૧૯૫૦)
પાછળ ઊભેલાં: કુ. રજનીબહેન પાઠકજી (દૌહિત્રી) તથા કુ. મંદાકિનીબહેન દવે (કનિષ્ઠ પુત્રી); બેઠેલાં-ડાબી બાજુથી: (૧) વચલાં પુત્રી સૌ. ચન્દ્રિકાબહેન પાઠકજી (૨) પ્રો. મોહનલાલ દવે (૩) ચિ. અતુલ પ્રમોદચન્દ્ર પાઠકજી–દૌહિત્ર (૪) સૌ. દમનબહેન મોહનલાલ દવે (૫) શ્રી જયમનબહેન વ્યોમેશચન્દ્ર પાઠકજી (જ્યેષ્ઠ પુત્રી)

શ્રી પ્રવીણચંદ્ર ગાંધી

ગુજરાતનાં વાણિજ્ય, વ્યાપાર અને ઉદ્યોગ સાથે વર્ષોથી સંકળાએલા ને તેના પ્રશ્નોના નિવારણથી સુમાહિતગાર એવા શ્રી પ્રવીણચંદ્ર



વી. ગાંધી હમણાં હિન્દી વેપારી મંડળના પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયા છે. ભારતીય બૅન્કોમાં અગ્રણી સ્થાન ધરાવતી દેવકરણ નાનજી બૅન્કિંગ કં. લિ.ના તેઓ મૅનેજિંગ ડિરેક્ટર છે ને તેના સંસ્થાપક શ્રી પ્રાણલાલ દેવકરણ નાનજીના કુશળ માર્ગદર્શન હેઠળ નાની વયથી જ ઘડતર પામીને આજે આપણા વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રે નોંધપાત્ર સેવાઓ તે આપી રહ્યા છે. નવી દિલ્હીના 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રી'ની કાર્યવાહી સમિતિમાં પણ તેઓ સભ્ય છે.

માત્ર ૩૯ વર્ષની વયે એમને હિન્દી વેપારી મંડળનું પ્રમુખપદ પ્રાપ્ત થયું એ એમની કાર્યસૂઝ, ધગશ અને ખંતનું સ્પષ્ટ ઉદાહરણ છે. બૅન્કિંગ ક્ષેત્રે પણ વ્યવસ્થિત અભ્યાસની જરૂર છે ને એ દિશામાં રિઝર્વ બૅંક ઑવ ઇન્ડિયાની એકમાત્ર બૅન્કર્સ ટ્રેઇનિંગ કૉલેજનો પ્રારંભ થયો છે. રિઝર્વ બૅંકની ટ્રેનિંગ કૉલેજની સલાહકાર સમિતિમાં પણ તેઓ સભ્ય છે. વધુમાં 'મુંબઈ સ્ટેટ ફાઇનૅન્શિયલ કૉર્પોરેશન' અને 'ગુજરાત સ્ટેટ ફાઇનૅન્શિયલ કૉર્પોરેશનના તેઓ ડિરેક્ટર છે અને સ્વદેશી લીગ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી છે. સ્વાભાવિક રીતે જ બૅન્કિંગ તેમનો પ્રથમ રસનો વિષય હોવા છતાં, તેઓ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ નિષ્ઠાપૂર્વક રસ ધરાવે છે, એટલું જ નહિ પણ એ ક્ષેત્રોમાં કાર્ય કરતી વિવિધ સંસ્થાઓની જુદીજુદી સમિતિઓમાં પણ તેઓ નિમાય છે.

ઈ. સ. ૧૯૨૨માં જન્મેલા આ યુવાન છતાં અનુભવે પીઢ અને સંસ્કારી સજ્જને ૧૯૫૬માં ઇંગ્લંડ ને યુરોપ તથા ૧૯૫૮માં અમેરિકા અને જાપાનનો પ્રવાસ ખેડીને ત્યાંની આધુનિક બૅન્કિંગ પદ્ધતિઓનું જ્ઞાન મેળવી તેને આપણે ત્યાં અમલી બનાવવાના પ્રશસ્ય પ્રયત્નો કર્યા છે. થોડાં વર્ષોમાં વધુ કાર્ય કરીને એમણે પોતાની પ્રતિભાની પ્રતીતિ કરાવી છે ને આજે ભારતીય વાણિજ્ય, વ્યાપાર અને ઉદ્યોગનાં વર્તુલોમાં પોતાનું સ્થાન તથા તેના નવઘડતરમાં પોતાનો ફાળો એમણે નિશ્ચિત કરી દીધાં છે.

ટપાલપદ્ધતિનો વિકાસ

અતિવિસ્તૃત મહારાજ્યોના સુગમ વહીવટ માટે ઝડપી સંદેશવ્યવહારની વ્યવસ્થા અને સંચાલન આવશ્યક જ નહિ અનિવાર્ય છે. ચીનના મોટા રાજ્યમાં આથી છેક બે હજાર વર્ષ પૂર્વે ટપાલખાતા જેવી વ્યવસ્થા હતી. લગભગ દરેક અગત્યના ગામ વચ્ચે નિયમિત રીતે રાજ્યના સંદેશવાહકો દોડતા. રાજદરબારના સમાચારો અને આજ્ઞાઓ રાજ્યમાં બધે પહોંચાડવા સમાચારપત્ર જેવું એક પત્ર પણ નિયમિતપણે આખા સામ્રાજ્યમાં વહેંચાતું. પાછળથી એ રાજ્ય હસ્તકનું વર્તમાનપત્ર બની ગએલું, તે છેક હમણાં વીસેક વર્ષ પર જ એનું પ્રકાશન બંધ થયું છે.

બાઈબલમાંનાં લખાણો પરથી જણાય છે કે પૅલેસ્ટાઈનના યહૂદીઓએ પણ આવી વ્યવસ્થા સ્થાપી હતી. એ જ રીતે ઇજિપ્તના ફેરાઓએ પણ પોતાની આગવી વ્યવસ્થા કરેલી. રોમનોએ પણ સરકારી કાગળોની લાવ-લઈજા માટે હલકારાઓની યોજના કરેલી. એમણે સ્થાપેલી વ્યવસ્થામાં તો દરેક સંદેશવાહકે રોજના કેટલા અંતરે પહોંચવું એનો પણ હિસાબ રાખેલો, ને ચુસ્તપણે તેનું પાલન થતું. અતિ અગત્યના સંદેશ માટે વાહનોની પણ વ્યવસ્થા હતી. રોમન સામ્રાજ્યના અંત સાથે આ વ્યવસ્થા પણ પાછળથી જોકે તેની ફરી સ્થાપના થએલી પણ તે અગાઉ જેટલી સુવ્યવસ્થિત નહિ.

અન્ય રાષ્ટ્રો પણ પછી પોતપોતાની જરૂરિયાત અને સૂઝ પ્રમાણેના સંદેશવ્યવહાર ચલાવતાં થયાં. આમાં ઈટલીએ તો લોકવહેવારમાં પણ તેનો અમલ કરેલો. એ માટે એણે ઠેરઠેર થાણાં નાખ્યાં તથા પ્રવાસ કરતા ઘોડા ને ગાડીઓ બદલવાની અને સંદેશવાહકો માટે ખાવાપીવા ને સૂવાની વ્યવસ્થાઓ પણ કરી. એ માટે કર પણ નંખાયા જે Augaria તરીકે ઓળખાતો. (આપણો 'આંગડિયા' શબ્દ આના પરથી તો નહિ આવ્યો હોય? એનું કાર્ય પણ ટપાલખાતા જેવું જ છે ને?) ભારતમાં પણ સંદેશવ્યવહાર માટે કોઇ ને કોઈ વ્યવસ્થા તો હતી જ. પણ એ બધાં વિષે પૂરતી માહિતી મળતી નથી. છેલ્લે શેરશાહે પોતાના ટૂંકા રાજ્યઅમલમાં પણ જે અનેક સુધારાઓ કરેલા તેમાં આ ટપાલની પદ્ધતિ પણ દાખલ કર્યાના ઉલ્લેખો છે.

પણ અગાઉના સંદેશવ્યવહારોની આ સગવડ માત્ર રાજ્યના ને અમલદારોના કામ પૂરતી જ મર્યાદિત રહેતી. આમ પ્રજાને એનો કોઈ લાભ નહોતો. એણે તો પોતાની અલગ રીતો યોજવી પડતી. મોટા વેપારીઓ પોતાના ખાસ ખેપિયાઓ મોકલતા અને બાકીની આમ પ્રજાનું ગાડું પ્રવાસ પર જતા-આવતા લોકો દ્વારા યા આવા સંદેશા કે ચીજવસ્તુની લાવ-લઈજા કરનારા ખાસ માણસો મારફત ગબડતું.

પણ અંતે તો કાલાનુક્રમે રાજ્યોએ ટપાલ જેવી સંદેશવ્યવહાર પદ્ધતિ લક્ષમાં લેવી જ પડી. મોકલવાના કાગળો કે ચીજવસ્તુનાં વજન તથા અંતર પ્રમાણે એના દર નક્કી થવા લાગ્યા. પૈસા ભર્યા બાબતની ચિઠ્ઠી પણ કાગળ કે ચીજ સાથે મોકલાવા માંડી. આમાંથી જ ટપાલની ટિકિટનો વિચાર વિકાસ પામ્યો. સત્તરમી સદીમાં આખા યુરોપને આવરી લેતી 'ટાસો' નામની એક પેઢી સ્થપાઈ હતી જેણે ઠેરઠેર પોતાની શાખાઓ સ્થાપીને તથા માણસો વગેરેની ગોઠવણ કરીને લગભગ ૩૦૦ વર્ષ સુધી પોતાનો વહીવટ ચલાવેલો, એટલું જ નહિ પણ યુદ્ધકાળમાં યે એણે પોતાની કામગીરી ચાલુ રાખેલી. ત્યાર બાદ આ પદ્ધતિ વિકસીને દુનિયાના બધા દેશોમાં ટપાલવ્યવસ્થા સ્થપાઈ ગઇ તેમજ જગતસમસ્તના વ્યવહારની સુગમતા ખાતર એના આંતરરાષ્ટ્રીય સંઘ 'પોસ્ટલ યુનિયન'ની પણ સ્થાપના થઈ. અને આજે તો ટપાલ આપણા જીવનમાં સમરસ થઈ ગઇ છે. —ર. મ. રા.

દેહ અને દહીં

માનવનાં બધાં ગાત્રો હાડકાં, માંસપેશીઓ, અંતઃબહિસ્રાવી ગ્રંથિઓ, મગજ, નાડીનળીઓ, લોહી, ચામ ને રસપટનું પાયાનું ઘટક કોષ(સેલ)છે. કોષના રાસાયણિક બંધારણમાં પ્રોટીન્સ અને વિટામિન 'બી' કૉમ્પ્લેક્સ અગત્યનાં છે. ધાન્યભોજનમાં તે જોઈતા પ્રમાણમાં હોતાં નથી અને ધાન્ય કરતાં પ્રાણીજન્ય પ્રોટીન્સ માનવદેહ વધુ સરળતાથી ગ્રહણ કરે છે, આથી અન્નાહારીઓ માટે સર્વસામાન્ય, પ્રાણીજ સંપૂર્ણ પોષક ખોરાક દૂધ એક જ વસ્તુ છે.

અને દૂધ કરતાં તેનું દહીં ઉત્તમ યોગ્ય આહાર બને છે, કારણ કે તે સુપાચ્ય છે અને તેમાં યીસ્ટ ઉમેરાય છે. દૂધનું દહીં ખમીર ઉત્પન્ન થવાથી થાય છે. તે લૅક્ટિક ઍસિડ ફર્મેન્ટેશન છે. આ યીસ્ટ વિટામિન 'બી' કૉમ્પ્લેક્સનું મૂળ સ્વરૂપ છે. વળી તે અમ્લ છે. આંતરડાંમાં જો અમ્લતા હોય તો પુટ્રીફેકશન કરનાર અને રોગોત્પાદક કીટાણુઓ રહી કે ઉછરી શકતા નથી; ઈન્ટેસ્ટાઇનલ-ટૉક્સીમિયા-આંત્રઆમદોષ વિકાર વૃદ્ધત્વનાં કારણોમાંનું એક મુખ્ય કારણ મનાય છે તે થતો નથી

न तक्रसेवी व्यथते कदाचित्। न तक्रदग्धाः प्रभवन्ति रोगाः॥

વૃદ્ધાવસ્થાનો પ્રોટીન-ભરપૂર ઉત્તમ ખોરાક અને દીર્ઘ જીવન માટેનું યોગ્ય રસાયણ દહીં છે. એ દહીં મેળવવાની પણ રીત છે:

ગાય, ભેંસ કે સેપરેટેડ દૂધ એક શેર લેવું. તેનું દહીં બનાવવા માટે નવટાંક દહીંનો પૂરો મેળવણ માટે લેવો. કાળી માટીનું રીઢું વાસણ અથવા કાચ, ચિનાઈ માટી કે કલાઇ કરેલું ધાતુનું વાસણ લેવું. દૂધને એક બે ઊભરા આવે એટલું ગરમ કરવું. તેને થાળીમાં રેડી ઠંડું પાડવું. મેળવણ માટેના દહીં-પૂડાના બે ભાગ કરવા. એક ભાગ મેળવવાના વાસણની અંદર ચારે બાજુએ અને તળિયે ચોપડવો, અને બાકીનો અરધો ભાગ ઠંડા થએલા દૂધમાં સારી રીતે ભેળવી દેવો, ત્યાર પછી એ દૂધને મેળવવા માટે વાસણમાં રેડવું અને ચોખ્ખું ઢાંકણ ઢાંકવું. એ ઢાંકણમાં અંદર હવા જાય તેવાં બે-ત્રણ કાણાં હોવાં જોઇએ. આ વાસણને કબાટમાં અંદર ગરમાવો મળે તેમ ગોઠવણ કરવી. ભરસાડની ગરમ રાખ મૂકી, તેમાં તે વાસણ મૂકવું. કબાટ બંધ રાખવું. બારથી ચૌદ કલાકે દહીં બરાબર જામે છે. આ જામેલા દહીંનું મંથન કરી મઠાનો આહાર કરવો. આનો ઉપયોગ સતત કરનાર નીરોગાવસ્થા પ્રાપ્ત કરે છે, તેની કાયા રક્તવર્ણી રહે છે. ને તે દીર્ઘાયુ ભોગવે છે.

પ્રોટીનપૂર્ણ આહારમાં પ્રાણીજન્ય પદાર્થો, ઇંડાં, માંસ, લીવર, વગેરે છે, અન્નાહારીઓ માટે પ્રોટીનપદાર્થોમાં અડદ, મગ, મઠ, ચોળા, ચણા, વાલ, વટાણા, તુવેર વગેરેનું છે. પરંતુ તે પ્રોટીનતત્ત્વ સુપાચ્ય અને ગ્રાહ્ય બને તે પ્રમાણે આહાર તરફ લક્ષ્ય આપવું જોઈએ. આ ધાન્યોનાં રેઢાં ફણગાવી તથા તેની દાળને વાટી ખમીર લાવી, ઢોકળાં, હાંડવો, પૂડા, વડાં, ગોટા વગેરે વાનીઓ બનાવવી સારી. તલ, મગફળી, કોપરું વગેરેના તેલ કાઢી લીધા પછીથી રહેલા ભાગમાં પ્રોટીન અને ક્ષાર વિપુલ પ્રમાણમાં હોય છે.

(ભિષગ્ભારતી) —એસ. એસ. દવે

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

વ્યક્તિ: ઍલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ

સ્વાતંત્ર્ય શતાબ્દી નિમિત્તે ઈ. સ. ૧૮૭૬માં ફિલાડેલ્ફિયામાં એક મોટું પ્રદર્શન યોજાયું હતું.



વકતૃત્વના એક યુવાન પ્રોફેસરે ત્યાં પોતાની એક શોધ રજૂ કરી હતી. દૂરથી બોલાએલા એ શબ્દો કોઈ નળી જેવા સાધનો વિના બીજા ભૂંગળામાં સ્પષ્ટપણે સાંભળી શકાય એવી એ શોધને ટેલિફોન નામ અપાયું.

એનો શોધક એ યુવાન પ્રોફેસર ઍલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ ઈ.સ. ૧૮૪૭ની ૩જી માર્ચે સ્કૉટલૅન્ડના એડિનબરઅ મુકામે જન્મેલો. દાકતર બની એ અમેરિકા ગયો અને ત્યાં બોસ્ટનમાં સ્થાયી થઈ ભાષણ માટેની તાલીમ આપવા લાગ્યો. બહેરાંઓને તાલીમ આપી શકે એવા શિક્ષકો પણ એણે તૈયાર કર્યા.

મનુષ્યની વાણીના જુદાજુદા અવાજો કેવી રીતે બનેલા છે તે સ્પષ્ટ રીતે જાણવા તેણે શરીરશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કર્યો. નવરાશના સમયમાં એ 'હારમોનિક ટેલિગ્રાફ' માટે સંશોધન કરતો. બેલને લાગ્યું કે જો ધાતુની પતરીના એક સમૂહને એવા જ બીજા સમૂહ સાથે તાર અને બૅટરીથી સાંકળવામાં આવે તો પ્રથમ સમૂહ પર પડતા અવાજનાં આંદોલનો જેવાં જ આંદોલનો સામા સમૂહમાં પણ થઇ શકે.

મનુષ્યના કાનના અભ્યાસ પરથી તેણે નિર્ણય કર્યો કે જેમ એનો પડદો હવાની ઘનતામાં થતા ફેરફાર પ્રમાણે ધ્રૂજે છે તેમ કોઇ પણ જાતનો અવાજ એકધારા પણ પ્રબળતામાં ફેરફારવાળા વિદ્યુત પ્રવાહ દ્વારા મોકલી શકાય. ૧૮૭૫માં એણે એ પ્રવાહને ઓછીવત્તી પ્રબળતાવાળો કેમ બનાવવો તે શોધી કાઢ્યું. જ્યારે તેના ટેલિગ્રાફ ઉપરની પતરી ચોંટી ગઇ ને તેનો મદદનીશ અકસ્માત બીજી પતરીના સમૂહને અડચો ત્યારે બેલે સાંભળવાના ભૂંગળામાં અવાજ સાંભળ્યો. પ્રયોગોથી એને વધુ સફળતા મળી. ટેલિફોનની એ પ્રાથમિક દશા હતી.

એ પછી તો ટેલિફોનમાં અનેક સુધારાવધારા થયા, એમાં બીજા વિજ્ઞાનીઓનો ફાળો પણ છે. એડિસને પણ તેમાં સક્રિય રસ લીધેલો. પછી તો બેલે વિજ્ઞાનના આ ક્ષેત્રમાં બીજી પણ કેટલીક શોધો કરી. પ્રકાશનાં મોજાં દ્વારા અવાજ લઈ જનાર ફોટોફોન પણ શોધ્યું. યાંત્રિક ઉડ્ડયનોને લગતા કેટલાક કોયડાઓ ઉકેલવામાં પણ એણે ફાળો આપ્યો. આ ઉપરાંત અનેક વિદ્વદ્મંડળોમાં ને સંસ્થાઓમાં પણ એણે સક્રિય રસ લીધેલો. નોવા સ્કૉટિયામાં બેડેક ખાતે પોતાના નિવાસસ્થાને જ ઈ.૧૯૨૨ના ઑગસ્ટની ૨જી એ એનું અવસાન થયું.

પ્રસંગ વિશેષ: અંગ્રેજોએ સુરત કબજે કર્યું. માર્ચ ૪, ઈ. સ. ૧૭૫૯

મક્કાનો દરવાજો, બંદર મુબારક-સુરત. હિન્દ બહારની એની ખ્યાતિ ઇતિહાસ જૂની છે. ઈ.સ. ૧૫૦માં ટૉલેમીએ એનો ઉલ્લેખ કર્યો છે. હિન્દુ રાજ, કુતુબુદ્દીનની ચડાઈ, ફિરોઝ તઘલખનો અમલ, ભીલોના હુમલા, વેપારી 'ગોપી'એ સાધેલો શહેરનો વિકાસ, બારબોસાએ કરેલાં વર્ણનોથી પ્રેરાઈ પોર્ચુગીઝોએ ચલાવેલી લૂંટફાટ, મિરઝાંઓની સત્તા અને એમને કાઢવા ખુદ અકબરે અહીં આવીને સ્થાપેલી મુઘલાઈ વગેરે અનેક છાયાપલટા એણે અનુભવ્યા છે. ઈ. ૧૬૦૮માં જહાંગીર પર જેમ્સ પહેલાનો પત્ર લઈ પ્રથમ અંગ્રેજી જહાજ અહીં આવ્યું. પોર્ચુગીઝોની દાદાગીરી સામે ધીરેધીરે એમણે પોતાની સ્થિતિ મજબૂત કરવા માંડી. જહાંગીર પાસે ત્રણ વર્ષ રહી સર થોમસ રોએ અંગ્રેજો માટે કેટલાક હક્કો મેળવ્યા. સુરતનો વૈભવ ત્યારે ઓર જ હતો. કોંકણ મલબાર જ નહિ, ઇરાન, અરબસ્તાન, લંકા ને છેક જાવા સુમાત્રાનાં વહાણો અહીં નાંગરતાં. અનેક સ્થળોની વણઝારો અહીં પડીપાથરી રહેતી. એની જાહોજલાલી એની વસતિ અને એની સીમા વધતી જતી હતી. સુરત ત્યારે 'સોનાની મૂરત' હતું.

ઔરંગઝેબના કાળમાં મુઘલાઇ નબળી પડવા લાગી. એનો લાભ લઈ શિવાજીએ અનેક વાર સુરત લૂંટ્યું. મરાઠાઓની સત્તા છેક એના કિલ્લાની દીવાલ સુધી વિસ્તરી આવી. પોતાની સ્થિતિ મજબૂત કરવા અંગ્રેજોએ લાગ સાધી મરાઠાઓની મંજૂરી લઈ સુરત પર ચડાઇ કરી અને ઇ.સ. ૧૭૫૯ની ૪થી માર્ચે શહેરનો કબજો લીધો. પણ મધ્ય અને પશ્ચિમ હિંદની રાજકીય અંધાધૂંધી તથા યુરોપનાં રાજ્યો વચ્ચેનાં વારંવારનાં યુદ્ધોને કારણે સુરતનું વહાણવટું ઘટી ગયું. બીજી બાજુ મુંબઈના વધતા જતા મહત્ત્વે સુરતનો વ્યાપાર અને વૈભવ પણ એ તરફ ઢાળી લીધો. બાકી હતું તે ૧૭૮૨માં ભયંકર તોફાને અને ૧૭૯૦માં કારમા દુકાળે ભાંગી નાખ્યું. અંગ્રેજ અમલમાં શાંતિ અને સ્થિરતા જળવાઈ રહી, સુરત રહ્યું, 'સોનાની મૂરત' ન રહી.

અથાણું

એક માણસે પોલીસ સ્ટેશને જઇને કહ્યું 'હમણાં બે કલાક પર મારું સોનાનું ઘડિયાળ ચોરાયાની જે ફરિયાદ મેં કરી હતી તે પાછી ખેંચી લઉં છું. એ ઘડિયાળ મારા કબાટમાં જ કપડાંમાં અટવાઈ ગયું હતું તે મળી આવ્યું છે. તસ્દી માફ કરશો.'

ઈન્સ્પેક્ટરે કહ્યું, 'તમે મોડા પડયા સાહેબ; અમે ક્યારનો ચોરને પકડી પાડયો છે!'

રંભા (કામવાળીને): અલી આ દાળ તો દાઝી ગઈ! મેં તને નહોતું કહ્યું કે ક્યારે ઊકળી રહે છે તેનું ધ્યાન રાખજે?

કામવાળી: મેં ધ્યાન તો રાખ્યું હતું બાઈ સાહેબ, બરોબર સાડાનવ ને પાંચ મિનિટ થઈ હતી ત્યારે.

પોલીસ જેની શોધમાં હતી એવા એક ભયંકર ગુનેગારની છ જુદાજુદા પ્રકારની છબિઓ કઢાવીને બધાં ગામોના પોલીસ સ્ટેશનો પર મોકલવામાં આવી હતી. થોડા દિવસ પછી એક નાના ગામના ફોજદારે સુપરિન્ટેન્ડેન્ટને તાર કર્યો: 'તમે જે છ બદમાશોની છબિઓ મોકલી હતી તેમાંના પાંચને તો પકડીને પૂરી દીધા છે. છઠ્ઠા પર ચાંપતો પહેરો રાખ્યો છે; ને તરતમાં જ ઝડપાઈ જશે.'

બલવંત: કેમ પ્રોફેસર! શો વિચાર કરો છો?

પ્રોફેસર: મેં એક ઘરાકને યાદદાસ્ત કેળવવાના બે પાઠો આપ્યા, પણ તે પૈસા આપતાં ભૂલી ગયો ને હું તેનું સરનામું ભૂલી ગયો છું.



'ગયે વર્ષે આપણે અહીં આવી ગયાં ત્યાર પછી આ કાંઈ ખાસ ઊંચું વધ્યું લાગતું નથી.'

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

સ્વીડિશ પત્રમિત્રો

દરેક સરનામામાં 'Sweden' ઉમેરી લેવું (64) Annbrit-Johnsson—15 (girl), Borgmastarplan-4 Gavle, View-card, Stamps, Films, (65) Eva-Rickman - 16 (girl), Kistinelvndsvagen-18 Malmo-V. Sport, Music, Dance; (66) Carin Palmer—15 (girl), Skegsallen-25Kungsabacka, Stamps, Music; (67) Ingbrit Karlsoon—15 (girl), Savenfersvagen 10B2 Hallafors, Animals; (68) Inga Patersson—15 (girl), Brul-17, Djurford Johannishus-Blekings, Stamps, Music, Films; (69) Ann-Christine Nillsen—14 (girl), Osbvgatan-4 H. V. Malme-S Music, Dance; (48) Amelie Sandstrom—16 (girl), Stjarnarp Eidsborg, Animals, Stamps;

ભાઈ ગિરીશ મોદી, અમદાવાદથી નીચેના પત્રમિત્રોનાં સરનામાં મોકલે છે. દરેક સરનામા નીચે 'જર્મની' ઉમેરવું.

જર્મન પત્રમિત્રો

(1) Helga Klenk—16 (f.), Nurnberg, Kreutzer Str 63–swimming, reading, opera; (2) Gabriele Friebe—18 (f.), Wettenhausen, Krs. Gunzburg, bei Reichard, Forster; theatre, dancing, travel, music; (3) Wiltrud Albert—17 (f.), Stadtbergen, bei Augsburg, Ulrichsiedlung 47, music, nature, stamps, painting; (4) Barbara Winkler—15 (f.), Bamberg, Untere Sand Str. 31, general interests; (5) Ursula Tuschy, —16 (f.), Munchen 27, Buschiugstr. 22, general interests; (6) Eleonor Oestert—18 (f.), Hilgen/Koln, Fritz Halvac Str. 1, general interests; (7) Waltraud Heigl—17 (f.), Rott/Inn, Haager Str. 18, postcards, music, swimming, reading; (8) Gerlinde Waloszek—16 (f.), Bamberg, Greiffenberg Str. 8 general interest; (9) Ingrid Schubert—16 (f.), Bamberg, Greiffenberg Str. 2, general interests; (10) Dorothea Linke—16 (f.), Zaisering/Obb., Post Rosenheim, history, politics, music, reading, sport; (11) Karin Thien—18 (f.), Essen, Ruhrallee 38, sports, music, postcards, art; (12) Gunther Jeworek—19 (m.), Stuttgart-S., Bohmisreute Weg 45, general interests; (13) Walter Luck—19 (m.), Worschweiler/Saar, Limbach Str. 11, general interests; (14) Herman L. Ochse—23 (m.), Koln, Baadenberger Str. 79, literature, travel, coins; (15) Johannes Muller—18 (m.), Wurzburg, Frobel Str. 40, general interests; (16) Fritz Steffers—15 (m.), Bethel/Bielefeld, Postfach 127, Schulerheim, stamps, swimming, photography; (17) Reinhold Wachter—16 (m.), Frickingen, Krs. Jeidenheim, stamps, sports.

(ચાલુ)

નમન નમન મેં ફેર છે, બ્હોત નમે નાદાન;
દગલબાજ દૂગા નમે, ચિત્તા ચોર કમાન.

કાશીમાં સ્વામી દયાનંદ સરસ્વતી એક વાર ફરવા નીકળ્યા હતા; ત્યાં રસ્તામાં જોયું તો વરસાદના કીચડમાં ફસાઈ ગએલા ગાડાના પૈડાને કાઢવા માટે એક ગરીબ ગાડાવાળો મથામણ કરતો હતો, ને કેટલાક લોકો દૂર રહ્યા તમાશો જોતા જોતા તેને પૈડું કાઢવાની જુદી-જુદી રીતો બતાવી રહ્યા હતા. કરુણાસાગર દયાનંદજીએ લાગલા જ બળદો છોડી નાખી ગાડાનું ધૂંસરું પોતાની ગરદન પર લઇને એવો જબ્બર આંચકો માર્યો કે ગાડું કીચડમાંથી બહાર આવીને ઊભું રહ્યું.

કહેવતોના અર્થ: 'નાક નીચું ને પેટ ઊંચું'. કોઈ લાભ લેવા ખાતર અપમાન ખમી લેવું, કેવળ પેટ ભરવા ખાતર યા સ્વાર્થ સાધવા માટે પ્રતિષ્ઠા હલકી પડે એવું કામ કરવું, નજીવા ફાયદા માટે હીણા પડવું, વગેરે માટે વપરાતી આ કહેવતનો બોધ સચોટ છે.

અનેકાર્થી શબ્દ: ઝેર=વિષ; દ્વેષ કે ઈર્ષ્યા; વેર; ક્રોધ; ફારસી લેખનમાં હ્રસ્વ ઇકાર માટેનું ચિહ્ન; ઊંચી જગ્યા કે બેઠકની ધાર; બળીને રાખ થઈ ગએલું; હલકું.

ખોટી માન્યતા: કૉફી પીવાથી ઊંઘ ઊડી જાય છે એ માન્યતા ખોટી છે.





તાજેતરમાં બહાર પડેલી ભારત અને પાકિસ્તાનની ટિકિટોના રદ્દીકરણ માટેની, તે તે ટિકિટોના વિષયને અનુરૂપ આલેખનવાળી છાપો.

૧થી અમુક અંક સુધીના સળંગ આંકડાનો સરવાળો કરવો હોય તો એક સહેલી રીત: દા. ત. ૧ થી ૧૨ સુધીના અંકનો કરવો છે–

$૧૨ \times \frac{૧૨}{૨} + \frac{૧૨}{૨} = ૭૨ + ૬ = ૭૮$ જવાબ

બીજો દાખલો ૧ થી ૧૦૦ સુધીનાનો લો:

$૧૦૦ \times \frac{૧૦૦}{૨} + \frac{૧૦૦}{૨} = ૧૦૦ \times ૫૦ + ૫૦$

$= ૫૦૦૦ + ૫૦ = ૫૦૫૦$ જવાબ

દુનિયામાં સૌથી ઝડપે ઊગતું ઝાડ યુકૅલિપ્ટસનું છે. એ રોજ છ ઇંચ વધે છે.

આપણે તમન્નાઓમાં રાચતા હોઇએ છીએ, પણ તપસ્યામાં જીવતા નથી હોતા.

ન્યાયાધીશે એક સાક્ષીની જુબાની વિષે શંકા બતાવી, તે સાંભળી એ બોલ્યો: 'નામદાર, મેં જે કહ્યું છે તે તદ્દન સાચું જ કહ્યું છે. હું એક નાનપણથી સત્યને વરેલો છું.'

'એમ?' ન્યાયાધીશે મુખ મલકાવી કહ્યું, 'તો પછી કોર્ટે એમ માનવું કે હવે તમે વિધુર થયા છો?'

ખુરશીઓના ઢીલા પડી ગએલા નેતરને પહેલાં ઉપરથી અને પછી તળેથી સાબુવાળા ગરમ પાણી વડે ખૂબ ઘસીને ધૂઓ અને પછી ખુલ્લામાં સુકાવા દો. નેતર કડક થઇ રહેશે.



આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીની જન્મશતાબ્દી-૪થી માર્ચે ભારતે બહાર પાડેલી ટિકિટ



બહુરૂપી બ્રિટન (જૉન હડલસ્ટન)

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૯૯થી

ડિસેમ્બર અંકમાં રસિક કથાઓ ને પૌરુષના હુંકારભરી કવિતાઓના વિખ્યાત લેખક રડિયાર્ડ કિપ્લિંગની જીવનઝરમર વાંચતાં અમેરિકાના શ્રી આર્થર ગૉર્ડને કેટલાક માસ પૂર્વે 'રીડર્સ ડાઇજેસ્ટ'માં આલેખેલી કિપ્લિંગ સાથેની મુલાકાત યાદ આવી. ઈ.૧૯૩૫માં ગૉર્ડન ઑક્સફર્ડ ખાતે પોતાનો અભ્યાસ પૂરો કરવા આવેલા. તેમને સાહિત્યક્ષેત્રે ઝંપલાવવાની ખ્વાયેશ હતી પરંતુ દ્વિધામાં હોઈ માર્ગદર્શન મેળવવા કિપ્લિંગની મુલાકાતે તેના ગ્રામનિવાસસ્થાને ગયા હતા. એ મુલાકાત પ્રેરણાપ્રદ હોઈ એમાંથી નીચેનું અવતરણ ટાંકુ છું:

મોટા સમચોરસ ખંડની બન્ને બાજુઓ પર પુસ્તકો ભરેલાં કબાટો હતાં, એક બાજુએ તેમનું આસન, મેજ અને તેના પર કલમો પડી હતી. તાપણાના ગોખની સામે પડેલા સોફાને બતાવતાં કિપ્લિંગે કહ્યું અહીં આડો પડી હું અવાજની પ્રતીક્ષા કરું છું. 'અવાજ?'

'પ્રેરણાની–અંતરના અવાજની. તમારે એને જે નામ આપવું હોય તે આપી શકો છો.'

'તમને હરવખત એ સંભળાય છે?'

'ના, હરવખત નહિ; પરંતુ ઘણા સમયથી હું શીખ્યો છું કે આવા અવાજની રાહ જોવી ઉત્તમ છે. એવો અવાજ ન ઊઠતો હોય તો એનો અર્થ એ કે કુદરતની સલાહ નથી.'

અમે ઘણી વાતો કરી—ના, 'એમણે' ઘણી વાતો કરી, અને મેં એ બધું મારા સ્મૃતિપટમાં સમાવવા પ્રયાસ કર્યો, એમ કહેવું વધુ યોગ્ય થશે. નગદ સત્યો સચોટ શૈલીમાં કહેવાની તેમની શી છટા હતી! એક વેળા તેમણે કહ્યું 'જો તમારામાં અનેરો તરવરાટ કે બુદ્ધિમત્તા હશે તો તમારી એ શક્તિનો સ્વાર્થ ખાતર લાભ લેનારા ઘણા નીકળશે; પરંતુ આવી જળો પ્રત્યે દુર્લક્ષ કરવામાં જ ડહાપણ છે.

અમે મૈત્રીનો વિષય ચર્ચતા હતા તે દરમિયાન કિપ્લિંગે કહ્યું: ઊગતી ઉમર દરમિયાનની દોસ્તી સર્વોત્તમ હોય છે; અને તે નભે છે પણ લાંબો સમય. તારુણ્યનો તરવરાટ કોઈ પણ સમર્પણ માટેનો સંકોચ રહેવા નથી દેતો. ઝાઝો વિચાર કર્યા વિના તમે અંતરની ઉષ્મા, સમર્થન અને સહાનુભૂતિની વૃષ્ટિ કરી શકો છો... પરંતુ ઉમર વધતી જાય તેમ માણસ આ બધું આપવા પ્રેરાય તો પણ તોળી તોળીને.


મારે સમજવા જેવું તેમણે મને ઘણું સમજાવી દીધું એમ મેં કહેતાં તેઓ બોલ્યા: 'એ તો અન્યોન્ય છે. તમે મને આટલું ધ્યાન દઈ સાંભળો છો એનું કાંઈ નહિ?' વિચાર કરતાં મને લાગ્યું કે હું જાણ્યે-અજાણ્યે સર્વ સ્થિતિમાં સુખ અનુભવતો અને સહુકોઇને સુખનો અનુભવ કરાવવાની ઉત્કંઠાવાળો જુવાન હતો. મારા આ ગુણોને વળગી રહેવાનું કિપ્લિંગે પોતાની વાતો દરમિયાન જુદાજુદા શબ્દો દ્વારા સૂચન કર્યું હતું થોડીથોડી વારે તેઓ પાછા એ જ વિષય પર આવતા: 'વ્યક્તિએ પોતાની માન્યતાને અનુકૂળ નહિ એવી બહોળી સંખ્યાનો હમેશા સામનો કરવાનો રહ્યો જ છે. પોતાના વ્યક્તિત્વને માન્યતાને જાળવી રાખવી કે તદનુસારનું વર્તન કરવું એ એક કપરી કામગીરી છે. આમ કરતા ક્યારેક તમે એકલા પડી જવાના. ક્યારેક લોકો ગભરાવે પણ ખરા. પરંતુ પોતાનું વ્યક્તિત્વ કે માન્યતા ટકાવી રાખવા માટે જે કાંઈ ભોગ દેવા પડે તે ઓછા જ છે.'

સંધ્યાના ઓળા આકાશમાં ધીમે ધીમે ઊતરી રહ્યા હોઈ હું તેમની રજા લઇ ઑક્સફર્ડ જવા ઊઠ્યો. મને હું જે સલાહ લેવા માટે તેમની પાસે આવ્યો હતો તેની યાદ આવી, પરંતુ હવે મારે તે વિષે પૂછવાપણું રહેતું હતું જ ક્યાં? 'તમને જે કાંઈ કરવાનું દિલ થાય તે બેધડક કરો. એમ કરવામાં વળી સાનુકૂળ સંજોગોની રાહ જોવાની ન હોય... અંતરમાંથી અવાજ ઊઠતો ન હોય તો સમજવું કે કુદરત તમારી પાસે તે કામ કરાવવા નથી ઈચ્છતી... પોતાનું વ્યક્તિત્વ કે માન્યતા ટકાવવા જે કાંઈ ભોગ દેવા પડે તે ઓછા જ છે... એ એમના શબ્દો મારા કાનમાં રણકતા હતા.

(મુંબાઇ) —હીરાલાલ ધ. મહેતા



આજથી લગભગ ત્રણ વર્ષ પર, ઈ. ૧૯૫૯ના મે માસની ૧૪મીથી જર્મનીના એસ્સેન શહેરમાં, જગતભરના અગ્રણી પોલાદ-ઉદ્યોગપતિ અને ક્રપ્સના જંગી કારખાનાના માલિકના આશ્રયથી '૫૦૦૦ વર્ષની ભારતીય કળા' એ નામે એક મોટું પ્રદર્શન ભરાએલું જે લાગટ સાડાચાર માસ સુધી, સપ્ટેમ્બરની ૩૦મી તારીખ સુધી ચાલેલું, અને કેવળ જર્મની જ નહિ પણ અન્ય દેશોના કળારસિકો અને સંસ્કારિચ્છુ સ્ત્રીપુરુષોને એણે મુગ્ધ કરી મૂકેલા. યુરોપ તેમજ ભારતનાં પણ સંગ્રહસ્થાનોમાંથી જે ચુનંદાં કલારત્નો તેમાં રજૂ થએલાં તે પૈકીની આ સૂર્યની મૂર્તિ ઓરિસ્સાના વિખ્યાત કોણાર્કના મંદિરનું સુશ્રેષ્ઠ શિલ્પ છે. માથે કિરીટ પ્રકારનો મુકુટ ધારણ કરેલી પ્રસન્ન મુદ્રાવાળી એ શાસ્ત્રોક્ત મૂર્તિના તળ ભાગમાં સૂર્યના વાહનરૂપ સાત અશ્વોનું નિરૂપણ છે. તેના પગ તેજયુક્ત (અસ્પષ્ટ) આલેખવામાં આવ્યા છે. બંને બાજુ ઢાલ અને તલવારવાળા દંડ અને પિંગલ (બે પાર્શ્વદો) છે. સૂર્યના બંને હાથમાં કમલ છે (જે તૂટી ગયા છે), તેમજ શિર પાછળના પરિકરની પણ બંને બાજુ બે મોટાં કમળ છે; બે પડખેના ગોખમાં ગંગા અને યમુના છે. સૂર્યની મૂર્તિનાં અનેક સ્વરૂપ હોય છે; પણ તેને ઓળખવાની સામાન્ય નિશાનીઓમાં સાત અશ્વનો એક ચક્રવાળો રથ, તેજયુક્ત (અસ્પષ્ટ) પગ, બે હાથમાં યા બે બાજુ કમળ, પગ વિનાનો અર્ધદેહી સારથિ અરુણ, અને બંને બાજુએ દંડ તથા પિંગળ આટલું હોય છે. ઘણી વાર બે હાથમાં કમળને બદલે વિવિધ આયુધો પણ હોય છે.



સૂર્ય (કોણાર્ક મંદિર · ઓરિસ્સા · આઠમી સદી)



કાશ્મીરા

ફોટો · અચ્યુત ચિનુભાઈ (બૅરોનેટ)